મહર્ષિ દયાનંદ

જીવનચરિત્ર

ભાવેશ મેરજા



મહર્ષિ દયાનંદ સરસ્વતીની દ્વિતીય જન્મ શતાબ્દી તથા
આર્યસમાજ સ્થાપનાની સાર્ધ શતાબ્દીની
ઉજવણીના ભાગ રૂપે
વિશેષ પ્રકાશન

મહર્ષિ દયાનંદ

ભાવેશ મેરજા

: પ્રકાશક :

આર્યસમાજ

ત્રણ હાટડી શેરી,
ટંકારા, જિ. મોરબી
૩૬૩૬૫૦

મહર્ષિ દયાનંદ
(**Maharshi Dayananda** - a biography in Gujarati, authored by Bhavesh Merja)

લેખક : ભાવેશ મેરજા

આવૃત્તિ :
પ્રથમ : ૧૩,૦૦૦ પ્રત, ડિસેમ્બર ૨૦૨૩, કારતક સંવત ૨૦૮૦.
મહર્ષિ દયાનંદ સરસ્વતીની દ્વિતીય જન્મ શતાબ્દી તથા આર્યસમાજ સ્થાપનાની સાર્ધ શતાબ્દીની ઉજવણીના ભાગ રૂપે વિશેષ પ્રકાશન

કિંમત :
રૂ. ૨૫

પ્રકાશક :
આર્યસમાજ, ત્રણ હાટડી શેરી,
ટંકારા, જિ. મોરબી,
૩૬૩૬૫૦,
મો. ૮૯૮૦૮૦૮૦૭૧.

મુદ્રક : રાજ ઓફસેટ, ૧૧ પુનાજી એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે,
ધોબીઘાટ, દૂધેશ્વર, અમદાવાદ. ફોન : ૯૯૨૫૭૯૧૯૦૨

ભૂમિકા

મહર્ષિ દયાનંદ સરસ્વતીના આ નાનકડા જીવનચરિત્રમાં તેમના જીવનની કેટલીક મહત્ત્વપૂર્ણ ઘટનાઓ, યાત્રાઓ, કાર્યો, ઉપદેશો તથા સૂક્તિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. મહર્ષિજી ગુજરાતના સપૂત હતા એ ગુજરાત માટે ગર્વની વાત છે. પરંતુ ગુજરાતમાં તેમના વિશે જાણનારાઓની સંખ્યા બહુ જ અલ્પ છે. બહુ જ ઓછા ગુજરાતીઓ તેમનાં જીવન, ચિંતન, કાર્યો અને યોગદાનથી પરિચિત છે. મહર્ષિજીનું આ નાનકડું ગુજરાતી જીવનચરિત્ર કેટલાક વધુ લોકોને મહર્ષિજી વિશે પરિચિત થવામાં મદદરૂપ થશે એ હેતુથી તેનું લેખન તથા પ્રકાશન કરવામાં આવ્યું છે.

સ્વામીજીએ ટંકારામાં જન્મ લીધો, મથુરામાં દંડી સ્વામી વિરજાનંદનાં ચરણોમાં બેસીને શાસ્ત્ર-અધ્યયન કર્યું અને અજમેરમાં દેહ છોડ્યો. બાવીસમાં વર્ષે ઘર છોડ્યા બાદ તેમણે રાજકોટ અને હાલમાં પાકિસ્તાનમાં આવેલા મુલતાન અને રાવળપિંડીથી લઈને કલકત્તા સુધી અને હિમાલયનાં ઉત્તુંગ શિખરોથી લઈને પૂના પાસે આવેલા સાતારા નગર સુધી વિસ્તૃત ભ્રમણ કર્યું હતું. જીવનનાં છેલ્લાં પાંત્રીસ વર્ષોમાં તેમણે અગણિત સ્થાનોનો પ્રવાસ કર્યો, અનેકાનેક વિદ્વાનો અને યોગીજનોનો સત્સંગ કર્યો, અનેકાનેક પંડિતો, મૌલવીઓ, પાદરીઓ તથા જૈન વગેરે મતમતાંતરોના ધર્માચાર્યો સાથે વિચારવિમર્શ અને શાસ્ત્રાર્થો કર્યા, ન જાણે કેટકેટલા વિષયો પર તેમણે ભાષણો અને વ્યાખ્યાનો કર્યાં, કેટકેટલા રાજા-મહારાજાઓ, વિદેશી શાસકવર્ગના અધિકારીઓ તથા સમાજની વિશિષ્ટ વ્યક્તિઓ સાથે તેમણે સંવાદો કર્યા. માનવજીવનના ઉત્કર્ષને લગતા લગભગ તમામ મહત્ત્વપૂર્ણ વિષયો પર તેમણે વેદ-આધારિત નિશ્ચયાત્મક ચિંતન આપ્યું છે અને એ માટે તેમણે કઠોર પરિશ્રમ કર્યો છે. તેમનાં ઋષિત્વ, વૈદુષ્ય અને વાક્પટુતાની માફક તેમની દયા, કરુણા અને માનવજાતિના કલ્યાણની કામના પણ અદ્ભુત અને અસાધારણ હતાં. આથી તેમના આ તમામ આયામોનો સમાવેશ કરતું અને તેમના કર્મઠ અને સંઘર્ષપૂર્ણ જીવન અને કાર્યોનું વિશદ વર્ણન કરતું જીવનચરિત્ર તો હજારો પાનાંમાં આલેખવું પડે; અને ઉર્દૂ, હિંદી તથા

અંગ્રેજીમાં એવાં બૃહદ્ જીવનચરિત્રો લખાયાં પણ છે, અને ભવિષ્યમાં પણ લખાતાં જ રહેશે. પરંતુ અહીં આ નાનકડા પુસ્તકમાં વાચકોને તેમના જીવન અને સંદેશની એક ઝાંખી થઈ શકે એવો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મહર્ષિજીના જન્મને બસો વર્ષ થઈ રહ્યાં છે. કેન્દ્રીય સરકારના સંસ્કૃતિ મંત્રાલયે મહર્ષિજીની દ્વિતીય જન્મ શતાબ્દી વર્ષને 'જ્ઞાન જ્યોતિ પર્વ' રૂપે ઉજવવાની ઘોષણા કરી છે, જેનો શુભારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ દિલ્હીમાં આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં કરવામાં આવ્યો છે. મહર્ષિજી દ્વારા પ્રવર્તિત આર્યસમાજ પણ આ નિમિત્તે ઠેર ઠેર અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યો છે. ૨૦૨૫માં આર્યસમાજની સ્થાપનાને દોઢસો વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. આથી આ બે-ત્રણ વર્ષ દરમિયાન મહર્ષિજી, આર્યસમાજ તથા વૈદિક ધર્મ વિશે અધિકાધિક લોકોને જાણકારી પ્રાપ્ત થઈ શકે એ દિશામાં વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નોમાં આ નાનકડું જીવનચરિત્ર પણ ઉપયોગી સિદ્ધ થશે એ આશાથી તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

આ જીવનચરિત્ર પૂરા મનોયોગ, ચિવટ અને સાધુ-ભાવથી લખવામાં આવ્યું છે. છતાંય અલ્પજ્ઞતા કે અસાવધાનીને લીધે આમાં ક્યાંય કોઈ વિસંગતતા કે ભૂલ-ચૂક રહી ગયેલી જણાય તો સુજ્ઞ વાચકોને વિનંતી છે કે એ બાબતે આપ સંદર્ભ અને પ્રમાણ-સહિત અમારું ધ્યાન અવશ્ય દોરશો કે જેથી આગામી આવૃત્તિમાં યથાયોગ્ય સંશોધન થઈ શકે.

આશા છે કે મહર્ષિજીના અનુયાયીઓ તથા આર્યસમાજના સદસ્યો આ પુસ્તકને વધુમાં વધુ જિજ્ઞાસુ વાચકો સુધી પહોંચાડી પોતાની પવિત્ર ફરજનું પાલન કરશે.

- ભાવેશ મેરજા

૮-૧૭ જીએનએફસી ટાઉનશિપ,
પો. નર્મદાનગર,
ભરૂચ -૩૯૨૦૧૫.
મો. ૯૮૭૯૫૨૮૨૪૭
ઈમેલ: bcmerja@gmail.com

અનુક્રમણિકા

●●●

મહર્ષિ દયાનંદ

મહર્ષિ દયાનંદના જન્મ સમયે ભારતની દશા

જે સમયે મહર્ષિ દયાનંદનો પ્રાદુર્ભાવ થયો તે સમયે ભારતની ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજનીતિક અવસ્થા અત્યંત હીન અને ચિંતાજનક હતી. ભારતવાસીઓ વેદશાસ્ત્રોમાં પ્રતિપાદિત સત્ય સનાતન વૈદિક ધર્મનું વિશુદ્ધ સ્વરૂપ ભૂલી ગયા હતા. વેદો પ્રત્યે પરંપરાગત પૂજ્યભાવ તો હતો, પરંતુ વેદો ક્યા ગ્રંથોનું નામ છે અને તેમાં શું છે એ વિશે આપણે લગભગ કશું જાણતા નહોતા. આપણે એકેશ્વરવાદને ભૂલીને બહુદેવતાવાદી થઈ ગયા હતા. આપણે અનેક વેદવિરુદ્ધ મત-સંપ્રદાયોમાં વિભાજિત થઈ ગયા હતા. આપણે અનેક કાલ્પનિક દેવી-દેવતાઓની પૂજા અને ગંગા-સ્નાન વગેરે કાર્યોથી મુક્તિ મળશે એવું માની બેઠા હતા. ખ્રિસ્તી અને ઇસ્લામ જેવા બાહ્ય મત-મજહબો ફેલાઈ રહ્યા હતા અને આપણા ગ્રંથો, માન્યતાઓ, પરંપરાઓ તથા પૂર્વજ મહાપુરુષો પર આક્ષેપો કરી રહ્યા હતા, જેનો પ્રત્યુત્તર આપવાનું આપણામાં સામર્થ્ય ન હતું. મત-પંથોનાં આગ્રહ અને સંકુચિત માનસિકતાને કારણે આપણે વૈદિક આદર્શોથી બહુ જ દૂર નીકળી ગયા હતા. વૈદિક મંતવ્યો, મર્યાદાઓ અને આદર્શોનો લોપ થઈ ગયો હતો. જન્મ આધારિત જાતિપ્રથાને કારણે સામાજિક એકતા પણ છિન્નભિન્ન થઈ ગઈ હતી. મોટાભાગના દેશવાસીઓ અભણ હતા, કારણ કે કન્યાઓને અને જન્મથી બ્રાહ્મણ ન હોય એ વર્ગને ખાસ કંઈ શિક્ષણ આપવામાં આવતું ન હતું. આપણો સમાજ અનેક પ્રકારનાં અંધવિશ્વાસો, રૂઢિઓ, વહેમો અને કુરીતિઓના અંધકારમાં ગરકાવ હતો. દેશની રાજનીતિક અવસ્થા તો આથી પણ વધું ચિંતાજનક હતી. આપણે ઇંગ્લૅન્ડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીની ગુલામીની બેડીઓમાં જકડાઈ ચૂક્યા હતા અને આપણું નિરંતર શોષણ થઈ રહ્યું હતું. ભારતની આવી દુરાવસ્થામાં સ્વામી દયાનંદનો જન્મ થયો.

જન્મસ્થાન

સ્વામીજીએ પોતાના પૂર્વાશ્રમ વિશે ખાસ વિગતો પ્રગટ કરવાનું હંમેશાં ટાળ્યું હતું. તેમણે પોતાનાં જન્મસ્થાન તથા માતાપિતા વગેરેનાં નામ વિશે કોઈ ફોળ પાડ્યો નથી. તેમના કેટલાક વિરોધીઓ આ વિશે ભ્રમ ફેલાવતા હતા. સ્વામીજીએ ૧૮૭૫માં ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેના અનુરોધ પર પૂનામાં અનેક પ્રવચનો કર્યાં હતાં. ત્યારે તેમને પોતાના જીવન વિશે કંઈક જાહેર કરવાનું જરૂરી લાગ્યું. આથી તેમણે પૂનામાં પ્રવચનમાળાના છેલ્લા ૪ ઑગસ્ટ ૧૮૭૫ના પ્રવચનમાં પોતાના જીવનનું ટૂંકું વૃત્તાંત આપ્યું. તેમણે આ પ્રવચનમાં પોતાના જન્મથી લઈને ત્યાર સુધીની એટલે કે લગભગ પચાસ વર્ષની જીવનયાત્રાનો ટૂંકો ચિતાર આપ્યો. તેમનું આ પ્રવચન ‘ઉપદેશ મંજરી’ નામના પુસ્તકમાં સંગ્રહ પામેલું છે. જોકે આ પ્રવચનમાં પણ તેમણે પોતાના જન્મના ચોક્કસ સ્થાનનો તથા માતાપિતા અને કુટુંબના અન્ય સભ્યોનાં નામનો ઇરાદાપૂર્વક ઉલ્લેખ કર્યો નથી, જેનું કારણ બતાવતાં તેમણે આ પ્રવચનની શરૂઆતમાં જ કહ્યું : **‘મને અનેક લોકો પૂછે છે કે તમે બ્રાહ્મણ છો એ અમને શી રીતે ખબર પડે ? માટે તમે તમારાં સગાંસંબંધીઓ કે મિત્રો વગેરેના પત્રો મંગાવીને અમને બતાવો અથવા તમારી કોઈ પરિચિત વ્યક્તિનો મેળાપ કરાવી આપો તો અમને ખબર પડે કે તમે કોણ છો. બીજા પ્રદેશો કરતાં ગુજરાતના લોકોમાં મોહ બહુ વધારે છે. આથી જો હું મારા પૂર્વાશ્રમનાં સગાંસંબંધીઓ, મિત્રો કે પરિચિત વ્યક્તિઓનો સંપર્ક કરું કે તેઓની આગળ પ્રસિદ્ધ થાઉં તો મારા માટે બહુ જ મુશ્કેલીઓ ઊભી થશે અને હું જે ઉપાધિઓ કે જંજાળથી છૂટી ગયો છું એ બધી પાછી મારી પાછળ પડશે. એટલા જ માટે હું તેઓના પત્ર વગેરે મંગાવવાનું ટાળું છું.’** આ પ્રવચનમાં તેમણે કહ્યું : **‘ગુજરાતમાં ધ્રાંગધ્રા નામનું એક રાજ્ય છે. તેની સીમા પર મોરબી શહેર છે. તેમાં મારો જન્મ થયો...મારા ગામમાં ગામની બહાર એક મોટું દેવાલય છે.’**

આગળ જતાં સ્વામીજીએ થિયોસોફિકલ સોસાયટીના સંસ્થાપકોના આગ્રહ પર પોતાની આત્મકથા હિંદીમાં ટૂંકમાં લખી હતી, જેનો અંગ્રેજી અનુવાદ ‘ધ થિયોસોફિસ્ટ’ પત્રિકાના ઑક્ટોબર ૧૮૭૯, ડિસેમ્બર ૧૮૭૯ અને નવેમ્બર ૧૮૮૦ આ ત્રણ અંકોમાં પ્રકાશિત થયો હતો. આ આત્મકથામાં સ્વામીજીએ લખ્યું છે : **‘મારો જન્મ સંવત ૧૮૮૧ના વર્ષમાં દક્ષિણ ગુજરાત પ્રાંતમાં કાઠિયાવાડ મજોકઠા દેશના મોરબી રાજ્યમાં ઔદિચ્ય બ્રાહ્મણના ઘરમાં થયો હતો.’** આથી એવું લાગે છે કે સ્વામીજી પોતાનાં પૂર્વાશ્રમ તથા જન્મસ્થાન વિશે ચોક્કસ જાણકારી આપવા ઇચ્છતા નહોતા.

પૂનાના પ્રવચનમાં તથા 'ધ થિયોસોફિસ્ટ'માં પ્રકાશિત આત્મકથામાં સ્વામીજીએ પોતાના જન્મસ્થાનનો ઉલ્લેખ એક 'ગામ' તરીકે પણ કર્યો છે. પરંતુ તેમનું જન્મસ્થાન મોરબી પાસે આવેલું ટંકારા ગામ છે, આ હકીકત તો તેમના મૃત્યુનાં બહુ જ વર્ષો બાદ પ્રકાશમાં આવી. સ્વામીજીના જીવન વિશે અનુસંધાન કરનારાઓમાં પંડિત લેખરામ અને બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાયનું યોગદાન સૌથી વધારે છે. પંડિત લેખરામે સ્વામીજીનું જન્મસ્થાન મોરબી હોવાનું ઠેરવ્યું હતું. બાબુ દેવેન્દ્રનાથ પણ શરૂઆતમાં મોરબીના જ પક્ષમાં હતા, પરંતુ તેમણે આ વિશે ખૂબ જ ઝીણવટપૂર્વક સંશોધન આગળ વધાર્યું અને છેલ્લે તેઓ એ નિર્ણય પર પહોંચ્યા કે ટંકારા ગામ જ સ્વામી દયાનંદનું જન્મસ્થાન છે. આથી ટંકારાને સ્વામીજીના જન્મસ્થાન તરીકે જગપ્રસિદ્ધિ મળી. ૧૯૨૬માં ટંકારામાં આયોજિત ટંકારા જન્મ શતાબ્દી મહોત્સવમાં ૧૧ ફેબ્રુઆરી ૧૯૨૬ના રોજ સ્વામીજીની સગી બહેન પ્રેમબાઈના પ્રપૌત્ર પોપટલાલ કલ્યાણજી રાવલે તથા સ્વામીજીના ૧૦૩ વર્ષની ઉંમરના બાળસખા ઈબ્રાહીમે ઉપસ્થિત વિશાળ જનસમુદાય સમક્ષ આપેલાં વક્તવ્યો બાદ દેવેન્દ્રનાથનો આ નિષ્કર્ષ નિર્વિવાદ સત્ય પુરવાર થયો કે ટંકારા જ સ્વામીજીનું જન્મસ્થાન છે. ૧૯૩૦માં મુંબઈથી પ્રકાશિત વિજયશંકર મૂલશંકર રચિત 'દયાનંદ જન્મસ્થાન નિર્ણય તથા ટંકારા શતાબ્દી મહોત્સવ' પુસ્તકનાં પાન ૨૧-૨૪ પર આ બંને વ્યક્તિઓનાં વક્તવ્યો આપવામાં આવ્યાં છે.

જન્મતિથિ

સ્વામીજીએ પોતાનો જન્મ સંવત ૧૮૮૧માં થયો હતો એમ તો લખ્યું છે, પરંતુ પોતાની જન્મતિથિનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. આથી તેમની ચોક્કસ જન્મતિથિ નિર્ધારિત કરવાનું કાર્ય પણ ખૂબ જ મુશ્કેલ હતું, જેથી આ વિશે આજ સુધી મતમતાંતર પ્રવર્તે છે. પરંતુ સ્વામીજીના જીવનકાળમાં જ પંડિત જ્વાલાદત્ત નામના તેમના એક શિષ્ય તથા લહિયાએ સ્વામીજીનો જન્મ સંવત ૧૮૮૧માં બ્રાહ્મણ કુળમાં અને મૂળ નક્ષત્રમાં થયો હતો અને તેથી તેમનું નામ મૂળશંકર હતું, એ વાતનો ઉલ્લેખ ફરુખાબાદથી પ્રકાશિત થતા 'ભારત સુદશા પ્રવર્ત્તક' નામના માસિક પત્રમાં કર્યો હતો. સ્વામીજીનો જન્મ મૂળ નક્ષત્રમાં થયો હતો એ તથા તેમના પ્રારંભિક જીવનની અન્ય કેટલીક ઘટનાઓ સંબંધી જ્ઞાત વિગતોના આધારે તેમનો જન્મ સંવત ૧૮૮૧, મહા વદ દશમ, શનિવાર, ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૫ના રોજ થયો હતો એવું માનવામાં આવે છે. આર્યસમાજ દ્વારા પણ મોટાભાગે આ જ દિવસને સ્વામીજીના જન્મદિન તરીકે ઊજવવામાં આવે છે.

અમેઠીના વિદ્વાન ડૉ. જ્વલંતકુમાર શાસ્ત્રીએ 'મહર્ષિ દયાનંદ સરસ્વતી કી પ્રામાણિક જન્મતિથિ' નામના પુસ્તકમાં આ વિશે સંશોધન કર્યું છે, જેમાં ઉત્તરીય પંચાંગ અનુસાર ફાગણ વદ દશમ (ગુજરાતી પંચાંગ અનુસાર મહા વદ દશમ), વિક્રમ સંવત ૧૮૮૧, શનિવાર, ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૫ને જ સ્વામીજીની પ્રામાણિક જન્મતિથિ પ્રતિપાદિત કરવામાં આવી છે. આ અગાઉ પંડિત ભીમસેન શાસ્ત્રી નામના એક અન્ય વિદ્વાને પણ આવો જ મત વ્યક્ત કર્યો હતો. આર્યસમાજની સર્વોચ્ચ સંસ્થા સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાએ પણ આ જ જન્મતિથિને માન્ય કરેલ છે. તેમ છતાં કોઈ કોઈ સ્થાને સ્વામીજીનો જન્મ ૧૮૨૪માં થયો હતો એવો ઉલ્લેખ પણ જોવા મળે છે.

સ્વામીજીના પિતાનું નામ કરસનજી ત્રિવાડી હતું અને માતાનું નામ અજ્ઞાત છે, જે આજ સુધી નિશ્ચયપૂર્વક જાણી શકાયું નથી. પિતાજી ચુસ્ત શિવભક્ત હતા. તેઓ જમીનદાર હતા અને રાજ્યના ઉચ્ચ વહીવટી અમલદાર પણ હતા. ટંકારાના જમાદાર હોવાથી તેમની સેવામાં સિપાઈઓ પણ રહેતા હતા. તેઓ ધીરધાર પણ કરતા હતા અને ખૂબ જ સંપન્ન હતા. મૂળશંકર સૌથી મોટા હતા. તેમનાથી નાનાં બે ભાઈ અને બે બહેનો હતાં. આઠમા વર્ષે મૂળશંકરનો યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યો, સંધ્યા શીખવવામાં આવી અને યજુર્વેદનો પાઠ પણ આરંભ કરાવ્યો. મૂળશંકર માટે સંસ્કૃત અને વેદ ભણાવવાની વ્યવસ્થા ઘર પર જ કરવામાં આવી. ચૌદ વર્ષની ઉંમરે તો મૂળશંકરે સંપૂર્ણ યજુર્વેદ અને બીજા વેદોનો પણ કેટલોક પાઠ પૂરો કરી લીધો.

શિવરાત્રિનું વ્રત અને મૂર્તિપૂજા પ્રત્યે અશ્રદ્ધા

ચૌદ વર્ષના મૂળશંકરે પિતાના આગ્રહવશ શિવરાત્રીનું વ્રત રાખ્યું અને એ દિવસે ઉપવાસ કરી રાત આખી ગામના શિવાલયમાં જાગરણ કરવાનો સંકલ્પ કર્યો. બીજા પ્રહરની પૂજા થઈ ગઈ પછી પૂજારી, અન્ય ભક્તો અને કરસનજી બધા જ ઝોકાં ખાવા લાગ્યા અને પછી ઊંઘી ગયા. પરંતુ શિવનાં દર્શનની પ્રબળ ઈચ્છા હોવાથી અને સૂઈ જવાથી શિવરાત્રીનું વ્રત નિષ્ફળ જશે એવા વિચારથી મૂળશંકર તો મટકું પણ માર્યા વગર જાગતા જ રહ્યા. એટલામાં શિવાલયના કોઈ દરમાંથી કેટલાક ઉંદર નીકળ્યા અને શિવલિંગની આજુબાજુ, ઉપર-નીચે ફરવા લાગ્યા અને ત્યાં ધરવામાં આવેલું નૈવેદ પણ આરોગવા લાગ્યા. આ દૃશ્ય જોઈને મૂળશંકરના બાળમાનસમાં વૈચારિક ઉથલપાથલ જાગી અને તેમને તત્કાળ એક અપૂર્વ બોધ પ્રાપ્ત થયો કે આ મૂર્તિ શિવ ન હોઈ શકે. તેમણે પિતાજીને જગાડ્યા અને પૂછ્યું : **'આપે મને કાલે જે કથા સંભળાવી હતી એ મુજબ તો મહાદેવ ચેતન**

છે, તે પોતાના ઉપર આમ ઉંદરોને આમ કેમ ચડવા દે ? આના ઉપર તો ઉંદરો આંટા મારે છે.' પિતાજીએ પ્રચલિત આસ્થા અનુસાર સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એથી મૂળશંકરને જરાય સંતોષ ન થયો. તેમને થયું કે, આમાં જરૂર કંઈક ગરબડ છે. તેમના મનમાં અનેક તર્ક-વિતર્ક ઉત્પન્ન થયા. આથી તેમણે સંકલ્પ કર્યો : 'જ્યારે હું તે ત્રિશુલધારી શિવને પ્રત્યક્ષ જોઈશ ત્યારે જ તેની પૂજા કરીશ, નહિ તો નહિ કરું.'

વૈરાગ્ય અને ગૃહત્યાગ

ચૌદ વર્ષના મૂળશંકરે આખો યજુર્વેદ કંઠસ્થ કરી લીધો અને તેઓ એક પંડિતજી પાસે સંસ્કૃત વ્યાકરણ પણ ભણતા રહ્યા. એટલામાં તેમની નાની બહેનનું કૉલેરાને કારણે મૃત્યુ થયું. તેના થોડા જ દિવસો બાદ તેમના વિદ્વાન કાકાનું પણ કૉલેરામાં મૃત્યુ થયું. આથી મૂળશંકરને થયું : હું પણ આવી જ રીતે એક દિવસ મરી જઈશ, સંસારમાં જેટલાં પ્રાણીઓ છે તેમાંથી કોઈ પણ બચવાનું નથી, માટે કોઈ એવો ઉપાય કરવો જોઈએ કે જેથી મૃત્યુના દુઃખથી છૂટીને મુક્તિ પ્રાપ્ત કરી શકાય. મૂળશંકરને જીવનની નશ્વરતાનો પાક્કો ખ્યાલ આવી ગયો અને તેમને અત્યંત વૈરાગ્ય લાગ્યો. તેઓ મિત્રો અને પંડિતોને અમરત્વનો ઉપાય પૂછવા લાગ્યા અને જાણવા મળ્યું કે યોગાભ્યાસથી એ સંભવ છે. મૂળશંકરની આવી મનોદશા જોઈને માતાપિતાએ વિચાર્યું કે હવે તેને પરણાવી દેવો જોઈએ, નહિ તો એ વિરક્ત થઈ જશે. પરંતુ મૂળશંકરે આગળ અધ્યયન કરવાની ઇચ્છા પ્રગટ કરી. આથી બાજુના ગામના એક વિદ્વાન પંડિત પાસે તેમના અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવી. પરંતુ મૂળશંકરના મનમાં સાચા શિવને પ્રત્યક્ષ કરવાની અને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જન્મ લઈ ચૂકી હતી. જ્યારે માતાપિતાને પુત્રની આવી વૈરાગ્ય-વૃત્તિની ખબર પડી તો તેઓ મૂળશંકરનાં લગ્નની તૈયારીઓ કરવા લાગ્યાં. એ જોઈને બાવીસ વર્ષના મૂળશંકર એક દિવસ સંધ્યા સમયે ગૃહત્યાગ કરી ગયા.

મૂળશંકરમાંથી શુદ્ધ ચૈતન્ય

મૂળશંકર ટંકારાથી ભાગી સાયલા પહોંચ્યા. ત્યાંની લાલા ભગતની જગ્યામાં રહીને યોગસાધના કરવા લાગ્યા. ત્યાં તેમને એક બ્રહ્મચારી મળ્યા. તેમણે મૂળશંકરને બ્રહ્મચારીની દીક્ષા આપી અને 'શુદ્ધ ચૈતન્ય' એ નવું નામ આપ્યું. શુદ્ધ ચૈતન્યે ભગવાં વસ્ત્રો ધારણ કરી લીધાં. થોડા દિવસો સાયલામાં પસાર કરીને શુદ્ધ ચૈતન્યે કોઠ-ગાંગડમાં ત્રણેક મહિના નિવાસ કર્યો. પછી ત્યાંથી સિદ્ધપુરના

કાર્તિકી મેળામાં જવાનો નિશ્ચય કર્યો. તેમને એમ હતું કે આ મેળામાં કોઈ યોગી મહાત્મા મળી જાય તો અમર થવાનો ઉપાય જાણી શકાય. સિદ્ધપુર જતાં રસ્તામાં તેમને પોતાના ગામની બાજુના ગામનો એક વૈરાગી મળ્યો. તેણે ટંકારા જઈને કરસનજીને સમાચાર આપ્યા : 'મેં તમારા દીકરાને સિદ્ધપુરના મેળામાં જતો જોયો હતો.' આ સાંભળતાં જ કરસનજી ચારેક સિપાઈઓને લઈને પુત્રની શોધમાં સિદ્ધપુર જવા નીકળ્યા. સિદ્ધપુરના મેળામાં એક મઠમાં શુદ્ધ ચૈતન્ય બ્રહ્મચારીના વેશમાં પંડિતોની વચ્ચે બેઠા હતા. એટલામાં પિતાજી સામે આવીને ઊભા રહી ગયા. ગુસ્સે ભરાયેલા પિતાજીએ શુદ્ધ ચૈતન્યનું તૂંબડું ફોડી નાખ્યું અને તેમનાં ભગવાં વસ્ત્રો પણ ફાડી નાખ્યાં. તેમણે શુદ્ધ ચૈતન્યને દેશાચાર મુજબનાં વસ્ત્રો પહેરાવ્યાં. કરસનજીએ અહીં મેળામાં શુદ્ધ ચૈતન્યની પાછળ રાત-દિવસ બે સિપાઈઓનો વારાફરતી ચોકી-પહેરો લગાવી દીધો. પરંતુ ચોથી રાત્રે સિપાઈને ઝોકું આવી ગયું એટલે શુદ્ધ ચૈતન્ય નાસી છૂટ્યા. ત્યાંથી અડધા ગાઉ દૂર જઈ એક ઝાડની મદદથી એક મંદિરના શિખર પર ચડી ગયા અને તેની બખોલમાં છુપાઈને આખો દિવસ બેસી રહ્યા. જ્યારે સાંજનું અંધારું થયું ત્યારે ત્યાંથી નીચે ઊતર્યા અને સડકનો રસ્તો છોડીને અવાવરા રસ્તે આગળ નીકળી ચાલવા માંડ્યા. પિતાજી સાથે તેમનું આ અંતિમ મિલન હતું.

શુદ્ધ ચૈતન્યમાંથી દયાનંદ સરસ્વતી

સાચા શિવનો સાક્ષાત્કાર કરવા અને મૃત્યુને જીતીને અમરત્વ પ્રાપ્ત કરવાના લક્ષ્યને સિદ્ધ કરવા માટે શુદ્ધ ચૈતન્ય હવે દેશાટન આરંભ કરે છે. તેઓ અમદાવાદ થઈને વડોદરા પહોંચે છે અને ત્યાંના ચેતન મઠમાં બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓ સાથે વેદાંતના સંબંધમાં ચર્ચા-વિચારણા કરે છે. ત્યાંથી ચાણોદ-કરનાળીની પ્રખ્યાતિ સાંભળીને ત્યાં પહોંચ્યા અને પરમાનંદ પરમહંસ નામના એક વિદ્વાન પાસે વેદાંત વિષયક ગ્રંથોનો અભ્યાસ કર્યો. બ્રહ્મચર્ય આશ્રમમાં શુદ્ધ ચૈતન્યને ક્યારેક ક્યારેક જાતે રસોઈ બનાવવી પડતી હતી. આથી તેમને અધ્યયનમાં મુશ્કેલી પડતી હતી. માટે તેમણે સંન્યાસ ગ્રહણ કરવાનો વિચાર કર્યો. વૈરાગ્ય તો પ્રબળ હતું જ. પરંતુ તેમની નાની ઉંમર જોઈને કોઈ તેમને સંન્યાસની દીક્ષા આપવા તૈયાર થતું નહોતું. એટલામાં દક્ષિણ તરફથી આવેલા એક દંડી સ્વામી ચાણોદથી એકાદ ગાઉના અંતરે જંગલમાં એક મકાન હતું તેમાં ઊતર્યા. તેમનું નામ સ્વામી પૂર્ણાનંદ સરસ્વતી હતું. ખૂબ જ વિનંતી કર્યા બાદ પૂર્ણાનંદજી શુદ્ધ ચૈતન્યને સંન્યાસ આપવા રાજી થયા. તેમની પાસે સંન્યાસની દીક્ષા ગ્રહણ કરી શુદ્ધ ચૈતન્ય 'દયાનંદ સરસ્વતી' તરીકે પ્રસિદ્ધ થયા.

યોગી અને ગુરુની શોધમાં - ઉત્તરાખંડ-ભ્રમણ

ચાણોદમાં યોગાનંદ નામના એક સ્વામી હતા. સ્વામી દયાનંદ તેમની પાસે રહીને યોગાભ્યાસની ક્રિયાઓ શીખ્યા. ત્યાંના જ એક કૃષ્ણશાસ્ત્રી નામના બીજા વિદ્વાન પાસે તેમણે વ્યાકરણનો અભ્યાસ કર્યો. અહીં જ્વાલાનંદપુરી અને શિવાનંદગિરિ નામના બે ઉચ્ચ કોટિના યોગીઓ મળ્યા. સ્વામીજીએ તેઓની સાથે યોગ વિશે વાર્તાલાપ કર્યો અને યોગનાં રહસ્ય જાણવાની પ્રબળ ઇચ્છા વ્યક્ત કરી. યોગીઓએ કહ્યું : 'અમે અમદાવાદ જઈએ છીએ. ત્યાં નદીના કિનારે દૂધેશ્વર મહાદેવના મંદિરમાં રહીશું. તમે ત્યાં આવશો તો યોગવિદ્યા જરૂર શીખવીશું.' મહિના પછી સ્વામીજી અમદાવાદ જઈને તેઓને મળ્યા અને તેઓની પાસે યોગાભ્યાસ કર્યો.

અમદાવાદથી સ્વામીજી યોગીઓની શોધમાં આબુ પર્વત પર પહોંચ્યા. અહીં તેમને ભવાનીગિરિ તથા અન્ય યોગીઓનો મેળાપ થયો. તેઓની પાસે યોગાભ્યાસની થોડી વધુ રીત શીખ્યા. ત્યાંથી હરદ્વાર પહોંચ્યા. એ સમયે ત્યાં કુંભનો મેળો લાગ્યો હતો, જેમાં સ્વામીજી અનેક સાધુ-સંન્યાસીઓને મળ્યા. તેમણે અહીં ચંડી પહાડના જંગલમાં યોગાભ્યાસ કર્યો. મેળો પૂરો થઈ ગયો પછી સ્વામીજી ઋષિકેશ પહોંચ્યા અને ત્યાં પણ અનેક સંન્યાસીઓ અને યોગીઓ પાસે યોગની વિધિઓ શીખતા રહ્યા અને સત્સંગ કરતા રહ્યા. ત્યાંથી ટેહરી, કેદારઘાટ, રુદ્રપ્રયાગ, તુંગનાથ, ઓખીમઠ, જોશીમઠ, બદ્રીનારાયણ વગેરે સ્થાનોની કપરી યાત્રાઓ કરી યોગીઓની શોધ કરતા રહ્યા. ઓખીમઠના મુખ્ય મહંતે સ્વામીજીના બ્રહ્મચર્યનું ઓજ, વૈરાગ્ય, તિતિક્ષા અને સાધનાની દૃઢતા વગેરે જોઈને તેમને પોતાનો શિષ્ય બનવા, લાખોની સંપત્તિનો માલિક બનવા અને આગળ જતાં પોતાનો વારસદાર એટલે કે આ ગાદીનો મહંત બનવાનું પ્રલોભન આપ્યું. પરંતુ સ્વામીજીએ ઉત્તર આપ્યો : **'જો મને ધન-સપંત્તિની લાલસા હોત તો મારા પિતાની સંપત્તિ તમારા કરતાં પણ અધિક હતી; તેનો શા માટે ત્યાગ કરત ? માતા, પિતા, બંધુ, કુટુંબ અને ઘરનો શા માટે ત્યાગ કરત ? જે ઉદ્દેશયથી મેં ઘર છોડ્યું છે અને સાંસારિક ઐશ્વર્યનો ત્યાગ કર્યો છે, એ વાત તમારામાં જરા પણ જોવા મળતી નથી.'** મહંતે પૂછયું : 'બોલ, એવી તે શી વાત છે ?' સ્વામીજીએ કહ્યું : **'સત્ય-વિદ્યા, યોગ, મોક્ષ અને આત્માની પવિત્રતા વગેરે ગુણો દ્વારા ધર્મપૂર્વક ઉન્નતિ કરવી, એ મારો ઉદ્દેશ્ય છે.'** સ્વામીજી ત્યાંથી બીજે જ દિવસે સવારે ચાલી નીકળ્યા. તેઓ હિમાલયમાં અલકનંદાના ઉદ્‌ગમસ્થાન પર જઈ પહોંચ્યા. આવી કપરી યાત્રાઓમાં તેમને અગણિત મુશ્કેલીઓનો

સામનો કરવો પડ્યો, પરંતુ તેઓ પોતાની અદમ્ય સંકલ્પ-શક્તિના બળે સત્ય-વિદ્યા, યોગ અને મોક્ષમાર્ગની ખોજમાં સતત આગળ વધતાં જ રહ્યા. ઉત્તરાખંડના પર્વતીય પ્રદેશથી નીચે ઊતરીને સ્વામીજી રામપુર અને કાશીપુર થઈને દ્રોણસાગર આવ્યા. અહીં તેમના મનમાં એવો વિચાર આવ્યો કે હિમાલય પર્વત પર જઈને દેહત્યાગ કરી નાખવો. પરંતુ તેમણે નિરાશાના આ ક્ષણિક આવેગને તત્કાળ ખંખેરી નાખ્યો અને વિચાર કર્યો : **'મરી જવું એ કોઈ પુરુષાર્થ નથી, પરંતુ જ્ઞાન પ્રાપ્ત કરીને પરોપકાર કરવો એ જ પુરુષાર્થ છે. એટલે કે જ્ઞાનપ્રાપ્તિ કર્યા પછી દેહ છોડવો જોઈએ.'** આથી સ્વામીજી યોગી અને જ્ઞાનગુરુની શોધમાં પરિભ્રમણ કરતાં કરતાં દ્રોણસાગરથી મુરાદાબાદ, સંભલ અને ગઢમુક્તેશ્વર થઈને ગંગાતટ પર આવીને વિચરણ કરતા રહ્યા. તેમણે નદીમાં એક શબ વહેતું જોયું. તેને બહાર ખેંચી લાવ્યા અને તેને ખૂબ જ સાવધાનીથી ચીરીને તેનાં હૃદય, માથું, ગરદન વગેરે અંગોનું ખૂબ જ સૂક્ષ્મતાથી નિરીક્ષણ કર્યું. પોતાની પાસે નાડીચક્રોનું વર્ણન કરતાં જે પુસ્તકો હતાં તેની સાથે તુલના કરી અને નિર્ણય કર્યો કે પુસ્તકોમાં આપવામાં આવેલું વર્ણન સાચું નથી. આથી તેમણે એ પુસ્તકો ફાડીને ફેંકી દીધાં. ધીરે ધીરે તેઓ એ નિષ્કર્ષ પર આવ્યા કે જ્ઞાન-વિજ્ઞાન અને યોગને જાણવા માટે વેદો, ઉપનિષદો, સાંખ્ય-યોગ વગેરે દર્શનશાસ્ત્રો સિવાયના જે બીજા અર્વાચીન ગ્રંથો છે એ પ્રામાણિક નથી. સ્વામીજી ફરુખાબાદ, કાનપુર, પ્રયાગ, કાશી, ચુનાર વગેરે સ્થાને ભ્રમણ અને યોગાભ્યાસ કરતા રહ્યા. હવે સ્વામીજીએ નર્મદાનું ઉદ્‌ગમસ્થાન જોવાનો સંકલ્પ કર્યો અને એ માટે તેમણે ભયંકર જંગલોમાં અતિ કષ્ટદાયક યાત્રા કરી, જેનું રોચક વર્ણન તેમણે પોતાની આત્મકથામાં કર્યું છે.

મથુરામાં દંડી વિરજાનંદની પાઠશાળામાં

સ્વામીજી ગૃહત્યાગ કર્યા બાદ લગભગ પંદરેક વર્ષ સુધી સાચા ગુરુ અને યોગીઓની શોધમાં દેશભરમાં નિરંતર ભ્રમણ કરતા રહ્યા અને અનેક વિદ્વાનો, મહાત્માઓ અને યોગીઓના સંપર્કમાં આવ્યા. સાથે સાથે તેઓ વિવિધ ગ્રંથોનું જિજ્ઞાસાપૂર્વક અધ્યયન પણ કરતા જ રહ્યા. તેમણે પરાધીન દેશની ભયંકર દુરાવસ્થાનું દર્શન પોતાની સગી આંખે કર્યું. ૧૮૫૭ના દેશના પ્રથમ સ્વાધીનતા સંગ્રામ સમયની સ્વામીજીની ભૂમિકા વિશે ઇતિહાસ લગભગ મૌન છે. જોકે સ્વામીજીની આત્મકથા અનુસાર તો એ સમયે તેઓ વિદ્યા, યોગ અને સાચા ગુરુની શોધમાં જ ભ્રમણ કરી રહ્યા હતા એવું જણાય છે. તેમણે એ સમયની પોતાની ગતિવિધિઓ વિશે વિસ્તારથી કશુંય પ્રગટ કર્યું નથી.

ગૃહત્યાગ કર્યા બાદ લગભગ પંદરેક વર્ષના આવા અવિરત ભ્રમણ પછી સ્વામી દયાનંદ ૧૪ નવેંબર ૧૮૬૦ના રોજ મથુરા પહોંચ્યા. ત્યાં પહોંચી તેમણે સ્વામી વિરજાનંદ સરસ્વતી નામના એક મહાન સંન્યાસીની પાઠશાળાનાં દ્વાર ખખડાવ્યાં. સ્વામી વિરજાનંદ વૈદિક સંસ્કૃત વ્યાકરણના અદ્વિતીય વિદ્વાન હતા. તેઓ માત્ર ઋષિપ્રણીત - આર્ષ ગ્રંથો જ ભણાવતા હતા. તેઓ જ્યારે પાંચ વર્ષના હતા ત્યારે બળિયાના રોગમાં તેમની બંને આંખો ચાલી ગઈ હતી. પાંત્રીસ વર્ષના દયાનંદ જ્યારે આ અદ્ભુત પ્રજ્ઞાચક્ષુ સંન્યાસીને મળ્યા ત્યારે તેમની ઉંમર એક્યાશી વર્ષની હતી. વિરજાનંદજીને કૌમુદી, શેખર વગેરે અર્વાચીન ગ્રંથો પસંદ ન હતા અને તેઓ ભાગવત વગેરે પુરાણોનો પણ ખૂબ જ તિરસ્કાર અને ખંડન કરતા હતા. તેઓ સર્વ આર્ષ ગ્રંથો પર અત્યંત શ્રદ્ધા ધરાવતા હતા. તેમણે દયાનંદને કહ્યું : **'હું તમને ત્રણ વર્ષમાં વૈદિક વ્યાકરણ ભણાવી દઈશ. પરંતુ હું તમને ત્યારે જ ભણાવીશ કે જ્યારે તમે અત્યાર સુધીમાં જે અનાર્ષ ગ્રંથો ભણીને અહીં આવ્યા છો એ તમામ ગ્રંથોને યમુનામાં પધરાવી દેશો.'** સ્વામીજીને થયું : હું હવે યોગ્ય મહાત્મા પાસે પહોંચ્યો છું. તેમણે કશો વિલંબ કર્યા વગર પોતાની પાસે જે અનાર્ષ ગ્રંથો હતા તે બધા યમુનામાં સમર્પિત કરી દીધા અને વિરજાનંદજીનાં ચરણોમાં બેસી ગયા. અમરલાલ જોશી નામના એક ભદ્ર પુરુષે દયાનંદ માટે ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરી આપી. વિરજાનંદજી ભલે અંધ હતા, પરંતુ તેમણે અસાધારણ જ્ઞાન-વિજ્ઞાન રૂપ દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી હતી. તે દૃષ્ટિથી તેમણે આર્ષ અને અનાર્ષ ગ્રંથોનો વિવેક પ્રાપ્ત કર્યો હતો. તેમના હૃદયમાં દેશને વિદેશી શાસનમાંથી મુક્ત કરવાની પ્રબળ ઇચ્છા હતી અને એ માટે તેઓ અનેક રાજાઓ અને ક્રાંતિકારીઓને પ્રેરિત કરતા હતા.

વિરજાનંદજીની આ પાઠશાળામાં દયાનંદ લગભગ ત્રણેક વર્ષ સુધી મન મૂકીને ભણ્યા. ગુરુજીએ તેમને પાણિનિ મુનિની અષ્ટાધ્યાયી, પતંજલિમુનિકૃત મહાભાષ્ય, આચાર્ય યાસ્કકૃત નિઘંટુ અને નિરુક્ત વગેરે ગ્રંથો ભણાવ્યા. આથી દયાનંદને આર્ષ અને અનાર્ષ ગ્રંથોનો વિવેક પ્રાપ્ત થયો અને વેદ તથા વૈદિક સાહિત્યને સમજવાની, તેની ગૂંચો ઉકેલવાની, સત્ય અર્થ સુધી પહોંચવાની સૂક્ષ્મ દૃષ્ટિ પ્રાપ્ત થઈ. વૈદિક વ્યાકરણનાં ગૂઢ રહસ્યો પ્રાપ્ત કરી દયાનંદ હવે આ પાઠશાળામાંથી બહાર નીકળવા તૈયાર થયા. વિદાયની વેળા આવી પહોંચી. ગુરુજીને લવિંગ બહુ જ પ્રિય હતા. આથી દયાનંદ ગુરુદક્ષિણામાં અર્પણ કરવા થોડાં લવિંગ લઈને ગુરુજી સમક્ષ ભાવપૂરિત ઊભા રહ્યા અને કહ્યું : 'ભગવન્ ! આપે મને આર્ષ વિદ્યાથી આલોકિત કર્યો છે. મારું રોમે રોમ આપને ધન્યવાદ આપે છે. પરંતુ આપને આપવા માટે મુજ સંન્યાસી પાસે કશું જ નથી. આ થોડાં

લવિંગ લાવ્યો છું, કૃપા કરીને સ્વીકાર કરો.' આ સાંભળીને વિરજાનંદજી પણ ભાવવિભોર થઈ ગયા. તેમણે કહ્યું : **'દયાનંદ ! મારે તો તારી પાસેથી આ લવિંગ કરતાં બહુ જ મોટી ગુરુદક્ષિણા જોઈએ છે. આજે આપણા દેશમાં અજ્ઞાન અને અવિદ્યાજન્ય અંધકાર ફેલાયેલ છે. મારી ઈચ્છા છે કે તું દેશમાં ફેલાયેલ મતમતાંતરરૂપી અજ્ઞાન-અંધકારને દૂર કરી વિલુપ્ત વૈદિક ધર્મને પુનઃ સ્થાપિત કર અને વેદો તથા આર્ષ ગ્રંથોની વિદ્યાનો સર્વત્ર પ્રકાશ ફેલાવ.'** દયાનંદે 'તથાસ્તુ' કહીને ગુરુજીની આજ્ઞા સહર્ષ શિરોધાર્ય કરી અને વેદોની પુનઃપ્રતિષ્ઠા, પાખંડખંડન, દેશોદ્ધાર અને સંસારના કલ્યાણના મહાવ્રત સાથે ગુરુજીની વિદાય લઈને કાર્યક્ષેત્રમાં પદાર્પણ કર્યું.

કાર્યક્ષેત્રમાં પ્રવેશ

સ્વામી દયાનંદ મથુરાથી આગ્રા આવ્યા. અહીં તેઓ લગભગ બે વર્ષ રહ્યા. તેમણે અહીં રહીને મૂળ વેદો વિશે ગહન ચિંતન-મનન કર્યું અને પોતાની ભાવી યોજના અને કાર્ય-પદ્ધતિનું નિર્ધારણ કર્યું. તેમણે ધર્મ, સમાજ અને દેશની દુરાવસ્થાનાં કારણો પર સૂક્ષ્મતાથી વિચાર કર્યો અને અંતમાં આની પાછળનું એક મુખ્ય કારણ તેમની સમજમાં એ આવ્યું કે પવિત્ર વેદોની શિક્ષાઓથી આપણે વિમુખ થઈ ગયા છીએ. આથી તેમણે પોતાનું સંપૂર્ણ જીવન ગુરુજીની આજ્ઞા અનુસાર વૈદિક જ્ઞાનના પ્રચાર-પ્રસારમાં અને વેદવિરુદ્ધ મતમતાંતરોના નિરાકરણમાં લગાવી દીધું.

ગુરુજી પાસેથી વૈદિક સંસ્કૃત ભાષાનું અમૂલ્ય જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વામીજી હવે ગુરુજીને આપેલા વચનની પૂર્તિ માટે કાર્યક્ષેત્રમાં ઊતર્યા. તેમણે શરૂઆતમાં આર્ષ ગ્રંથો આધારિત પ્રવચનો તથા વાર્તાલાપના માધ્યમથી સંધ્યા-ઉપાસના, ગાયત્રીમંત્ર, અગ્નિહોત્ર વગેરે પંચમહાયજ્ઞ વગેરેના પ્રચાર સાથે જાગરણ કરવાનું નક્કી કર્યું. તેઓ ગંગાતટ પર આવેલાં સ્થાનોમાં વૈદિક ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા. દેશનું વ્યાપક ભ્રમણ કરવાથી તેઓ ધર્મ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી પતનનાં વાસ્તવિક કારણો ખૂબ જ સારી રીતે જાણી શક્યા હતા. તેમણે જોયું કે દેશવાસીઓ અજ્ઞાન, પાખંડ, ઢોંગ, આડંબર અને મિથ્યા આચારોથી પીડિત છે. જુદા જુદા વેદ-વિરુદ્ધ મત-સંપ્રદાયોએ લોકોના ચિંતનને સંકીર્ણ કરી દીધું છે. લોકો મૂઢતા, કૂપમંડૂકતા અને આંખો બંધ કરીને અનુસરણ કરવાની વૃત્તિનો શિકાર બની ગયા છે. આથી સ્વામીજી મૂર્તિપૂજા, અવતારવાદ, ભાગવત-પુરાણ, કંઠી-તિલક જેવાં સાંપ્રદાયિક ચિહ્નો, ગંગાસ્નાનથી પાપ-મુક્તિ થવાની માન્યતા, ફલિત જ્યોતિષ વગેરેનું ખંડન કરતા હતા. આ દરમિયાન

તેઓ અનેક શાસ્ત્રીઓ અને પંડિતો સાથે ધર્મચર્ચા અને શાસ્ત્રાર્થ પણ કરતા રહ્યા. તેમણે આગ્રામાં 'સંધ્યા' નામનું એક નાનું પુસ્તક લખ્યું, જે તેમની પ્રથમ કૃતિ હતી. શેઠ રૂપલાલે એ સમયે દોઢ હજાર રૂપિયા ખર્ચીને તેની ત્રીસ હજાર નકલો છપાવી.

સ્વામીજીએ ધૌલપુર, ગ્વાલિયર, જયપુર, અજમેર અને પુષ્કર વગેરે સ્થાનોની યાત્રાઓ કરી. અજમેરમાં સ્વામીજીને ખ્રિસ્તી અને ઇસ્લામ મતના વિદ્વાનોનો સંપર્ક થયો અને તેઓની સાથે સંવાદ-શાસ્ત્રાર્થ થયા. મૌલવી મુરાદઅલી સાથે ચર્ચા થઈ. મૌલવી નિરુત્તર થઈ ગયા. પાદરીઓ પણ સ્વામીજીના પ્રશ્નોના ઉત્તર આપી શક્યા નહિ. પાદરી શૂલબ્રેડે સ્વામીજીને કહ્યું : 'જો તમે આવી વાતો કરતાં રહ્યા તો એક દિવસ જરૂર જેલભેગા થશો.' સ્વામીજીએ કહ્યું : **'સત્ય માટે જેલ જવું પડે તો એ કોઈ શરમની વાત નથી. જેલના ભયથી સત્યનો ત્યાગ ન થઈ શકે.'** કર્નલ બ્રુક તે સમયે ગવર્નર જનરલના એજન્ટ (એજન્ટ ટૂ ધ ગવર્નર જનરલ) હતા. તેમની સાથે સ્વામીજીએ ગૌરક્ષા પર વાર્તાલાપ કર્યો અને દેશમાં થઈ રહેલી નિર્મમ ગૌહત્યાને બંધ કરાવવા આગ્રહ કર્યો. સ્વામીજી ઑક્ટોબર ૧૮૬૬માં ફરી આગ્રા પહોંચ્યા. તે સમયે અહીં વાઈસરૉય લૉર્ડ લોરેન્સનો દરબાર લાગ્યો હતો. આ અવસર પર આવેલા જુદા જુદા વર્ગના લોકોને સ્વામીજીનો ઉપદેશ શ્રવણ કરવાનો લાભ મળ્યો. સ્વામીજીએ 'ભાગવત ખંડન' નામની એક પુસ્તિકા પ્રકાશિત કરી તેની હજારો પ્રતોનું વિતરણ કર્યું. તેમણે તેની કેટલીક પ્રતો હરદ્વારમાં વિતરણ કરવા પોતાની પાસે રાખી. સ્વામીજી મથુરા ગુરુ વિરજાનંદજી પાસે આવ્યા. ગુરુનાં ચરણોમાં નતમસ્તક થઈને એક મલમલનો તાકો અને બે સુવર્ણમુદ્રાઓ ભેટ ધરી. તેમણે ગુરુજીને પોતાના 'ભાગવત ખંડન' પુસ્તકનો થોડો પરિચય આપ્યો. ગુરુજી પોતાના આ શ્રેષ્ઠ, સુયોગ્ય અને વિજિગીષુ શિષ્યને મળીને અત્યંત પ્રસન્ન થયા અને તેને અંતરથી આશીર્વાદ આપ્યા. સ્વામીજીએ થોડા દિવસ ગુરુજીની સાથે ગાળ્યા અને પોતાની શંકાઓનું સમાધાન મેળવ્યું અને ધર્મના ગૂઢ વિષયો પર ગંભીર ચર્ચા કરી. ત્યાર બાદ હરદ્વારના કુંભમેળામાં ધર્મોપદેશ કરવા માટે જવાની આજ્ઞા માગી. ગુરુજીનો આદેશ મેળવી નમસ્કારપૂર્વક ગુરુચરણોથી વિદાય થયા. એક આદર્શ ગુરુ અને એક આદર્શ શિષ્યનું આ અંતિમ મિલન હતું.

કુંભના મેળામાં 'પાખંડમર્દન' પતાકા

સ્વામીજી ૧૮૬૭માં હરદ્વારના કુંભમેળામાં આવ્યા. અહીં તેમણે પોતાના સ્થાન પર 'પાખંડમર્દન' નામની એક ધજા લહેરાવીને પાખંડખંડન અને

નવજાગરણનો કાર્યક્રમ ઘોષિત કર્યો. આજ સુધી લોકોએ કોઈ સંન્યાસીના મોઢે મૂર્તિપૂજા, અવતારવાદ, મૃતક શ્રાદ્ધ, તીર્થસ્નાન કરવાથી પાપ-મુક્તિની માન્યતા, પુરાણો-ઉપપુરાણો વગેરેનું ખંડન સાંભળ્યું નહોતું. આથી સ્વામીજીનો ઉપદેશ સાંભળીને સૌ કોઈ વિસ્મય પામતા. સ્વામીજીએ 'ભાગવત ખંડન'ની હજારો પ્રતો મેળામાં વહેંચી. આખા મેળામાં તેમના નામની ધૂમ મચી ગઈ.

મેળો સમાપ્ત થયો. આ મેળામાં મહંતો, મઠાધીશો, મંડલેશ્વરો, સાધુ-સંન્યાસીઓ વગેરેનાં આચરણો જોઈને સ્વામીજી અત્યંત નિરાશ થયા. તેઓ પોતાની અને પોતાની કાર્યશૈલીની સમીક્ષા કરવા વિવશ થયા. તેમને થયું : મારે જે મહાન કાર્ય પાર પાડવાનું છે, એ માટે મારે ત્યાગનો અતિ ઉચ્ચ આદર્શ સ્થાપિત કરવો પડશે અને બલિદાનનો માર્ગ અપનાવવો પડશે. એ વિના સમાજ પર કોઈ વિશેષ અને સ્થાયી પ્રભાવ ઉત્પન્ન નહિ થાય અને મારો ઉદ્દેશ પણ પૂરો નહિ થાય. કંઈક આવું વિચારીને સ્વામીજીએ 'સર્વમેધ યજ્ઞ' કરવાનો સંકલ્પ કર્યો. પોતાની પાસે જે વસ્ત્રો, ધન, પુસ્તકો વગેરે હતું એ બધું લોકોમાં વહેંચી દીધું. મહાભાષ્યનું એક પુસ્તક, એક સુવર્ણ મુદ્રા અને મલમલનો એક તાકો ગુરુ વિરજાનંદજીની સેવામાં મોકલી આપ્યાં. તેમણે શરીર પર માત્ર લંગોટ ધારણ કરી, શરીરે ભભૂત રમાવીને સર્વત્યાગી પરિવ્રાજક અને અવધૂત પરમહંસનું રૂપ ધારણ કર્યું. સ્વામીજીના મિત્ર સ્વામી કૈલાસપર્વતે તેમને આ સર્વમેધ યજ્ઞ કરતાં જોઈને પૂછ્યું : 'આપ આ શું કરી રહ્યા છો ?' સ્વામીજીએ કહ્યું : **'જ્યાં સુધી હું મારી જરૂરીયાતો બિલકુલ ઓછી નહિ કરું ત્યાં સુધી મને પૂર્ણ સ્વતંત્રતા નહિ મળે. સર્વસ્વનો ત્યાગ કર્યા વિના સ્પષ્ટ વાત કરી શકાતી નથી અને કાર્યમાં સફળતા મળતી નથી. હું બધા જ વેદ-વિરુદ્ધ મત-પંથોની વિરુદ્ધ સાફ સાફ સત્ય કહેવા માંગું છું. આથી નિર્દ્વન્દ્વ થવું અત્યંત જરૂરી છે.'**

સ્વામીજી પર્ણકુટિમાં બેસીને આત્મલીન થઈ ગયા અને પોતાના ભાવિ કાર્યક્રમના નિર્ધારણ માટે બિલકુલ મૌન ધારણ કરીને ચિંતન કરવા લાગ્યા. પરંતુ તેમનું આ મૌનવ્રત બહુ ટક્યું નહિ. આ વિશે સ્વામીજીએ આત્મકથામાં કહ્યું છે : **'અહીં હરદ્વારમાં મેં જે મૌન ધારણ કર્યું હતું એ લાંબો સમય ટક્યું નહિ, કારણ કે હવે ઘણા લોકો મને ઓળખતા હતા. અને એક દિવસ એક માણસ મારી પર્ણકુટીના દ્વાર પર આવીને બકવા લાગ્યો : 'નિગમકલ્પતરોર્ગલિતં ફલમ્' એટલે કે ભાગવતથી અધિક બીજું કંઈ જ નથી, વેદ પણ ભાગવતથી નીચે છે. મારાથી આ સહન ન થયું. મેં મૌનવ્રત છોડીને ત્યાં જ ભાગવતનું ખંડન શરૂ કર્યું; અને એવો વિચાર કર્યો કે, ઈશ્વરની કૃપાથી મને જે થોડુંઘણું જ્ઞાન પ્રાપ્ત થયું છે તેનો સર્વત્ર પ્રચાર કરવો જોઈએ.'**

ગંગાતટ પર ધર્મપ્રચાર

આવો સંકલ્પ કરીને સ્વામીજીએ ગંગાની પાર રેતાળ કિનારા પર થોડો સમય તપશ્ચર્યા કરી અને પુનઃ કાર્યક્ષેત્રમાં ઝંપલાવ્યું. આ માટે તેમણે સંકલ્પ કર્યો : **'સંસ્કૃત સિવાય અન્ય કોઈ ભાષામાં સંભાષણ ન કરવું અને ભોજન માટે કોઈની પાસે યાચના ન કરવી, જે કંઈ માંગ્યા વિના મળે તેનો સ્વીકાર કરવો.'** સ્વામીજી ગઢમુક્તેશ્વર, કર્ણવાસ, ફરુખાબાદ, અનૂપશહેર, ચાસી, રામઘાટ, બેલોન, ગઢિયાઘાટ, સોરોં, અંબાગઢ વગેરે સ્થાનોમાં ભ્રમણ કરી ધર્મોપદેશ અને પૌરાણિક પંડિતો સાથે વિચાર-વિમર્શ અને શાસ્ત્રાર્થો કરતા રહ્યા.

કર્ણવાસમાં કેટલાક લોકોએ સ્વામીજીને પ્રશ્ન કર્યો : 'આપ શા માટે આવાં લોકહિતનાં તથા ધાર્મિક-સામાજિક સુધારણાનાં કાર્યોમાં પ્રવૃત્ત થયા છો ? શા માટે ખંડનમંડનની માથાકૂટમાં પડ્યા છો ? આ બધું છોડીને શા માટે પોતાનો મોક્ષ પ્રાપ્ત નથી કરી લેતા ?' સ્વામીજીનો ઉત્તર આપ્યો : **'હું આ કાર્ય પૂર્વજ ઋષિઓ અને ગુરુઓના ઋણથી મુક્ત થવા કરી રહ્યો છું. હું માત્ર મારા એકલાનો જ મોક્ષ નથી ઈચ્છતો, પરંતુ સંપૂર્ણ જનસમાજ પણ અનેક પ્રકારના ક્લેશોથી મુક્ત થઈને શ્રેયમાર્ગ પર આગળ વધીને મોક્ષપ્રાપ્તિ કરે તેમ હું ઈચ્છું છું.'**

એક સાધુએ કહ્યું : 'સ્વામીજી, તમે આ ખંડનમંડનના બખેડામાં ક્યાં પડ્યા છો ? શા માટે વેર વધારો છો ? અમારી માફક ખાઈ-પીને મસ્ત રહો.' સ્વામીજીએ કહ્યું : **'વેદપ્રચાર અને ધર્મોપદેશનું આ કાર્ય મારા માટે લડાઈ-બખેડાનું નથી. હું આ કાર્ય પૂર્વજ ઋષિઓના ઋણથી મુક્ત થવા કરી રહ્યો છું. સદીઓથી સ્વાર્થી લોકોએ ઋષિઓનાં સંતાનોને મિથ્યા આડંબરો અને રૂઢિઓની જાળમાં ફસાવી રાખ્યાં છે. હું આર્યજાતિને તેનું વિલુપ્ત થઈ ગયેલું ગૌરવ ફરીથી પ્રાપ્ત કરાવવા પ્રવૃત્ત છું. મને મારા આ કર્તવ્યનું પાલન કરવામાં અતુલ આનંદ મળે છે.'**

કર્ણવાસમાં બરૌલીના રાવ કર્ણસિંહે સ્વામીજીને રાસલીલામાં આવવાનું આમંત્રણ આપ્યું, પરંતુ સ્વામીજીએ કહ્યું : 'રાસલીલા અનુચિત છે, હું એવાં નિંદાસ્પદ કાર્યોમાં ભાગ લેતો નથી.' આથી કર્ણસિંહ સ્વામીજી પાસે આવ્યો અને એટલો ક્રોધિત થયો કે તેણે સ્વામીજીને મારવા તલવાર કાઢી. પરંતુ સ્વામીજીએ તલવાર પકડીને તેના બે ટુકડા કરી નાખ્યા. લોકોએ સ્વામીજીને તેની વિરુદ્ધ ફરિયાદ કરવા કહ્યું, પરંતુ સ્વામીજીએ કહ્યું : 'ના, કર્ણસિંહ પોતાના ક્ષત્રિય ધર્મ ચૂક્યો છે, હું મારો સંન્યાસ ધર્મ શા માટે છોડું ?'

સ્વામીજીએ અહીં એક નેવું વર્ષનાં હંસાદેવી નામનાં વૃદ્ધ મહિલાને ઈશ્વરના 'ઓમ્' નામનો તથા ગાયત્રીમંત્રનો અર્થસહિત જપ કરવાનો ઉપદેશ આપ્યો.

આધુનિક યુગનો કદાચ આ પહેલો પ્રસંગ હતો કે જ્યારે એક મહિલાને વેદોક્ત ગાયત્રીમંત્ર અને 'ઓમ્'ના જપનો અધિકાર આપવામાં આવ્યો હતો.

કર્ણવાસમાં જાન્યુઆરી ૧૮૬૮માં સ્વામીજીનો પંડિત હીરાવલ્લભ નામના એક ઉચ્ચ કોટિના શાસ્ત્રજ્ઞ વિદ્વાન સાથે ચારેક હજાર લોકોની હાજરીમાં મૂર્તિપૂજા પર સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ થયો. આ શાસ્ત્રાર્થ સતત છ દિવસ ચાલ્યો. છેલ્લા દિવસે પંડિતજીએ પોતાની હાર સ્વીકારી લીધી અને પોતાની પ્રતિજ્ઞા અનુસાર પોતાના આરાધ્ય દેવોની મૂર્તિઓને ગંગામાં સમર્પિત કરી દીધી. એક વિરોધી પંડિતની આવી સત્યનિષ્ઠા જોઈને સ્વામીજી ગદ્ગદ થઈ ગયા અને તેમણે પંડિતજીની ખૂબ જ પ્રશંસા કરી.

સ્વામીજી શાહબાજપુર હતા ત્યારે તેમને સમાચાર મળ્યા કે ૧૪ સપ્ટેંબર ૧૮૬૮ના રોજ મથુરામાં ગુરુદેવ સ્વામી વિરજાનંદજીનું દેહાવસાન થઈ ગયું છે. સ્વામીજી થોડી વાર ગંભીર અને મૌન રહ્યા અને અનાયાસ તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા : **'આજે વ્યાકરણનો સૂર્ય અસ્ત થઈ ગયો !'**

કાનપુરમાં વિજ્ઞાપન

શાહબાજપુરથી કકોડા, કાયમગંજ, ફરુખાબાદ, જલાલાબાદ, કન્નોજ વગેરેની યાત્રા કરીને સ્વામીજી જુલાઈ ૧૮૬૯માં કાનપુર પહોંચ્યા. તેમના આગમનના સમાચાર શહેરમાં વાયુવેગે ફેલાઈ ગયા. સેંકડો લોકો તેમનાં દર્શન કરવા અને પોતાની શંકાઓનું સમાધાન મેળવવા આવવા લાગ્યા. અહીં સ્વામીજીએ એક વિજ્ઞાપન સંસ્કૃતમાં પ્રકાશિત કરીને શહેરમાં અનેક જગ્યાએ લગાવડાવ્યું અને તેનું વિતરણ કર્યું. આ વિજ્ઞાપનમાં પોતાને માન્ય એવા વેદ, ઉપવેદ, વેદાંગ, ઉપનિષદ્, મનુસ્મૃતિ વગેરે કુલ એકવીસ ગ્રંથોની યાદી આપવામાં આવી હતી. એ ઉપરાંત તેમાં છોડવા યોગ્ય આઠ ગપ અને ગ્રહણ કરવા યોગ્ય આઠ સત્ય પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં, જે આ મુજબ હતાં : **આઠ ગપ :** ૧. મનુષ્યકૃત બ્રહ્મવૈવર્ત્ત પુરાણ વગેરે સર્વ ગ્રંથો. ૨. દેવતા બુદ્ધિથી કરવામાં આવતી પથ્થર વગેરેની પૂજા. ૩. શૈવ, શાક્ત, વૈષ્ણવ વગેરે સંપ્રદાયો. ૪. તંત્રગ્રંથોમાં કહેવાયેલો વામમાર્ગ. ૫. ભાંગ વગેરે માદક દ્રવ્યોનું સેવન. ૬. પરસ્ત્રીગમન એટલે કે વ્યભિચાર. ૭. ચોરી. ૮. છળ, કપટ, અભિમાન, મિથ્યાભાષણ. **આઠ સત્ય :** ૧. ઈશ્વરકૃત ઋગ્વેદાદિ ચાર વેદ અને ઋષિકૃત અન્ય એકવીસ ગ્રંથો. ૨. બ્રહ્મચર્યાશ્રમમાં રહીને ગુરુની સેવા અને સ્વધર્મના અનુષ્ઠાનપૂર્વક વેદોનું અધ્યયન. ૩. વેદોક્ત વર્ણાશ્રમ ધર્મ અને સંધ્યાવંદન, અગ્નિહોત્ર વગેરે કર્મો કરવાં. ૪. ધર્મશાસ્ત્ર માં વર્ણિત ઋતુકાલ વગેરેના નિયમો

અનુસાર ગૃહસ્થ ધર્મનું પાલન, પંચમહાયજ્ઞો અને શ્રૌત-સ્માર્ત કર્મો કરવાં. ૫. શમ, દમ, તપશ્ચરણ કરવાં અને યમથી લઈને સમાધિ સુધી ઉપાસના કરવી અને સત્સંગપૂર્વક વાનપ્રસ્થનું અનુષ્ઠાન કરવું. ૬. વિચાર, વિવેક, વૈરાગ્ય અને પરાવિદ્યાનો અભ્યાસ કરવો અને સંન્યાસ ગ્રહણ કરીને સર્વ કર્મોનાં ફળની ઇચ્છાઓનો ત્યાગ કરવો. ૭. જન્મ-મરણ, હર્ષ-શોક, કામ-ક્રોધ, લોભ-મોહ અને સંગદોષનો ત્યાગ કરવો. ૮. અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ આ ક્લેશોથી તથા તમસ્-રજસ્-સત્ત્વ ગુણોથી નિવૃત્ત થઈને પંચભૂતોથી અતીત થઈને મોક્ષરૂપ સ્વરાજ્યની પ્રાપ્તિ કરવી.

અહીં કાનપુરમાં વીસ-પચ્ચીસ હજાર શ્રોતાઓની હાજરીમાં પંડિત હલધર ઓઝા સાથે સ્વામીજીનો મૂર્તિપૂજા વિષયક પ્રસિદ્ધ શાસ્ત્રાર્થ થયો. કાનપુરના જોઈન્ટ મૅજિસ્ટ્રેટ થેયર્સ સાહેબે આ શાસ્ત્રાર્થના મધ્યસ્થી તરીકે સ્વામીજીના પક્ષમાં નિર્ણય આપ્યો. આ ગોરા અધિકારી સંસ્કૃત જાણતા હતા.

કાશી શાસ્ત્રાર્થ

૧૮૬૯માં સ્વામીજી કાશી પહોંચ્યા અને મૂર્તિપૂજા વિશે ત્યાંના પંડિતો સાથે ઐતિહાસિક શાસ્ત્રાાર્થ કર્યો. કાશીનરેશ મહારાજા ઈશ્વરીપ્રસાદ નારાયણસિંહ આ શાસ્ત્રાર્થના આયોજક અને સભાપતિ હતા. એવો ઉલ્લેખ મળે છે કે આ શાસ્ત્રાર્થ જોવા માટે પચાસ-સાઠ હજાર માણસો એકઠા થયા હતા. સ્વામીજી એકલા હતા. ફક્ત ઈશ્વર અને સત્ય જ તેમનાં સાથી-સંગી હતાં. સામે સ્વામી વિશુદ્ધાનંદ, બાલશાસ્ત્રી, તારાચરણ તર્કરત્ન જેવા કાશીના ત્રીસેક મુખ્ય પંડિતો અને અન્ય સેંકડો પંડિતો હતા. એમ કહી શકાય કે કાશીની સંપૂર્ણ વિદ્વત્તા દયાનંદને ગમે તે રીતે પછાડવા એકત્ર થઈ હતી. આ શાસ્ત્રાર્થમાં કાશીના પંડિતો મૂળ વિષય છોડીને અન્ય ગૌણ અને અપ્રાસંગિક મુદ્દાઓની ચર્ચામાં જ સમય વેડફતા રહ્યા, પરંતુ મૂર્તિપૂજાના સમર્થનમાં એક પણ વૈદિક પ્રમાણ પ્રસ્તુત કરી શક્યા નહિ. અંતે પંડિતોએ છળ-કપટનો આશ્રય લીધો અને શાસ્ત્રાર્થ અધૂરો મૂકીને જાણે પોતાનો વિજય થયો હોય તેવા દેખાવો કરવા લાગ્યા. સ્વામીજી ઉપર ઈંટ-પથ્થર ફેંકવામાં આવ્યાં અને તેમને ખતમ કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ રઘુનાથપ્રસાદ પાંડેય નામના પોલીસ ઇન્સ્પેક્ટરની સતર્કતા અને પ્રબંધને કારણે સ્વામીજી બચી ગયા. ભલે કાશીના પંડિતોએ પોતાની જીતની ઘોષણા કરી, પરંતુ પાયોનિયર, ક્રિશ્ચિયન ઇન્ટેલિજન્સર, હિંદુ પેટ્રિઅટ, તત્ત્વબોધિની, રોહલખંડ સમાચાર, પ્રત્યકપ્રનંદિની અથવા હિંદુ કોમેન્ટેટર, સહીફ-એ-આલમ વગેરે દેશનાં અનેક નિષ્પક્ષ સમાચારપત્રો તથા પત્રિકાઓએ સ્વામીજીનો પક્ષ

વિજયી રહ્યાની ઘોષણા કરી અને લખ્યું કે શાસ્ત્રાર્થમાં સ્વામીજી દ્વારા વારંવાર આગ્રહ કરવા છતાંય પ્રતિપક્ષી પંડિતો વેદોમાંથી એક પણ એવું પ્રમાણ રજૂ કરી શક્યા નહિ કે જેનાથી મૂર્તિપૂજાની વૈદિકતા સિદ્ધ થઈ શકે. આ શાસ્ત્રાર્થથી સ્વામીજીનું નામ દેશ-વિદેશમાં ગુંજતું થઈ ગયું અને તેમનાં અપૂર્વ પાંડિત્ય તથા પ્રગતિશીલ - ક્રાંતિકારી વિચારોની સર્વત્ર ચર્ચા થવા લાગી.

કાશીના પંડિતોએ સ્વામીજીની નિંદા કરતાં 'દયાનંદ પરાભૂતિ' અને 'દુર્જનમુખમર્દન' નામનાં પુસ્તકો લખ્યાં. અહીં સ્વામીજીને ભોજન અને પાનમાં ઝેર આપવાનું ષડ્યંત્ર પણ કરવામાં આવ્યું, પરંતુ સ્વામીજી સાવધાન હોવાથી બચી ગયા. શાસ્ત્રાર્થ બાદ સ્વામીજી બે મહિના કાશીમાં જ રહ્યા. પછી પ્રયાગના માઘી કુંભમાં પ્રચાર કરી મિરજાપુર આવ્યા અને અહીં વૈદિક પાઠશાળા શરૂ કરી. ફરી કાશી થઈને કાસગંજ આવ્યા અને અહીં પણ એક વૈદિક પાઠશાળા સ્થાપી. આ અગાઉ ફરુખાબાદમાં પણ એક પાઠશાળા શરૂ કરી હતી. સ્વામીજી વૈદિક વિદ્વાનોનું નિર્માણ કરવા ઇચ્છતા હતા. અનૂપશહરમાં એક પૂજારીએ સ્વામીજીને ઝેરવાળું પાન ખવડાવ્યું. સ્વામીજી બચી ગયા. શહેરના તહસીલદાર સૈયદ મહમદ સ્વામીજીના ભક્ત હતા. તેઓ અપરાધીને પકડીને સ્વામીજી પાસે લાવ્યા અને તેના પર કેસ કરવા કહ્યું. પરંતુ સ્વામીજીએ કહ્યું : **'હું સંસારના લોકોને કેદ કરવા નથી આવ્યો. હું તો તેઓને અજ્ઞાન, અવિદ્યા અને અંધકારના કારાગારમાંથી મુક્ત કરવા આવ્યો છું.'** આમ કહીને તેમણે અપરાધીને છોડી મૂકવા કહ્યું. સ્વામીજી રામઘાટ, ચાસી, છલેસર, ફરુખાબાદ, કાશી, મુગલસરાય, ડુમરાંવ, આરા, પટના વગેરે સ્થાનોમાં ધર્મપ્રચાર કરતાં કરતાં ભાગલપુર પહોંચ્યા અને ત્યાંથી કલકત્તા માટે પ્રસ્થાન કર્યું.

કલકત્તાની યાત્રા

૧૬ ડિસેમ્બર ૧૮૭૨ના રોજ સ્વામીજી કલકત્તા પહોંચ્યા. હાવરા રેલવે સ્ટેશન પર બેરિસ્ટર ચંદ્રશેખર સેન, પંડિત સત્યવ્રત સામશ્રમી, વ્યોમેશચંદ્ર બેનરજી (કે જેઓ ૧૮૮૫માં આયોજિત અખિલ ભારતીય રાષ્ટ્રીય કૉન્ગ્રેસના પ્રથમ અધિવેશનના સભાપતિ રહ્યા) વગેરે સ્વાગત માટે હાજર હતા. અહીં સ્વામીજી બેરિસ્ટર ચંદ્રશેખર સેન અને દેવેન્દ્રનાથ ટાગોર (રવીન્દ્રનાથ ટાગોરના પિતાજી)ના આમંત્રણથી પધાર્યા હતા. એ સમયે કલકત્તા દેશનું પાટનગર હતું અને સુધારણાનું મુખ્ય કેન્દ્ર હતું. સ્વામીજી દેવેન્દ્રનાથ ટાગોર, કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાજનારાયણ વસુ (શ્રી અરવિંદ ઘોષના નાના), ભૂદેવ મુખોપાધ્યાય, રમેશચંદ્ર દત્ત, રાજેન્દ્રલાલ મિત્ર, રામકૃષ્ણ પરમહંસ, અક્ષયકુમાર

દત્ત જેવા લગભગ તમામ ધાર્મિક, સામાજિક તથા શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓને મળ્યા અને તેઓની સાથે અનેક વિષયો પર વિચારવિમર્શ કર્યો. અહીં બ્રહ્મોસમાજના નેતાઓને મળીને સ્વામીજીને થયું કે કોઈ સુવ્યવસ્થિત સંગઠનના માધ્યમથી પોતાના કાર્યને વધુ સારી રીતે સંચાલિત કરી શકાય છે. સ્વામીજીએ અહીં પણ સંસ્કૃતમાં જ ભાષણો આપ્યાં. તેમનું સુમધુર સંસ્કૃત લોકોને પ્રભાવિત કરી ગયું અને તેમનું ચિંતન તો ત્યાંના સુધારાવાદી લોકોને પણ પ્રગતિશીલ અને ઉદાર જણાયું. બંગાળીમાં સ્વામીજીનું સર્વપ્રથમ જીવનચરિત્ર લખનાર અને તેમના પ્રત્યક્ષ-દ્રષ્ટા તથા શ્રોતા નગેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે આ વિશે લખ્યું છે : **'મેં જ્યારે સૌપ્રથમ વાર બાબુ કેશવચંદ્ર સેનના ભવનમાં સ્વામી દયાનંદનું વ્યાખ્યાન સાંભળ્યું ત્યારે મને એક નવીન વાત એ જોવા મળી કે મેં અગાઉ ક્યારેય કોઈના મુખેથી ઉચ્ચારિત થતી આટલી સુગમ અને મધુર સંસ્કૃત સાંભળી નહોતી. સ્વામીજી એટલી સરળ સંસ્કૃત બોલતા હતા કે જે લોકોને સંસ્કૃતનું નામમાત્રનું જ્ઞાન હતું તેઓ પણ તેમની વાત સરળતાથી સમજી લેતા હતા. મારા માટે બીજી આશ્ચર્યની વાત એ હતી કે અંગ્રેજી ભાષાનો એક પણ અક્ષર નહિ જાણનાર એક સંન્યાસીના મુખેથી ધર્મ અને સમાજ વિશે પ્રગટ થતા આટલા પ્રગતિશીલ અને ઉદાર વિચારો પણ મેં આ પહેલાં ક્યારેય સાંભળ્યા નહોતા.'**

દેવેન્દ્રનાથ ટાગોરે બ્રહ્મોસમાજના વાર્ષિકોત્સવમાં સ્વામીજીને વિશેષ અતિથિરૂપે પોતાના વિશાળ મહેલ જેવા ઘરે આમંત્રિત કર્યા. અહીં સ્વામીજીએ અનેક નેતાઓની હાજરીમાં પ્રવચન કર્યું અને વેદોની પ્રામાણિકતા પર વિચાર-વિમર્શ કર્યો. સાંજ થતાં સ્વામીજીને અહીં જ રોકાઈ જવા કહ્યું, પરંતુ એકાંતસેવી સ્વામીજીએ કહ્યું : **'હું ગૃહસ્થના ઘરે રહેવાનું પસંદ નથી કરતો.'** સાંજે તેઓ પોતાના ઉતારે જતા રહ્યા. રવીન્દ્રનાથ ટાગોર ત્યારે અગિયાર વર્ષના હતા. પરંતુ બાદમાં તેમણે પોતાના સંસ્મરણોનું વર્ણન કરતાં કહ્યું : **'સ્વામીજી બ્રહ્મોસમાજના માઘોત્સવમાં અમારા ઘરે આવ્યા હતા. આ પ્રસંગે બ્રહ્મોસમાજના બધા નેતાઓ હાજર હતા. મારા પિતાએ સ્વામીજીને ખૂબ જ સત્કાર-સ્વાગતપૂર્વક ઉપરના માળે એક રૂમમાં બેસાડ્યા હતા. સ્વામીજીનાં ઉજ્જ્વળ નેત્ર, હાસ્ય વેરતી મુખમુદ્રા, તેજોમય વાર્તાલાપ, સરળ અને મધુર આચરણથી સર્વ લોકો મુગ્ધ થઈ ગયા હતા. અમે બધા ભાઈઓએ તેમનાં ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યાં, તેમણે અમને આશીર્વાદ આપ્યા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, અક્ષયકુમાર દત્ત, રાજનારાયણ વસુ અને હેમચંદ્ર ચક્રવર્તી વગેરેનો તેમની સાથે વેદ અને બ્રહ્મોસમાજ વિશે વાર્તાલાપ થયો. પિતાજીના આદેશ અનુસાર અમે ભાઈઓએ**

(રવીન્દ્રનાથ અગિયાર ભાઈઓમાં સૌથી નાના હતા) **મળીને સ્વામીજી સમક્ષ વેદો અને ઉપનિષદોના મંત્રોનું ગાન કર્યું, જેથી સ્વામીજી ખૂબ જ પ્રસન્ન થયા. સ્વામીજીએ અમારા ઘરે માત્ર એક ગ્લાસ દૂધ જ પીધું હતું.'**

સ્વામીજી અહીં એક વેદ પાઠશાળા સ્થાપિત કરવા ઇચ્છતા હતા, પરંતુ સ્થાનીય નેતાઓની વેદાધ્યયન પ્રત્યેની નિષ્ઠાના અભાવે તેમની આ ઇચ્છા પૂરી ન થઈ શકી. સ્વામીજીએ અહીં બંગાળ એશિયાટિક સોસાયટીના કાર્યાલયની મુલાકાત લીધી અને ત્યાંથી કેટલાક ગ્રંથો ખરીદ કર્યા. ધર્મતત્ત્વ, સોમપ્રકાશ, ઇન્ડિયન મિરર, હિતૈષી, પતાકા, નેશનલ, બ્રાહ્મપત્રિકા વગેરેમાં સ્વામીજીનાં ભાષણો તથા વ્યક્તિત્વ વિષયક સમાચારો પ્રકાશિત થયા. લગભગ સાડાત્રણ મહિનાની કલકત્તાની આ યાત્રા અનેક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ રહી. હવે સ્વામીજીએ શરીર પર એકમાત્ર કૌપીનને બદલે પૂરાં વસ્ત્રો ધારણ કર્યાં અને સંસ્કૃતને બદલે હિંદીમાં ભાષણ આપવાનો નિર્ણય કર્યો.

હુગલી શાસ્ત્રાર્થ

૮ એપ્રિલ ૧૮૭૩ના રોજ સ્વામીજીનો હુગલીમાં વૃંદાવનચંદ્ર મંડલના નિવાસસ્થાને કાશીનરેશના મુખ્ય સભાપંડિત તારાચરણ તર્કરત્ન સાથે મૂર્તિપૂજા વિશે સંસ્કૃતમાં શાસ્ત્રાર્થ થયો અને એ જ સમયે તેનો બંગાળી અનુવાદ પણ પ્રકાશિત થયો. વલ્લભ સંપ્રદાયના અનુયાયી અને હિંદીના પ્રસિદ્ધ સાહિત્યકાર હરિશ્ચંદ્ર ભારતેન્દુએ આ જ વર્ષે આ શાસ્ત્રાર્થને હિંદીમાં અનૂદિત કરીને 'પ્રતિમા પૂજન વિચાર' શીર્ષક હેઠળ અઠ્ઠાવીસ પાનાંની એક પુસ્તિકા રૂપે કાશીથી પ્રકાશિત કર્યો. પંડિત તારાચરણ કલકત્તા આવ્યા ત્યારે સ્વામીજી પણ અહીં જ હતા. પરંતુ આ શાસ્ત્રાર્થમાં બન્યું એવું કે પંડિતજી પોતાની જ પ્રતિજ્ઞા ખંડિત કરી બેઠા અને પરાજિત થયા. આ વિશે સ્વામીજીએ 'હુગલી શાસ્ત્રાર્થ'માં લખ્યું છે : **'પછી પંડિતજી ચુપ થઈને ઉપર જતા રહ્યા. હું પણ તેમની પાછળ ઉપર જઈ રહ્યો હતો ત્યારે સીડીમાં પંડિતજી મળ્યા. મેં તેમનો હાથ પકડી લીધો અને કહ્યું : 'ઉપર આવો.' પછી ઉપર લઈ જઈ વૃંદાવનચંદ્ર વગેરે સૌની સમક્ષ મેં પંડિત તારાચરણને કહ્યું : 'આપ શા માટે આવો બખેડો કરતાં ફરો છો ?' ત્યારે તેમણે કહ્યું : 'હું તો કાક ભાષાનું (નવ્ય ન્યાયની જટિલ ભાષાનું) ખંડન કરું છું, સત્ય-શાસ્ત્ર ભણવા-ભણાવવાનો ઉપદેશ પણ કરું છું અને પાષાણાદિક મૂર્તિપૂજનને પણ મિથ્યા જ સમજું છું. પરંતુ જો હું સત્ય-સત્ય કહું તો મારી આજીવિકા નષ્ટ થઈ જાય અને કાશીરાજ મહારાજ જો સાંભળી જાય તો મને હાંકી કાઢે. આથી જેમ તમે સત્ય-સત્ય બોલો છો તેમ હું સત્ય-સત્ય કહી શકતો નથી.'**

એક દિવસ હેમચંદ્ર ચક્રવર્તીએ સ્વામીજીને પૂછ્યું : 'ભગવન્, મોટા મોટા ધુરંધર વિદ્વાનો આપની સાથે શાસ્ત્રાર્થ કરવા આવે છે અને મૂર્તિપૂજાનો બચાવ કરવાની કોશિશ કરે છે. શું એ બધા જ ભ્રાંતિમાં હશે ?' સ્વામીજીએ કહ્યું : **'સત્ય-અસત્યનો વિવેક થોડાઘણા લોકોને તો થતો હોય છે, પરંતુ મોટાભાગના પંડિતો અને પૂજારીઓ મૂર્તિપૂજાને પોતાની આજીવિકાનું સાધન સમજતા હોવાથી તેનો ત્યાગ કરવા તૈયાર થતા નથી.'**

સત્યાર્થપ્રકાશની રચના

સ્વામીજી હુગલીથી બર્દવાન, ભાગલપુર, પટના, છપરા, આરા, મિરજાપુર, પ્રયાગ, કાનપુર, લખનૌ, ફરુખાબાદ, કાશગંજ અને છલેસર વગેરે અનેક સ્થાનોમાં ધર્મોપદેશ અને પાખંડખંડન કરતાં કરતાં ૨૬ ડિસેમ્બર ૧૮૭૩ના રોજ અલીગઢ પહોંચ્યા. ડેપ્યુટી કલેક્ટર રાજા જયકિશનદાસે સ્વામીજીનું આતિથ્ય કર્યું. અહીં સ્વામીજીનો પ્રસિદ્ધ મુસ્લીમ નેતા સર સૈયદ અહમદખાન સાથે વાર્તાલાપ થયો અને સ્વામીજીએ તેમની હવન વિષયક શંકાઓ દૂર કરી.

જયકિશનદાસે એક દિવસ સ્વામીજીને નમ્રતાપૂર્વક કહ્યું : **'ભગવન્, આપના ઉપદેશામૃતનો લાભ ફક્ત એ જ લોકો ઉઠાવી શકે છે કે જેઓ આપનાં વ્યાખ્યાન સાંભળવા આવી શકે છે. પરંતુ જે લોકોને આપના મુખારવિંદથી ઉપદેશ શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું નથી તેઓ તો આ લાભથી વંચિત જ રહી જાય છે. આથી જો આપ આપનાં વ્યાખ્યાનોને ગ્રંથ રૂપે સંકલિત કરીને છપાવી દો તો જનતા પર મહાન ઉપકાર થશે અને ભારતનાં ભાવિ સંતાનો પણ તેનો લાભ ઉઠાવી શકશે.'** જયકિશનદાસે તેના પ્રકાશનની વ્યવસ્થા કરવાનું તથા એ માટેનો સઘળો ખર્ચ ઉઠાવવાનું વચન પણ આપ્યું. સ્વામીજીને આ વાત યોગ્ય લાગી અને તેઓ આ માટે રાજી થઈ ગયા. અહીંથી સ્વામીજી હાથરસ, વૃંદાવન, મથુરા, મુરસાન અને પ્રયાગ થઈને ૧૮૭૪ના મે મહિનામાં કાશી પધાર્યા ત્યારે જયકિશનદાસ ત્યાં ડેપ્યુટી કલેક્ટર હતા. તેમણે ચંદ્રશેખર નામના એક પંડિતને સ્વામીજીના લહિયા તરીકે નિયુક્ત કર્યા અને સ્વામીજીએ ૧૨ જૂન ૧૮૭૪ના રોજ હિંદીમાં સત્યાર્થપ્રકાશ લખાવવાનો આરંભ કર્યો. લગભગ સાડા ત્રણ જ મહિનામાં સત્યાર્થપ્રકાશનું લેખનકાર્ય પૂર્ણ કર્યું. સ્વામીજીએ આ ગ્રંથ લખાવવામાં પોતાની વ્યસ્ત દિનચર્યા વચ્ચે માત્ર સાડા ત્રણ મહિનાનો જ સમય લીધો, જે તેમનાં અગાધ પાંડિત્ય, અપૂર્વ સ્મરણશક્તિ, સુસ્પષ્ટ ચિંતન, અદ્‌ભુત ઊહા - તાર્કિકતા અને સતત સાધનાનો પુરાવો આપે છે. આ ગ્રંથનું પ્રથમ

સંસ્કરણ ૧૮૭૫માં જયકૃષ્ણદાસે પોતાના ખર્ચે પ્રકાશિત કર્યું. પરંતુ આ ગ્રંથ સ્વામીજીની દેખરેખ હેઠળ છપાયો ન હતો અને ન તો સ્વામીજીએ તેનાં પ્રૂફ પણ જોયાં હતાં. આથી કેટલાક લોકોના પ્રપંચને કારણે આ સંસ્કરણમાં મૃતક શ્રાદ્ધ, યજ્ઞમાં પશુહિંસા, માંસભક્ષણ વગેરેને લઈને અમુક ભળતાં જ વાક્યોનો સ્વામીજીની જાણ બહાર સમાવેશ કરી દેવામાં આવ્યો હતો. ગ્રંથ પ્રકાશિત થઈ ગયા બાદ જ્યારે સ્વામીજીને આ વાતની ખબર પડી ત્યારે તેમણે એક વિજ્ઞાપન પ્રકાશિત કરીને પોતાના ગ્રંથમાં રહી ગયેલી આ વિસંગતિઓ વિશે સ્પષ્ટતા કરી અને આગળ જતાં આ ગ્રંથને શુદ્ધ કરીને તેનું બીજું સંશોધિત સંસ્કરણ તૈયાર કર્યું, જે તેમના મૃત્યુના એક વર્ષ બાદ ૧૮૮૪માં પ્રકાશિત થયું.

સ્વામીજી કાશીથી પ્રયાગ આવ્યા. વાર્તાલાપના પ્રસંગમાં તેમણે મેક્સમૂલરના વેદ વિષયક વિચારોની આલોચના કરતાં કહ્યું : **'મેક્સમૂલર પોતાના ખ્રિસ્તી મત પ્રત્યેના પક્ષપાતને કારણે વેદોને ન્યાય આપવામાં અસફળ રહ્યા છે.'** એક પંડિતે સ્વામીજીને પૂછ્યું : 'તમે શા માટે દેશભરમાં કોલાહલ મચાવી રાખ્યો છે ?' સ્વામીજીએ ઉત્તર આપ્યો : **'મારા પહેલાં સાંપ્રદાયિક પંડિતોએ અહીં બહુ જ પાખંડ ફેલાવી રાખ્યું છે. પથ્થરોને પૂજતાં પૂજતાં તેઓની બુદ્ધિ પણ જડ થઈ ગઈ છે. લોકોમાં સત્ય-અસત્યનો વિવેક સાવ મંદ પડી ગયો છે. આથી મારા દ્વારા કરવામાં આવતા સત્ય સિદ્ધાંતોના પ્રચારને પણ તેઓ કોલાહલ મચાવવો સમજી રહ્યા છે.'**

મુંબઈની પ્રથમ યાત્રા

ઑક્ટોબર ૧૮૭૪માં સ્વામીજી પ્રયાગથી જબલપુર પહોંચ્યા. અહીંના એક્સ્ટ્રા આસિસ્ટંટ કમિશનર કૃષ્ણરાવે તેમને અહીં આમંત્રિત કર્યા હતા. કૃષ્ણરાવે પોતાના ઘરે સ્વામીજીનો એક ફોટો પડાવ્યો, જેમાં સ્વામીજી પાગડી અને ખડાઉ પહેરેલાં બેઠા છે અને બાજુમાં એક લાકડી જોવા મળે છે. અહીંથી સ્વામીજી નાસિક પહોંચ્યા. અહીં ચાર દિવસ રોકાયા અને બે પ્રવચનો કર્યાં. પ્રથમ પ્રવચન રામ મંદિરમાં થયું, જ્યારે બીજું પ્રવચન ગોદાવરી નદીના તટ પર થયું. સ્વામીજી પંચવટીમાં આવેલું એ મકાન જોવા ગયા કે જેના વિશે એવું કહેવાય છે કે રામચંદ્રજીએ વનવાસ દરમિયાન અહીં નિવાસ કર્યો હતો. સ્વામીજીએ પ્રવચનમાં કહ્યું : **'રામચંદ્રજી વનવાસ સમયે અહીં આવીને રોકાયા હતા, પરંતુ એથી આ સ્થાનને 'તીર્થ' માનવાનું કોઈ કારણ ખરું ? અહીં આવીને ગોદાવરીમાં સ્નાન કરવાથી પાપ ધોવાઈ જાય છે, એ માન્યતા ભૂલભરેલી છે.'** અહીં શાસ્ત્રાર્થનું આયોજન કરવામાં આવ્યું, પરંતુ પંડિતો ના આવ્યા. મુંબઈથી

નીકળતા 'ઇન્દુપ્રકાશ'માં સ્વામીજીની નાસિકયાત્રા વિશે વિવરણ પ્રકાશિત થયું હતું, જેમાં તેમની નિર્ભીક વાણી, વિલક્ષણ સ્મૃતિ, અદ્વિતીય વિદ્વત્તા અને અંધવિશ્વાસો વિરુદ્ધ ચલાવવામાં આવતા તેમના અભિયાન વિશે સુંદર ટિપ્પણી કરવામાં આવી હતી.

અહીંથી સ્વામીજી ઑક્ટોબર ૧૮૭૪માં મુંબઈ આવ્યા. સ્વામીજીને મુંબઈમાં આમંત્રિત કરનારાઓમાં શાંકર વેદાંતી જયકૃષ્ણ જીવનદાસ વ્યાસ અને વલ્લભાચાર્યના મતાનુયાયી ધરમસી ખીમજી આ બંને મુખ્ય હતા. ૧૮૬૯માં કાશીમાં સ્વામીજીનો પ્રસિદ્ધ શાસ્ત્રાર્થ થયો હતો ત્યારે આ બંનેને સ્વામીજીની અદ્ભુત તાર્કિકતા તથા વૈદુષ્યનો પરિચય થયો હતો. ધરમસી ખીમજી પોતાના જ તત્કાલીન વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યોના દુરાચારોથી ખૂબ જ નારાજ હતા અને તેમની ઇચ્છા હતી કે સ્વામી દયાનંદ જેવા ક્રાંતિકારી સુધારક મુંબઈ આવીને પોતાની વિદ્યા અને તાર્કિકતાના આધારે આ વૈષ્ણવ આચાર્યોની અનાચાર લીલાઓની પોલ ખોલીને તેના પર ઉગ્ર પ્રહાર કરે અને એક આંદોલન ચલાવે. જયકૃષ્ણ જીવનદાસ વ્યાસ પણ આવું જ ઇચ્છતા હતા. આથી તેમના આમંત્રણને માન આપીને સ્વામીજી મુંબઈ આવ્યા અને પોતાનાં ક્રાંતિકારી જલદ ભાષણોથી પૂરા શહેરમાં ખળભળાટ મચાવ્યો.

અહીં મુંબઈમાં સ્વામીજીને કચ્છના માંડવીમાં જન્મેલા શ્યામજી કૃષ્ણ વર્મા નામના એક પ્રતિભાશાળી વિદ્યાર્થીનો મેળાપ થયો. શ્યામજી સ્વામીજીના દૃઢ અનુયાયી થઈ ગયા અને આગળ જતાં તેઓ 'પંડિત' કહેવાયા અને ભારતીય સ્વાધીનતા સંગ્રામના મહાન ક્રાંતિકારી તરીકે પ્રસિદ્ધ થયા. અહીં સ્વામીજીનો મહારાષ્ટ્રના પ્રબુદ્ધ સુધારાવાદી અગ્રણીઓ સાથે સંપર્ક થયો, જેમાં મહાદેવ ગોવિંદ રાનડે, ડૉ. રામકૃષ્ણ ભંડારકર, શંકર પાંડુરંગ, વિષ્ણુ શાસ્ત્રી ચિપલૂણકર, ગોપાલરાવ હરિ દેશમુખ વગેરેનો સમાવેશ થાય છે. સ્વામીજી વલ્લભ મત, મૂર્તિપૂજા વગેરેનું તીવ્ર ખંડન કરતા હોવાથી વિરોધીઓ દ્વારા તેમને મારી નાખવાનાં અહીં અનેક પ્રયાસો કરવામાં આવ્યા. સાંપ્રદાયિકોએ સ્વામીજીના જ્ઞાનની પરીક્ષા કરવા ચોવીસ પ્રશ્નો 'પ-ગ-ન' એવા ગુપ્ત નામે લખીને મોકલ્યા. અનુમાન છે કે ૧૮૭૪માં સ્વામીજીના આ પ્રથમ મુંબઈ પ્રવાસ દરમિયાન 'પ-ગ-ન' નામથી જે અજ્ઞાત વ્યક્તિએ સ્વામીજીને ચોવીસ પ્રશ્નો પૂછ્યા હતા તે 'પ-ગ-ન' 'પંડ્યા ગોપાળજી નરભેરામ' હોવા જોઈએ. ડૉક્ટર ચીમનલાલ મ. વૈદ્ય રચિત અને શુદ્ધાદ્વૈત સંસદ, મોડાસા દ્વારા ૧૯૫૬માં પ્રકાશિત 'ભારતમાર્તંડ વેદાંત ભટ્ટાચાર્ય પંડિત શ્રી ગટ્ટુલાલજી' નામના ગુજરાતી

પુસ્તકના પાન ૬૭ પર લખ્યું છે : 'સં. ૧૯૩૧ના કારતક સુદ ૨-ને દિવસે કેટલાએક શોખીન સદગૃહસ્થોની ખાનગી મંડળી એકઠી થઈ, ત્યાં જે વિચાર કર્યો તે પ્રમાણે પંડ્યા ગોપાળજી નરભેરામ નામના પુરુષે ચોવીસ પ્રશ્નો લખી એક હેન્ડબિલ કારતક સુદ ૪ને દહાડે બહાર પાડ્યું.' સ્વામીજીએ તરત જ આ તમામ પ્રશ્નોના ઉત્તર સ્વામી પૂર્ણાનંદ નામના પોતાના એક સંન્યાસી ભક્તના માધ્યમથી આપ્યા. સોળમા પ્રશ્નના ઉત્તરમાં સ્વામીજીએ લખ્યું છે : **'હું સ્વતંત્ર નથી; પરંતુ વેદનો અનુયાયી છું.'** આ ઉત્તરોના અંતમાં લખ્યું છે : **'જો આપણે સૌ આર્યો વેદોક્ત ધર્મ વિશે પ્રીતિપૂર્વક અને પક્ષપાત છોડીને વિચારવિમર્શ કરીશું તો આપણું સર્વવિધ કલ્યાણ થશે. હું આ જ ઇચ્છું છું. એટલા માટે જો નિત્ય સભા થઈ શકતી હોય તો ખૂબ જ ઉત્તમ વાત છે. આપણે સૌએ જે પદ્ધતિથી આ વિવિધ પ્રકારના સંપ્રદાયોનો નાશ થઈ શકે એ પદ્ધતિનું અવલંબન કરવું રહ્યું.'**

સ્વામીજીએ પોતાની આ મુંબઈ અને ગુજરાતની યાત્રા દરમિયાન પંચમહાયજ્ઞવિધિ, સંસ્કારવિધિ, આર્યાભિવિનય, વેદાંતિધ્વાંતનિવારણ, વેદવિરુદ્ધમતખંડન અને શિક્ષાપત્રીધ્વાંતનિવારણ નામના ગ્રંથો લખીને પ્રકાશિત કર્યા. આ પૈકી છેલ્લા બે ગ્રંથોનો ગુજરાતી અનુવાદ શ્યામજી કૃષ્ણ વર્માએ કર્યો હતો, જે આ બંને ગ્રંથોના પ્રથમ સંસ્કરણમાં મૂળ સંસ્કૃત ભાગની સાથે જ પ્રકાશિત થયો હતો. સ્વામીજી વેદોનું ભાષ્ય લખવા વિચારી રહ્યા હતા. આથી તેમણે ઋગ્વેદના પ્રથમ સૂક્તના ભૌતિક અને પારમાર્થિક બે રીતે અર્થ કરીને ગુજરાતી અને મરાઠી અનુવાદ સહિત પ્રકાશિત કર્યા. તેમણે આ વેદભાષ્યના નમૂનાની પ્રતો કાશીના પંડિત બાલશાસ્ત્રી અને સ્વામી વિશુદ્ધાનંદને પણ મોકલી. આ ઉપરાંત બુલંદશહરના કલેક્ટર એફ.એસ. ગ્રાઉસ તથા બનારસની ગવર્નમૅન્ટ સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ ગ્રિફિથ સાહેબને પણ આ વેદભાષ્યનો નમૂનો મોકલવામાં આવ્યો હતો, પરંતુ આ પૈકી અમુક વિદ્વાનોએ કશો પ્રતિભાવ ન આપ્યો અને અમુકે વિરુદ્ધ સંમતિ આપી.

જન્મભૂમિ ગુજરાતમાં

હવે સ્વામીજીનો ગુજરાતનો પ્રવાસ શરૂ થાય છે. ૧ ડિસેમ્બર ૧૮૭૪ના રોજ સ્વામીજી મુંબઈથી રેલગાડીમાં સુરત પહોંચ્યા. પંડિત દુર્ગારામ મહેતા અને કવિ નર્મદે સુરતમાં જુદાં જુદાં સ્થળે સ્વામીજીનાં પાંચ પ્રવચનોનું આયોજન કર્યું. ૭ ડિસેમ્બરે એક વ્યાખ્યાનમાં વિરોધીઓએ સભાભવનનો દરવાજો અંદરથી બંધ કરી દીધો અને વિનંતી કરવા છતાં પણ ન ખોલ્યો. આથી સ્વામીજીએ તેની બહાર એક ખુરશી પર બેસીને વેદમંત્રોના મધુર ઉચ્ચારણ સાથે પોતાનું ભાષણ

શાંતિપૂર્વક શરૂ કર્યું. ઉત્સુક શ્રોતાઓ પણ તડકામાં નીચે ધૂળમાં બેસીને સ્વામીજીને સાંભળતા રહ્યા. પાંચમું વ્યાખ્યાન કવિ નર્મદના ઘર પાસે થયું. સ્વામીજીએ મૂર્તિપૂજાનું ખંડન કર્યું. વિરોધીઓએ સ્વામીજી પર ઈંટ-પથ્થર ફેંક્યાં. સ્વામીજીએ કહ્યું : **'મારા જ બંધુઓએ ફેંકેલાં આ ઈંટ-પથ્થર મારા માટે પુષ્પવર્ષા સમાન છે.'** તે સમયનું ગુજરાતમિત્ર સ્વામીજી વિરુદ્ધ લખતું રહ્યું અને તેણે અંગ્રેજી શાસનને પણ સ્વામીજી વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયત્ન કર્યો કે જેથી તેમનાં વ્યાખ્યાન બંધ કરાવી શકાય.

સુરતનાં પ્રવચનો દરમિયાન એક શેઠ ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે સ્વામીજીને એક કિંમતી શાલ અર્પણ કરી. પરંતુ સ્વામીજીએ તેનો અસ્વીકાર કરતાં કહ્યું : **'ભાઈ, હું પુરાણપંથી કથાકાર કે કીર્તનકાર નથી. હું મારું કર્તવ્ય સમજીને ધર્મબોધ કરું છું. મને પ્રવચનના બદલામાં આવી ભેટ-દક્ષિણા ન ખપે.'**

સ્વામીજીના એક પ્રવચનમાં સુરતના એક ખૂબ જ પ્રતિષ્ઠિત વૃદ્ધ મોહનબાબા પધાર્યા અને સ્વામીજીને મળ્યા. તેમણે સ્વામીજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. તેઓ વડોદરાના નૃસિંહાચાર્યના ગુરુ હતા. તેઓ અદ્વૈતવાદી હતા, પરંતુ મૂર્તિપૂજા અને અન્ય સાંપ્રદાયિક પાખંડોના વિરોધી હતા. તેમના અતિ આગ્રહથી એક દિવસ સ્વામીજી, પંડિત દુર્ગારામ, કવિ નર્મદ અને પંડિત કૃષ્ણરામ વગેરે તેમના મઠે પહોંચ્યા. મોહનબાબાએ અત્યંત પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક સ્વામીજીને આવકાર્યા. તેમના વિશેષ આગ્રહથી સ્વામીજીએ અહીં ગુજરાતના રિવાજ મુજબ અબોટિયું પહેરીને ભોજન કર્યું. મોહનબાબાની શિષ્યાઓને સ્વામીજીનાં દર્શન કરવાની પ્રબળ ઇચ્છા હતી. સ્વામીજીએ પહેલાં તો પોતાના સંન્યાસ આશ્રમની મર્યાદાને ધ્યાનમાં લઈને મહિલા વર્ગ સમક્ષ જવામાં સંકોચ કર્યો અને ના પાડી, પરંતુ મોહનબાબાએ બહુ જ આગ્રહ કર્યો. આથી કવિ નર્મદ વગેરેએ પણ કહ્યું : 'સ્વામીજી, આપ તો જિતેન્દ્રિય છો અને આ શિષ્યા બહેનો આપનાં દર્શનની અભિલાષી છે. માટે આપ તેઓનું મન રાખો એવી અમારી પ્રાર્થના છે.' છેવટે સ્વામીજી નર્મદ વગેરેની સાથે મહિલાઓના ખંડમાં ગયા અને નીચી નજર ઠેરવીને બેઠા. શિષ્યાઓ સ્વામીજીનો ચરણસ્પર્શ કરવા માંગતી હતી, પરંતુ સ્વામીજીએ એમ કરવાની બિલકુલ મના કરી. શિષ્યાઓએ દૂરથી જ પુષ્પાંજલિ અર્પણ કરીને સ્વામીજી પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી.

એક દિવસ કતારગામના ખેતી કરતા અનાવિલ બ્રાહ્મણોએ સ્વામીજીને પોતાને ત્યાં પધારવા પ્રાર્થના કરી. સ્વામીજી તેનો સ્વીકાર કરીને ચાલતાં ચાલતાં ખેતરે ગયા. અહીં તેમણે આંબાવાડીમાં બેસીને ગ્રામજનોને ઉપદેશ આપ્યો અને

બાળવિવાહ જેવા કુરિવાજોથી બચવા પ્રેરિત કર્યા. સ્વામીજીએ કહ્યું : 'તમે લોકો સ્વયંને તુચ્છ ના સમજશો. તમે પરિશ્રમી છો, તમારી આજીવિકા નિર્દોષ છે. તમારી મહેનતથી ઉત્પન્ન થતા અન્નથી રાજા-પ્રજાનું પાલનપોષણ થાય છે.' ખેડૂતો ગદ્‌ગદ થઈ ગયા. તેઓએ જુવારનો પોંક પાડીને સ્વામીજીને આપ્યો, જે તેમણે બધાની સાથે ખૂબ જ પ્રેમથી આરોગ્યો.

સ્વામીજી સુરતથી ભરૂચ આવ્યા. અહીં માધવરાવ ત્રંબકરાવ નામના એક પંડિત સાથે શાસ્ત્રાર્થ કર્યો. સભામાં પંડિતજીનો એક શિષ્ય ઉગ્ર થઈ ગયો અને સ્વામીજી વિશે એલફેલ અને અશિષ્ટ બોલવા લાગ્યો. સ્વામીજીના સેવક બળદેવે તેને ધમકાવ્યો. પરંતુ સ્વામીજીએ તેમને રોકતાં કહ્યું : **'બળદેવ, તમે કોની પર કુપિત થઈ રહ્યા છો ? આખરે તે પણ આપણો ભાઈ જ છે. તેના કલ્યાણ અર્થે તો હું દિનરાત પ્રયત્નો કરી રહ્યો છું. માટે તમે મારાં માન-અપમાનની ચિંતા ના કરશો.'** ભરૂચમાં જન્મેલા દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ આ વિશે પોતાનાં સંસ્મરણો વ્યક્ત કરતાં લખ્યું છે : **'સ્વામીજી જ્યારે ભરૂચ પધાર્યા હતા ત્યારે હું વિદ્યાર્થી હતો. પરંતુ મને યાદ છે કે તેમની નિયમિતતા અદ્‌ભુત હતી. તેમણે ભરૂચના રસ્તાઓ તથા મંદિરોમાં વ્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો હતો, જેને લઈને શહેરમાં ભારે વિરોધ જાગ્યો હતો. પરંતુ સ્વામીજી પોતાના કાર્યમાં દૃઢ રહ્યા અને તેમનાં વક્તવ્યો પણ સફળ રહ્યાં.'** સ્વામીજી સ્ત્રીઓને સંબોધિત કરી ઉપદેશ આપવાનું ટાળતા હતા. પરંતુ એક દિવસ અહીં મોટી સંખ્યામાં ભાર્ગવ બ્રાહ્મણો અને સ્ત્રીઓ સ્વામીજીનો ઉપદેશ સાંભળવા આવ્યાં. આથી તેઓના વિશેષ અનુરોધને લીધે સ્વામીજીને અહીં આ સ્ત્રીઓને ઉપદેશ આપવો પડ્યો. સ્વામીજીએ કહ્યું : **'પતિસેવા કરવી એ સ્ત્રીઓનો ધર્મ છે અને પોતાના પતિ પાસેથી જ ઉપદેશ ગ્રહણ કરવો જોઈએ. મંદિર વગેરે સ્થાનોએ આવવું-જવું તથા ઢોંગી ગુરુઓ તથા પાખંડી સાધુ-સંન્યાસીઓનાં દર્શન કરવા માટે અહીં-તહીં ભટકતાં રહેવું એ સ્ત્રીઓ માટે અત્યંત અનુચિત છે. સ્ત્રીઓનો મુખ્ય ધર્મ પતિસેવા કરવી અને ઉત્તમ પ્રકારે સંતાનોનું પાલનપોષણ કરવું છે.'**

૧૧ ડિસેમ્બર ૧૮૭૪ની રાત્રે સ્વામીજી અમદાવાદ આવી પહોંચ્યા. રેલવે સ્ટેશન પર તેમના સ્વાગત માટે મહિપતરામ રૂપરામ, ગોપાલરાવ હરિ દેશમુખ જજ વગેરે પ્રતિષ્ઠિત પુરુષો હાજર હતા. સ્વામીજીએ માણિકેશ્વરના મંદિરમાં નિવાસ કર્યો. અહીં શરૂઆતમાં સ્વામીજીનાં ત્રણ પ્રવચનો થયાં. ૧૨ ડિસેમ્બરે પ્રથમ પ્રવચન હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં મૂર્તિપૂજા પર થયું. ૧૩ અને ૧૪મીએ સ્વામીજીનાં બીજાં બે પ્રવચનો માણિકેશ્વરના મંદિરમાં વર્ણવ્યવસ્થા પર થયાં.

સ્વામીજીનું એક પ્રવચન ટ્રેનિંગ કૉલેજમાં રાખવામાં આવ્યું. સ્વામીજીના અમદાવાદના પ્રવાસ વિશે ૪ જાન્યુઆરી ૧૮૭૪ના ટાઈમ્સ ઑફ ઇન્ડિયામાં સમાચાર પ્રકાશિત થયા હતા, જેમાં લખ્યું હતું : **'સ્વામીજી અમદાવાદમાં બે અઠવાડિયાંથી અધિક સમય રહ્યા. તેઓ એક દિવસ પ્રવચન અને બીજા દિવસે પોતાના મુકામ પર શંકા-સમાધાન કરતા હતા. તેઓ વેદોનું વિસ્તૃત જ્ઞાન ધરાવે છે. તેમણે હિંદુ ધર્મગ્રંથોનો ગહન અભ્યાસ કરેલો છે. એટલું જ નહિ, તેમને જૈન, ખ્રિસ્તી તથા ઇસ્લામ મતોના ગ્રંથોનું પણ જ્ઞાન છે. તેમની પ્રવચનશૈલી અત્યંત ઉત્તમ છે, જેથી વિશાળ સંખ્યામાં લોકો તેમને સાંભળવા આવે છે અને તેમને પસંદ કરે છે...અહીંના શાસ્ત્રીઓએ 'આ નિરંતર ભ્રમણ કરતાં સંન્યાસીની વાતોનો વિશ્વાસ ન થઈ શકે' એમ કહીને તેમની ઉપેક્ષા કરવાનો પ્રયાસ કર્યો. શાસ્ત્રીઓને શાસ્ત્રાર્થ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા, પણ તેઓ શાસ્ત્રાર્થ સ્થળે આવ્યા જ નહિ. અને જે પંડિતો આમંત્રણ વિના ત્યાં આવ્યા હતા તેઓ પણ એક કલાકથી વધુ સમય સ્વામીજી સાથે શાસ્ત્રચર્ચામાં ટકી શક્યા નહિ. શાસ્ત્રીઓનું કહેવું છે કે, દયાનંદના વિજયનું કારણ એ છે કે સુધારક દળના લોકો તેમનો પક્ષ લે છે અને તેમના પ્રત્યે સહાનુભૂતિ રાખે છે.'**

સ્વામીજી અમદાવાદથી પ્રસ્થાન કરી ગયા પછી ૭ જાન્યુઆરી ૧૮૭૫ના 'હિતેચ્છુ' સાપ્તાહિકમાં તેમના વિશે વિસ્તૃત સમાચાર પ્રકાશિત થયા હતા, જેમાં લખ્યું હતું : **'પંડિત દયાનંદે અમદાવાદમાં થોડા જ દિવસ રોકાઈને અહીંના લોકોને અને તેમાંય ખાસ કરીને શિક્ષિત લોકોને આશ્ચર્યચકિત અને આહ્લાદિત કરી દીધા. લોકો આશ્ચર્યચકિત એટલા માટે થયા કે તેઓએ ગુજરાતમાં કોઈ શાસ્ત્રી કે પંડિતને હિંદુધર્મની આટલી યોગ્યતા અને બુદ્ધિમત્તાથી વ્યાખ્યા કરનાર જોયો કે સાંભળ્યો જ ન હતો કે જે પ્રકારે સ્વામી દયાનંદ વ્યાખ્યા કરે છે. અને લોકો આહ્લાદિત એટલા માટે થયા કે પવિત્ર વેદોની દયાનંદ દ્વારા કરવામાં આવતી વ્યાખ્યા તેઓના વિચારોને અનુકૂળ જણાઈ. એમાં કોઈ સંદેહ નથી કે પંડિત દયાનંદનું સંસ્કૃત સાહિત્યનું જ્ઞાન અતિ વિશાળ છે...નિસ્સંદેહ હિંદુઓને વર્તમાન પતિત અવસ્થામાંથી બહાર લાવવા માટે પંડિત દયાનંદની જ જરૂર છે...જે બૂરાઈઓને લીધે વર્તમાન હિંદુસમાજ હાનિ ઉઠાવી રહ્યો છે, તેને દૂર કરવા માટે પંડિત દયાનંદે આર્યસમાજ અને વૈદિક પાઠશાળા સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ બંને સંસ્થાઓ બહુ જ લાભકારી નીવડશે એ વિશે કોઈ શંકા નથી. પરંતુ એવું લાગે છે કે અમદાવાદના લોકો હજુ સુધી પોતાના પરંપરાગત અને જાતિગત સંસ્કારોને તિલાંજલિ આપીને એક સમાજ-સંગઠનમાં સંમિલિત થવા માટે તૈયાર નથી.'**

કેટલાંક જીવનચરિત્રોમાં સ્વામીજી અમદાવાદથી એક દિવસ નડિયાદ ગયા હતા એવો પણ ઉલ્લેખ જોવા મળે છે.

રાજકોટમાં વિશ્વના પ્રથમ આર્યસમાજની સ્થાપના

સ્વામીજી ૩૧ ડિસેમ્બર ૧૮૭૪ના રોજ રાજકોટ પહોંચ્યા. ત્યાં કેમ્પની ધર્મશાળામાં નિવાસ કર્યો. અહીં જે પ્રવચનો થયાં તેના વિષય હતા : ઈશ્વર, ધર્મોદય, વેદોનું અનાદિત્વ અને અપૌરુષેયત્વ, પુનર્જન્મ, વિદ્યા અને અવિદ્યા, મોક્ષ અને બંધ, આર્યોનો ઇતિહાસ અને માનવ-કર્તવ્ય. પ્રવચનોના આ વિષય સ્વામીજીએ નક્કી કર્યા ન હતા, પરંતુ લોકોએ જ સૂચવ્યા હતા. સ્વામીજીનાં પ્રવચનો અત્યંત અસરકારક રહ્યાં. તેમનું વેદ વિષયક પ્રવચન અપૂર્વ ઢંગનું હતું. હરગોવિંદદાસ કાંટાવાળાએ કહ્યું : 'એ પ્રવચનમાં અમને સ્વામીજીની વિદ્વત્તા, ગંભીર ચિંતન અને સૂક્ષ્મ વિચારોનો પરિચય મળ્યો. મેં આવી વક્તૃતા પહેલાં ક્યારેય સાંભળી નહોતી.' અહીં રાજકુમાર કૉલેજમાં અહિંસા પર પ્રવચન કર્યું. સ્વામીજીએ આ પ્રવચનમાં માંસભક્ષણના દોષો બતાવ્યા અને માંસ પ્રાણીઓની અન્યાયપૂર્વક હિંસા દ્વારા પ્રાપ્ત થતું હોવાથી નૈતિક દૃષ્ટિએ પણ માંસાહાર પાપ છે તેની સુંદર છણાવટ કરી. આ પ્રવચન સાંભળીને પ્રિન્સિપાલ મેકનાટન ચકિત રહી ગયા. તેમને સ્વામીજીની દલીલો સ્પર્શી ગઈ. સ્વામીજી રાજકોટમાં હતા એ દરમિયાન અહીં એક રાજવી સંમેલન મળ્યું હતું, જેમાં જૂનાગઢના દીવાન ગોકુળજી ઝાલા પણ આવ્યા હતા. તેઓ સ્વામીજીને મળ્યા અને ધાર્મિક વિષયો પર વાર્તાલાપ કરતા રહ્યા. સ્વામીજીના એક પ્રવચનમાં મોરબીનરેશ વાઘજી ઠાકોર પણ હાજર હતા અને તેમણે સ્વામીજી સાથે વાર્તાલાપ પણ કર્યો. મોરબીના દીવાન ભાણજી કાનજીએ સ્વામીજીના જીવનચરિતકાર દેવેન્દ્રનાથ મુખોપાધ્યાયને ૧૩ જૂન, ૧૯૧૨ના રોજ અંગ્રેજીમાં લખેલા એક પત્રમાં આ બાબતે આ મુજબ જણાવ્યું હતું : **'હાલના મોરબીના મહારાજાએ (વાઘજી ઠાકોરે) ૧૮૭૫માં રાજકોટ મુકામે સ્વામી દયાનંદનું એક ભાષણ સાંભળ્યું હતું. ભાષણ પૂરું થયા પછી સ્વામી દયાનંદ તેમને મળ્યા હતા અને તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમાં સ્વામીજીએ જણાવ્યું હતું કે, 'હું આપના રાજ્યનો છું.' આ સાંભળીને મોરબીનરેશે ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'આ જાણીને હું ગૌરવ અનુભવું છું.'**

વર્ષો બાદ ૧૯૧૦માં મોરબીનરેશ વાઘજી ઠાકોર લાહોર ગયા હતા. ત્યાં સનાતનધર્મસભાનું એક પ્રતિનિધિમંડળ તેમને મળવા આવ્યું અને પ્રાર્થના કરી : 'આપ સનાતનધર્મી હોવાથી દયાનંદના મતથી સનાતનધર્મની રક્ષા કરો.' આ

સાંભળીને વાઘજી ઠાકોરે કહ્યું : **'તમે લોકો એ દયાનંદની વાત કરી રહ્યા છો કે જેમનો જન્મ મારી રિયાસતમાં થયો છે ? જો તમે લોકો તેમના વિશે કહેતા હો તો તમે મોટી ભૂલ કરી રહ્યા છો. તેમણે જ તો આપણા ગરક થઈ જતા સનાતનધર્મને બચાવી લીધો છે. જો એ મહાપુરુષ જન્મ્યો ન હોત તો આજે સમસ્ત હિંદુઓ ખ્રિસ્તી અને મુસલમાન થઈ ગયા હોત અને તમારી આ વર્તમાન સનાતનધર્મસભા પણ નામશેષ થઈ ગઈ હોત. મારા હૃદયમાં એ દયાનંદ માટે અત્યંત પૂજ્યભાવ છે અને મને એ વાતનું અભિમાન છે કે, તેમના સંબંધીઓ હજુ સુધી મારી રિયાસતમાં મોટા મોટા પદો પર નિયુક્ત છે.'** આ સમાચાર ફરુખાબાદથી પ્રકાશિત થતાં 'ભારત સુદશા પ્રવર્ત્તક' માસિકના મે ૧૯૧૧ના અંકમાં પાન ૮ પર પ્રકાશિત થયા હતા.

સ્વામીજીએ સર્વપ્રથમ રાજકોટમાં આર્યસમાજ સ્થાપિત કર્યો. કુલ ત્રીસ લોકો આર્યસમાજના સભ્ય બન્યા. આર્યસમાજના નિયમો ઘડવામાં આવ્યા અને પ્રકાશિત પણ કરવામાં આવ્યા. દર રવિવારે અધિવેશન યોજાશે એવું નક્કી થયું. પરંતુ વડોદરાના મહારાજા મલ્હારરાવને અંગ્રેજોએ પદભ્રષ્ટ કર્યા હતા એ રાજનીતિક ઘટનાને લઈને ઊભા થયેલા એક વિવાદને કારણે આ આર્યસમાજ સ્વામીજીના રાજકોટથી ગયા પછી ચારેક મહિનામાં જ બંધ થઈ ગયો. ભલે આ આર્યસમાજ તત્કાળ બંધ થઈ ગયો હોય, પરંતુ એ વિશ્વનો સર્વપ્રથમ આર્યસમાજ હતો એ નિર્વિવાદ હકીકત છે. સ્વામીજીએ ૧૮ જાન્યુઆરી ૧૮૭૫ના રોજ રાજકોટથી પ્રસ્થાન કર્યું. ચોટીલા અને વઢવાણ થઈને તેઓ અમદાવાદ જવા નીકળ્યા. પોતાનું જન્મસ્થાન ટંકારા રાજકોટથી નજીક હતું, પણ તેઓ ત્યાં ગયા હતા એ વાતનું કોઈ પ્રમાણ મળતું નથી. સ્વામીજી ૨૧ જાન્યુઆરી ૧૮૭૫ના રોજ અમદાવાદ આવી પહોંચ્યા. અહીં પણ આર્યસમાજની સ્થાપના માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. સ્વામીજીએ પોતાના એક પ્રવચનમાં ભારતના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવીને દેશવાસીઓને પરસ્પર એકતા અને સૌહાર્દના ભાવ સ્થાપિત કરવા કહ્યું. બીજું પ્રવચન બાળવિવાહથી થતી હાનિઓ પર થયું, જે હૃદયદ્રાવક હતું.

મુંબઈમાં આર્યસમાજની સ્થાપના

સ્વામીજી ૨૯ જાન્યુઆરી ૧૮૭૫ના રોજ અમદાવાદથી પ્રસ્થાન કરીને એ જ દિવસે મુંબઈ પહોંચ્યા અને વાલકેશ્વરની ગૌશાળામાં નિવાસ કર્યો. મુંબઈમાં પણ સ્વામીજીના કેટલાક ભક્તો અને પ્રશંસકોએ વૈદિક ધર્મના સાર્વત્રિક પ્રચાર-પ્રસાર માટે એક નવીન સમાજ કે સંગઠન ઊભું કરવા સૂચવ્યું. ત્યારે સ્વામીજીએ

એ લોકો સમક્ષ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં કહ્યું : **'ભાઈ, મારો કોઈ સ્વતંત્ર મત નથી, પરંતુ હું તો વેદને આધીન છું. આપણા ભારતવર્ષમાં પચીસ કરોડ** (ભારતવર્ષની તે સમયની જનસંખ્યા) **આર્યો છે. કોઈ કોઈ વાતોમાં કોઈ કોઈમાં થોડો થોડો ભેદ છે, જે વિચાર કરવાથી પોતાની મેળે જ છૂટી જશે. હું સંન્યાસી છું, અને મારું કર્તવ્ય એ જ છે કે તમારા લોકોનું જે અન્ન ખાઉં છું તેના બદલામાં જે સત્ય સમજું છું તેનો નિર્ભયતાથી ઉપદેશ કરું છું. હું કોઈ કીર્તિનો રાગી નથી. ચાહે કોઈ મારી સ્તુતિ કરે કે નિંદા, હું મારું કર્તવ્ય સમજીને ધર્મબોધ કરું છું. ચાહે કોઈ માને કે ન માને, એમાં મારો કોઈ હાનિ-લાભ નથી. આપ લોકો જો સમાજ ઊભો કરી તેના દ્વારા પુરુષાર્થ કરી પરોપકાર કરી શકતા હો તો સમાજ સ્થાપિત કરી લો, એમાં મારી કોઈ મનાઈ નથી; પરંતુ જો તેમાં યથોચિત વ્યવસ્થા નહિ રાખો તો આગળ જતાં ગડબડાધ્યાય થઈ જશે. અને હું તો જેવો બીજા લોકોને ઉપદેશ આપું છું તેવો જ ઉપદેશ આપ લોકોને પણ આપવાનો છું. અને એટલું લક્ષ્યમાં રાખજો કે મારો કોઈ સ્વતંત્ર મત નથી, અને હું સર્વજ્ઞ પણ નથી. આથી જો આગળ જતાં મારી પણ કોઈ ભૂલ નજરે પડે તો યુક્તિપૂર્વક પરીક્ષા કરીને તમે તેને પણ સુધારી લેજો. જો એમ નહિ કરો તો આગળ જતાં આ (આર્યસમાજ) પણ એક મત (સંપ્રદાય) બનીને રહી જશે. અને આવી જ રીતે 'બાબા વાક્યં પ્રમાણં' કરીને આ ભારતવર્ષમાં વિવિધ પ્રકારના મતમતાંતરો પ્રચલિત થઈને, અંદરોઅંદર દુરાગ્રહ રાખીને, ધર્માંધ થઈને, લડાઈ-ઝઘડા કરીને, વિવિધ પ્રકારની સદ્વિદ્યાનો નાશ કરીને આ ભારતવર્ષ દુર્દશાને પ્રાપ્ત થયો છે, તેમાં આ પણ એક મત વધશે. મારો અભિપ્રાય તો એવો છે કે આ દેશમાં અનેક પ્રકારના મત-મતાંતર પ્રચલિત છે, છતાં પણ એ બધા વેદોને માને છે. આથી વેદશાસ્ત્રરૂપી સમુદ્રમાં આ બધા જ નદી-નાવને પુનઃ ભેળવી દેવાથી ધર્મ-એકતા નિર્માણ થશે. અને તેથી સાંસારિક અને વ્યાવહારિક સુધારણા થશે, અને તેનાથી કલા-કૌશલ વગેરે સર્વ પ્રકારના સુધારાઓ થવાથી મનુષ્યમાત્રનું જીવન સફળ થશે અને છેવટે સૌ કોઈ પોતાના ધર્મબળથી અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરી શકશે.'**

આમ, સ્વામીજીએ આર્યસમાજના સદસ્યો અને પોતાના પ્રશંસકોને વ્યક્તિપૂજાની વિઘાતક અસરોથી બચાવવા અભૂતપૂર્વ સંયમ અને સતર્કતાથી કામ લીધું છે. સ્વામીજી અનેક મત-સંપ્રદાયો અને મજહબોમાં પ્રચલિત તેમના સ્થાપકો, મહંતો, ગાદીપતિઓ વગેરેની વ્યક્તિપૂજાની વિકૃતિઓ જોઈ ચૂક્યા હતા. તેઓ જાણતા હતા કે સંસ્થા કે સંગઠન પણ જ્યારે વ્યક્તિ-કેન્દ્રિત થઈ જતું હોય છે ત્યારે તેમાં ગુરુડમ અથવા વ્યક્તિપૂજા પ્રવેશતી હોય છે, જે આગળ જતાં

અનેક દૂષણો પેદા કરે છે. આથી તેઓ આર્યસમાજને લોકતાંત્રિક પદ્ધતિથી સંચાલિત કરવા ઇચ્છતા હતા અને સ્વયંને માત્ર વૈદિક ધર્મના એક પ્રચારક કે ઉપદેશક જ માનતા હતા. આખરે ૧૦ એપ્રિલ ૧૮૭૫ તદનુસાર ચૈત્ર સુદ પાંચમ, સંવત ૧૯૩૧, શનિવારના રોજ મુંબઈના ગિરગાંવ વિસ્તારમાં ડૉક્ટર માણેકજી અદરેજી નામના એક પારસી સજ્જનના બાગમાં આર્યસમાજની વિધિવત્ સ્થાપના કરવામાં આવી, જેને સામાન્ય રીતે વિશ્વનો સર્વપ્રથમ આર્યસમાજ ગણવામાં આવે છે. આર્યસમાજના અઠ્ઠાવીસ નિયમો નક્કી કરવામાં આવ્યા, જેમાં સૈદ્ધાંતિક બાબતોની સાથે સાથે વ્યવસ્થા સંબંધી નિયમો પણ શામિલ હતા. લોકતાંત્રિક પદ્ધતિથી ગિરધરલાલ કોઠારી તથા પાનાચંદ પારેખને પ્રમુખ તથા મંત્રી ચૂંટવામાં આવ્યા. શરૂઆતમાં આર્યસમાજના સદસ્યોની સંખ્યા ૧૦૦ થઈ ગઈ. સદસ્યોએ સ્વામીજીને આર્યસમાજના સંસ્થાપક અથવા અધ્યક્ષ બનવા અનુરોધ કર્યો, પરંતુ તેમણે એ વાતનો અસ્વીકાર કર્યો. જ્યારે બધાએ બહુ જ આગ્રહ કર્યો ત્યારે તેમણે પોતાનું નામ સામાન્ય સદસ્યોની યાદીમાં લખવાની મંજૂરી આપી. આર્યસમાજ મુંબઈના સદસ્યોની આ યાદીમાં સ્વામીજીનું નામ એકત્રીસમા ક્રમે લખવામાં આવ્યું. હરિશ્ચંદ્ર ચિંતામણિએ ખૂબ જ આગ્રહ કરીને સ્વામીજીનો એક ફોટો તૈયાર કરાવ્યો, પરંતુ સ્વામીજીએ એ આશંકાથી કે આગળ જતાં કોઈ ભાવિક લોકો સ્મરણ કે સામાન્ય પરિચયના હેતુથી રાખવામાં આવેલા તેમના આવા ફોટાની પૌરાણિક કુસંસ્કારોની અસરને કારણે વિવેક ભૂલીને પૂજા ન કરવા માંડે, તેને આર્યસમાજના ભવનમાં ન લગાડશો એવો આદેશ કર્યો. જોકે આજકાલ તો અનેક આર્યસમાજોમાં સ્વામી દયાનંદ ઉપરાંત શ્રીરામ, શ્રીકૃષ્ણ, રાણા પ્રતાપ, શિવાજી, ગુરુ ગોવિંદસિંહ, ભગતસિંહ, ગુરુ વિરજાનંદ, સ્વામી શ્રદ્ધાનંદ, પંડિત લેખરામ, પંડિત ગુરુદત્ત વિદ્યાર્થી, લાલા લજપતરાય, સુભાષચંદ્ર બોઝ વગેરે મહાપુરુષોનાં ચિત્રો જોવા મળે છે. પરંતુ ત્યાં એ ચિત્રોની પૂજા-અર્ચના બિલકુલ કરવામાં આવતી નથી. કેવળ સ્મરણ, પરિચય, ઇતિહાસ-સુરક્ષા વગેરેની દૃષ્ટિએ જ આ ચિત્રો રાખવામાં આવે છે. સ્વામીજીએ પોતાનો ફોટો આર્યસમાજમાં ન મૂકશો એવી ભલામણ કદાચ એ આશંકાથી કરી હતી કે ક્યાંય કોઈ અપરિપક્વ અને ભાવિક અનુયાયી એ ફોટાની પૂજા કરવા ન માંડે. જોકે આર્યસમાજની જાગરૂકતાને કારણે આવી કોઈ પૂજા કરવામાં આવતી નથી; માત્ર એક નિરાકાર સર્વવ્યાપક વેદોક્ત ઈશ્વરની જ ઉપાસના કરવામાં આવે છે. આ બાબતે આર્યસમાજને બિરદાવવો જ રહ્યો.

આર્યસમાજની સ્થાપના પછી તેની સાપ્તાહિક સભાઓમાં સ્વામીજીનાં પ્રવચનો થતાં રહ્યાં. સ્વામીજીએ પંડિત કમલનયનને મૂર્તિપૂજા વિશે શાસ્ત્રાર્થ

કરવા પડકાર્યા, પણ પંડિતજી પહેલાં તો બહાનાં કાઢતા રહ્યા અને છેવટે સભાસ્થળે આવ્યા તો ખરા. સ્વામીજીએ પંડિતજીને કહ્યું : **'હું છેલ્લાં અનેક વર્ષોથી સમસ્ત ભારતમાં મૂર્તિપૂજાની અવૈદિકતાનો ડિંડિમઘોષ કરતો ઘૂમી રહ્યો છું અને મારો સુનિશ્ચિત મત છે કે ચારે વેદોમાં ક્યાંય પથ્થર વગેરેમાંથી બનાવેલી મૂર્તિઓના આવાહન, પૂજન, વિસર્જન વગેરેનો કોઈ જ ઉલ્લેખ નથી. છતાંય જો તમે તમારા પક્ષના સમર્થનમાં કોઈ પ્રમાણ જાણતા હો તો પ્રસ્તુત કરી શકો છો, જેની પર જરૂર વિચાર કરવામાં આવશે.'** પરંતુ પંડિતજી મૂર્તિપૂજાનું સમર્થન કરતું એક પણ શાસ્ત્રવચન રજૂ કરી શક્યા નહિ અને હતપ્રભ થઈને સભામાંથી ઊઠીને ચાલ્યા ગયા. આ અગાઉ મુંબઈમાં પંડિત ગટ્ટુલાલે પણ શાસ્ત્રાર્થ ટાળવા બહુ જ બહાનાં કાઢ્યાં હતાં. આથી તત્કાલીન વૈષ્ણવ સમુદાય સ્વામીજીથી ખૂબ જ નારાજ હતો. સમુદ્રતટ પર ભ્રમણ કરતી વખતે કોઈ કોઈ વાર સ્વામીજીને ભારતતત્ત્વવિદ્ ડૉ. એચ. એચ. વિલસનનો ભેટો થઈ જતો અને બંને વચ્ચે વિવિધ વિષયો પર વાર્તાલાપ થતો.

પૂનામાં વ્યાખ્યાનો અને વિરોધીઓ દ્વારા તોફાનો

મુંબઈમાં લગભગ પોણા પાંચ મહિના નિવાસ કરીને સ્વામીજી મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સમાજ સુધારક ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે, મહાદેવ મોરશ્વર કુંટે વગેરેના નિમંત્રણ પર ૨ જુલાઈ ૧૮૭૫ના રોજ પૂના પધાર્યા. સ્વામીજીએ અહીંના પંડિતોને શાસ્ત્રાર્થનું ખુલ્લું આમંત્રણ આપ્યું, પરંતુ કોઈ એ માટે આગળ ન આવ્યું. અહીં સ્વામીજીએ કુલ પચાસ પ્રવચનો કર્યાં, જે પૈકી બુધવાર પેઠમાં ભિડેના વાડેમાં આપેલાં પંદર પ્રવચનોના મુખ્ય મુખ્ય અંશ લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા, જે બાદમાં 'ઉપદેશ મંજરી' નામના પુસ્તક રૂપે પ્રકાશિત થયા. સ્વામીજીએ અહીં ૩ ઓગસ્ટ ૧૮૭૫ના રોજ રાતે આઠ વાગ્યે ઇતિહાસ વિષય પર આપેલા વ્યાખ્યાનમાં કહ્યું : **'આપણા શાસ્ત્રી ભાઈઓ હઠાગ્રહ રાખે છે, એ આપણા સૌનું દુર્ભાગ્ય છે. આપણા ભરતખંડ દેશમાંથી વેદોનો મોટા ભાગનો ધર્મ લુપ્ત થઈ ગયો છે અને જે શેષ બચ્યો છે એ પણ આપણા સૌના પ્રમાદથી નષ્ટ થઈ રહ્યો છે અને તેની જગ્યાએ પાખંડ, અનાચાર અને દંભ વધી રહ્યાં છે. સદાચાર અને સત્યથી આપણે દૂર જઈ રહ્યા છીએ. તેથી જ તો આપણા સૌની જે દુર્દશા થઈ રહી છે, તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? વેદ વગેરે સનાતન આર્ષ ગ્રંથોને છોડીને પુરાણોમાં લપેટાઈ રહ્યા છીએ અને તેની કલ્પિત અને દુરાચારી અસંભવ ગાથાઓને પોતાનો ધર્મ સમજી રહ્યા છીએ. જો કોઈ મને પૂછે કે આ પાગલપણાનો કોઈ ઉપાય છે કે નહિ ? તો મારો ઉત્તર એ છે કે રોગ ઘણો વધી**

ગયો છે, દેશની અત્યંત દુર્દશા થઈ ગઈ છે, છતાં પણ તેનો ઉપાય થઈ શકે તેમ છે. જો પરમાત્માની કૃપા થાય તો રોગ અસાધ્ય નથી. વેદ અને છ દર્શનો જેવા પ્રાચીન ગ્રંથોના જુદી જુદી ભાષાઓમાં અનુવાદ કરીને તેના દ્વારા બધા લોકોને અનાયાસ પ્રાચીન વિદ્યાઓનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે, એવો પ્રયત્ન કરવો જોઈએ. આ માટે ભણેલા-ગણેલા વિદ્વાન લોકોએ સાચા ધર્મનો ઉપદેશ કરવાની તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ તથા ગામેગામ આર્યસમાજની સ્થાપના કરી, મૂર્તિપૂજાદિ અનાચારો દૂર કરવા જોઈએ. વળી બધા વર્ણો અને આશ્રમોના લોકોએ બ્રહ્મચર્યથી પોતાનું સામર્થ્ય વધારી શારીરિક તથા આત્મિક બળ વધારવું જોઈએ કે જેથી સરળતાથી લોકોની આંખો ઊઘડી જશે અને દુર્દશા દૂર થઈને સુદશા પ્રાપ્ત થશે. મારા જેવા એક સાધારણ મનુષ્યથી આ કામ કેવી રીતે થઈ શકશે ? આથી આપ તમામ બુદ્ધિમાન લોકો આ શુભ કાર્યમાં મને સહયોગ આપશો, એવી આશા રાખું છું.'

સ્વામીજીએ પૂનાની આ પ્રવચનમાળાના છેલ્લા પ્રવચનમાં પોતાના જીવન વિશે પ્રકાશ ફેંક્યો, જેમાં જન્મથી લઈને આજ સુધીના જીવનનો ટૂંકમાં ચિતાર આપવામાં આવ્યો હતો. આ પ્રવચનનું સમાપન કરતાં તેમણે કહ્યું : **'આર્યધર્મની ઉન્નતિ માટે મારા જેવા અનેક ઉપદેશકો આપણા આ દેશમાં હોવા જોઈએ. એકલા માણસથી આ કામ સારી રીતે થઈ શકતું નથી. છતાંય મેં દૃઢ નિશ્ચય કર્યો છે કે મારી બુદ્ધિ અને સામર્થ્ય અનુસાર મેં જે દીક્ષા લીધી છે, તેને હું ચલાવીશ. અંતમાં હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે, આર્યસમાજની સર્વત્ર સ્થાપના થાય, મૂર્તિપૂજા વગેરે દુરાચરણ દૂર થાય, વેદશાસ્ત્રનો સાચો અર્થ સૌની સમજમાં આવે અને એ પ્રમાણે આચરણ કરવાથી દેશની ઉન્નતિ થાય. આપ સૌના અંતઃકરણપૂર્વકના સહયોગથી આ કાર્ય સિદ્ધ થશે એવી મને પૂર્ણ આશા છે.'**

મહાદેવ ગોવિંદ રાનડેનાં પત્ની શ્રીમતી રમાબાઈ રાનડેએ પોતાની આત્મકથામાં સ્વામીજીની પ્રવચન શૈલીનું વર્ણન કરતાં લખ્યું છે : **'સ્વામી દયાનંદજી ઉત્તમ રસમય વાણીના વક્તા હતા. તેમની વાણી ગંભીર હતી. એ જ રીતે તેમની પ્રવચન શૈલી અત્યંત માર્મિક અને ક્યારેક આલંકારિક રૂપમાં પણ જોવા મળતી, જેથી શ્રોતાઓ તલ્લીન થઈ જતા હતા.'**

પૂના નિવાસી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકર સ્વામીજીના કટ્ટર વિરોધી હતા. તેમણે 'નિબંધમાળા' પત્રિકામાં વ્યંગ શૈલીમાં સ્વામીજી પર આક્ષેપો કરતા લેખો પણ લખ્યા હતા. તેમ છતાં તેમણે સ્વામીજીની વક્તૃત્વ શૈલીની શ્રેષ્ઠતાનો સ્વીકાર કરતાં લખ્યું : **'ઉપર્યુક્ત વક્તા (સ્વામી દયાનંદ)ના વક્તૃત્વનું સ્વરૂપ આ**

નગર (પૂના)માં જેવું પૂર્ણ રૂપે દૃષ્ટિગોચર થયું તેવું બીજા કોઈ સ્થળે નહિ થયું હોય. બીજાં મુંબઈ, અમદાવાદ, નાસિક, સાતારા વગેરે અનેક શહેરોમાં સદ્ધર્મ અને સત્ય-અસત્યની મીમાંસા કરનારા લોકોએ સ્વામીજીને આમંત્રિત કરીને તેમનું અણમોલ જ્ઞાન અતિશય શ્રદ્ધા-ભક્તિપૂર્વક શ્રવણ કર્યું હશે, પરંતુ પૂનામાં તેમનો જેવો ઠાઠ રહ્યો એવો ઠાઠ અન્ય સ્થળે જોવામાં નથી આવ્યો. ગત જુલાઈ અને ઓગસ્ટ (૧૮૭૫)માં સ્વામીજીના નામ પર જાણે આખું પૂના શહેર ઝૂમી રહ્યું હતું. દરરોજ દિનરાત સ્વામીજીની ચોતરફ જિજ્ઞાસુઓની મંડળીઓની ભીડ સતત જામેલી રહેતી. એટલું જ નહિ, પરંતુ સર્વ લોકોમાં જ્ઞાનની દૃષ્ટિએ શ્રેષ્ઠ માનવામાં આવતા પૂનાના પ્રતિષ્ઠિત નેતાઓ પણ એવા મંત્રમુગ્ધ થઈ ગયા કે એ લોકોને સ્વામીજીની સેવા સિવાય બીજું કાંઈ સૂઝતું ન હતું...સ્વામીજીની વિદ્વત્તા અને તેમનાં પ્રવચનો તથા પ્રમાણોમાં તાર્કિકતા ગમે તેવી હોય, પરંતુ વર્તમાનમાં તેમનામાં વક્તૃત્વનો ગુણ અતિશય ઉત્કૃષ્ટ છે, એ નિર્વિવાદ છે...આ સિવાય પરમહંસ (સ્વામી દયાનંદ)ની સ્નિગ્ધ, મધુર અને ગંભીર વાણી, ભવ્ય અને પુષ્ટ ચહેરો, સંન્યસ્તનાં ભગવાં વસ્ત્રો, કેસરી રંગના રેશમી વસ્ત્રનો કાન અને ગાલ પર લટકતા છેડાવાળો શાનદાર સાફો, સુંદર, સુગઠિત અને ઘાટીલો દેહ, અપૂર્વ અભિનય, તર્કયુક્ત પ્રવચન શૈલી, ઉન્નત આસન, (ઉન્નત વ્યાસપીઠ પર રાખેલી ખુરશીઓમાં તેમની વિદ્યા અથવા સરસ્વતીના પ્રવાહના પ્રત્યેક બુંદને - શબ્દને અંકિત કરનારા લહિયાઓની મંડળી અને ચોતરફ ઊભેલા સ્વામીજીના મુખ્ય સમર્થકો) વગેરે બાબતોને ધ્યાનમાં લેતાં સ્વામીજીના વક્તૃત્વનો જે પૂર્ણ વિકાસ જોવા મળ્યો એટલે કે તેમનાં પ્રવચનો પ્રભાવશાળી રહ્યાં, તો તેમાં કોઈ પણ વ્યક્તિને આશ્ચર્ય ન થવું જોઈએ.'

સ્વામીજીએ ૧૬ જુલાઈ ૧૮૭૫ અને શુક્રવારના રોજ અહીં સત્યશોધક સમાજના સ્થાપક મહાત્મા જ્યોતિબા ફુલે દ્વારા સ્થાપિત અને સંચાલિત મોમિનપુરામાં આવેલી દલિત (શૂદ્રાતિશૂદ્ર) બાળકોની એક પાઠશાળામાં વેદ-પ્રવચન કર્યું. જ્યોતિબા ફુલેએ આ પ્રવચનનું આયોજન સ્વામીજીની પ્રગતિશીલ વિચારધારાથી પ્રભાવિત થઈને કર્યું હતું. તેઓ સ્વામીજીનાં વ્યાખ્યાન સાંભળવા બુધવાર પેઠમાં આવેલા ભિડેના વાડેમાં આવતા હતા. અપવાદરૂપે અતિવૃષ્ટિના દિવસોને છોડીને તેઓ પોતાના સત્યશોધક સમાજના સભ્યોની સાથે સ્વામીજીનાં વ્યાખ્યાનોમાં ઉપસ્થિત રહેતા હતા. સ્વામીજીએ ૫ સપ્ટેંબર ૧૮૭૫ના રોજ સત્યશોધક સમાજના કાર્યાલયની મુલાકાત લીધી હતી. મુઠા નદીના કિનારે ભાંબુર્ડ્યા ગામમાં સ્વામીજીનું વ્યાખ્યાન કરાવનાર કૃષ્ણરાવ પાંડુરંગ ભાલેકર તથા પૂનાના છાવણી વિભાગમાં સ્વામીજીનાં ૩૫ વ્યાખ્યાનોનું આયોજન

કરનાર ગંગારામ ભાઊ મ્હસ્કે મહાત્મા જ્યોતિબા ફુલેના અનન્ય સહયોગીઓ હતા. નિબંધમાળાકાર વિષ્ણુ શાસ્ત્રી ચિપલૂણકરે પણ જ્યોતિબા ફુલેના સત્યશોધક સમાજનો ઉલ્લેખ પૂનામાં સ્વામીજીની વિશિષ્ટ સહયોગી સંસ્થા રૂપે કર્યો હતો.

પૂનાનો પ્રવાસ સમાપ્ત કરીને જ્યારે સ્વામીજી સાતારા તરફ પ્રસ્થાન કરવા તૈયાર થયા ત્યારે પૂનાના ભક્તોએ તેમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરવા તેમના સન્માનમાં ૫ સપ્ટેંબર ૧૮૭૫ના રોજ શહેરમાં એક શોભાયાત્રા કાઢવાનું નક્કી કર્યું. એ દિવસે સાંજે સ્વામીજીએ વેદો સાર્વજનીન છે, સર્વ લોકોને ઉપયોગી છે, એ વિષય પર પોતાનું અંતિમ પ્રવચન કર્યું. પ્રવચન પૂરું થયા પછી સ્વામીજીને ભાવભરી વિદાય આપવામાં આવી. આ અભિનંદન સભામાં નગરના અનેક ગણ્યમાન્ય નાગરિકો હાજર રહ્યા હતા, જેમાં મુસ્લિમો, પારસીઓ અને યહૂદીઓ પણ હતા. ગંગારામ ભાઊ મ્હસ્કેએ સ્વામીજીના સદ્‌ગુણોનું વર્ણન કરી પૂનાવાસીઓ તરફથી તેમનું અભિનંદન કર્યું.

સ્વામીજીની આ શોભાયાત્રાના મુખ્ય સંયોજક ગંગારામ ભાઊ મ્હસ્કે વકીલ હતા. તેઓ મહાદેવ ગોવિંદ રાનડે તથા જ્યોતિબા ફુલેના ઘનિષ્ઠ મિત્ર અને સહયોગી હતા. જ્યોતિબા ફુલેના સત્યશોધક સમાજના અનુયાયી રાજન્ના લિંગૂ પોલાસ વકીલે સ્વામીજીની શોભાયાત્રાને સફળ બનાવવામાં પોતાનો પૂર્ણ સહયોગ આપ્યો. વિરોધીઓ દ્વારા ઉપદ્રવ થઈ શકે છે એવી આશંકા હતી. આથી શોભાયાત્રાના એક દિવસ પહેલાં સુધારક લોકો જ્યોતિબા ફુલેને મળ્યા હતા અને શોભાયાત્રામાં ભાગ લેવા અનુરોધ કર્યો હતો. ઇતિહાસકાર પ્રો. હરિદત્ત વેદાલંકાર અનુસાર આ શોભાયાત્રામાં સ્વામીજીની એક બાજુ મહાદેવ ગોવિંદ રાનડે અને બીજી બાજુ મહાત્મા જ્યોતિબા ફુલે ચાલી રહ્યા હતા. જ્યોતિબા ફુલે પોતાના અખાડાના પહેલવાનો અને અનુયાયીઓ સાથે ફક્ત શોભાની દૃષ્ટિએ જ નહિ, પરંતુ સ્વામીજીની સુરક્ષાની દૃષ્ટિએ પણ પધાર્યા હતા. શોભાયાત્રા શરૂ થઈ. સ્વામીજી માટે એક હાથી શણગારવામાં આવ્યો. જોકે સ્વામીજી તેના પર ન બેઠા અને સૌની સાથે જ ચાલ્યા. નગર સુધી પહોંચતાં સુધીમાં આ શોભાયાત્રામાં ત્રણ-ચાર હજાર લોકો સંમિલિત થઈ ગયા.

સ્વામીજીના આ સન્માનથી વિરોધીઓના પેટમાં તેલ રેડાયું. એ લોકોએ સ્વામીજીની શોભાયાત્રામાં તોફાન મચાવવા એક વિરોધ પ્રદર્શન કાઢ્યું, જેમાં એક ગધેડાને ભગવાં વસ્ત્રોથી શણગારી તેના પર 'ગર્દભાનંદ સરસ્વતી' લખી એ લોકો તેની આગળ વાજાં વગાડતાં વગાડતાં તથા 'ગર્દભાનંદની જય' એવા

નારા લગાવતાં તેને બજારમાં ફેરવવા લાગ્યા. લોકોએ કહ્યું : 'સ્વામીજી, વિરોધીઓ એક ગધેડાને નકલી દયાનંદ બનાવીને તેના ગળામાં જોડાંનો હાર પહેરાવીને ફરી રહ્યા છે.' સ્વામીજીએ હસતાં હસતાં કહ્યું : 'બરાબર છે, નકલી દયાનંદના તો એવા જ હાલ થવા જોઈએ ને ?' સ્વામીજીની શોભાયાત્રા ભિડેના વાડે સુધી પહોંચી. હવે રાત પડવા આવી હતી. આથી મશાલો પ્રકટાવીને પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવી. પરંતુ પેલી ગુંડામંડળીનો ઉપદ્રવ અને અભદ્રતા પરાકાષ્ઠાએ પહોંચ્યાં. આથી સ્વામીજીના ભક્તોએ પેલા ગધેડાને પકડીને પોલીસના હવાલે કરી દીધો. વરસાદ પડ્યો હોવાથી રસ્તામાં બહુ જ કાદવ હતો. પેલા ગુંડાઓએ આક્રમણ શરૂ કર્યું. તેમણે મશાલો બુઝાવી દઈને અંધારું કરી નાખ્યું અને શોભાયાત્રા પર ઈંટ, પથ્થર, છાણ, કીચડ વગેરેનો મારો ચલાવ્યો. પોલીસ શોભાયાત્રામાં સાથે હોવા છતાં તમાશો જોતી રહી. છેવટે પોલીસ અધિક્ષક પોર્ટમેન તથા ઈન્સ્પેક્ટર ટ્રેનેને સૂચના મળતા તેઓ એકસો પોલીસોની એક ટુકડી લઈને ઘટનાસ્થળે દોડી આવ્યા અને આ તોફાન શાંત કર્યું. તેમાં ઈન્સ્પેક્ટર ટ્રેને તથા પોલીસના બીજા કેટલાક માણસો ઘાયલ થયા. શાંતિ સ્થાપિત થતાં રાતના દસ થઈ ગયા. સ્વામીજીએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું. હજુ થોડી જ વાર પહેલાં વિરોધીઓએ તાંડવ ખેલીને પોતાને અપમાનિત કરવાનો જે પ્રયાસ કર્યો હતો તેનો આ વક્તવ્યમાં ઉલ્લેખ સુધ્ધાં ન કર્યો. વ્યક્તિગત માન-અપમાન પ્રત્યે તટસ્થ ભાવ રાખનારા સ્વામીજી હંમેશની માફક શાંત અને પ્રફુલ્લવદન રહ્યા. તેમના વક્તવ્યની સમાપ્તિ પર રઘુનાથ શાસ્ત્રીએ કહ્યું : 'ભગવન્, આજે આપે આપનું દયાનંદ નામ સાર્થક કરી બતાવ્યું છે.' મહાદેવ મોરેશ્વર કુણ્ટે તથા મહાદેવ ગોવિંદ રાનડેએ સ્વામીજી પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરી અને તેઓ જે વેદભાષ્યનું લેખન-પ્રકાશન કરવા જઈ રહ્યા હતા એ માટે ૨૫૦ રૂપિયાનો સહયોગ આપવાની ઘોષણા કરી. ત્યાર બાદ સ્વામીજીને પુષ્પાંજલિ અર્પણ કરીને સભા વિસર્જિત થઈ. કાર્યક્રમ પૂરો થયો ત્યારે મધરાત થવા આવી હતી. હજુ પણ પેલાં તોફાની તત્ત્વો રસ્તામાં ઉપદ્રવ કરી શકે છે એવી આશંકાથી પોલીસ ઈન્સ્પેક્ટરે સ્વામીજીને અહીં ભિડેના વાડેમાં જ રાત્રી-મુકામ કરવા અનુરોધ કર્યો. પરંતુ સ્વામીજીએ કહ્યું : 'નિર્દોષ નાગરિકોની સુરક્ષા કરવી એ આપનું કર્તવ્ય છે. હું તો મારા ઉતારે જ જઈશ.' આથી પોલીસને નાછૂટકે સ્વામીજીની સાથે તેમના ઉતારા સુધી જવું પડ્યું. પેલાં અસામાજિક તત્ત્વો હજુ રસ્તામાં હતાં. તેમણે સ્વામીજી તથા પોલીસ પર પથ્થરમારો કર્યો.

સ્વામીજી પૂનાથી સાતારા આવ્યા. અહીં કોઈ વ્યાખ્યાન તો ન થયું, પરંતુ આગંતુક વ્યક્તિઓ સાથે શાસ્ત્રીય વિષયો પર ચર્ચા જરૂર થઈ. વાર્તાલાપના એક

પ્રસંગમાં સ્વામીજીએ ફલિત જ્યોતિષનું ખંડન કર્યું અને તેને અંધવિશ્વાસ, ભાગ્યવાદ અને અકર્મણ્યતાનું જનક બતાવ્યું. તેમણે મનુસ્મૃતિના એ શ્લોકોને પ્રક્ષિપ્ત - અન્ય દ્વારા પાછળથી ઉમેરાયેલા - ઘોષિત કર્યા કે જેમાં જન્મ આધારિત જાતિપ્રથાનું સમર્થન કરવામાં આવ્યું છે. તેમનું કહેવું હતું કે કાળાંતરે સ્વાર્થી તત્ત્વોએ આ સૌથી જૂના અને વેદાર્થને પુષ્ટ કરનારા સ્મૃતિગ્રંથમાં અનેક શ્લોકો ઘુસાડી દીધા છે. સાતારામાં થોડા દિવસ રહીને સ્વામીજી ૨૩ ઑક્ટોબર ૧૮૭૫ના રોજ ફરી પૂના આવ્યા. અહીં આર્યસમાજની સ્થાપના કરવામાં આવી. મહાદેવ ગોવિંદ રાનડે પ્રમુખ તથા કેશવરાવ ગોડવાલે મંત્રી નિયુક્ત થયા. પૂનાથી સ્વામીજી મુંબઈ આવ્યા. લગભગ ૧૮૭૫ના અંતમાં સ્વામીજી ફરીવાર મુંબઈથી ગુજરાત આવ્યા અને તેમણે વડોદરા, અમદાવાદ, ભરૂચ, સુરત, વલસાડ અને વસઈનો પ્રવાસ કર્યો. વડોદરા રાજ્યના દીવાન સર ટી. માધવરાવે સ્વામીજીને વડોદરા આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું. સ્વામીજીએ હંમેશની માફક વડોદરામાં પણ પોતાના વ્યાખ્યાનમાં વેદમંત્રોનો પાઠ કર્યો. આ સાંભળી પૌરાણિક પંડિતો ભડકી ઊઠ્યા અને બોલ્યા : 'આ સભામાં તો શૂદ્રો અને યવનો પણ બેઠા છે, એ બધા સાંભળે એમ વેદમંત્રો કેમ બોલાય !' અહીં સ્વામીજીએ સંસ્કારવિધિ ગ્રંથનું લેખનકાર્ય પૂરું કર્યું. સ્વામીજીએ અહીંના કેદારેશ્વર મંદિરમાં રાજધર્મ પર ભાષણ કર્યું. દીવાને કહ્યું : 'મહારાજ, આપ તો રાજનીતિમાં પણ અમારાથી અત્યંત મર્મજ્ઞ અને નિપુણ છો.' દીવાને પોતાના ઘરે આમંત્રિત કરી સ્વામીજીને ભોજન કરાવ્યું અને પછી એક હજાર રૂપિયા ભેટ કર્યા. સ્વામીજીએ તેનો સ્પર્શ પણ ન કર્યો અને કહ્યું : **'હું કોઈ ગોસાંઈ મહારાજો જેવો દુકાનદાર થોડો છું ? હું તો લોકોને આવી રૂઢિઓથી મુક્ત થવા પ્રેરિત કરું છું.'** સુરતમાં પ્રસિદ્ધ સંસ્કૃતજ્ઞ અને પ્રાચ્યવિદ્યાવિદ્ વૉન બુહ્લર સાથે મેળાપ થયો. વલસાડમાં ચાર વ્યાખ્યાનો આપ્યાં, જેને સાંભળવા પારસીઓ અને મુસલમાનો પણ આવતા હતા. વસઈમાં પણ બે પ્રવચનો કર્યાં.

સ્વામીજી પાછા મુંબઈ પહોંચ્યા. ૫ માર્ચ ૧૮૭૬ના રોજ વેદોની શ્રેષ્ઠતા અને પવિત્રતા પર એક પ્રવચન કર્યું. ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર મોનિયર વિલિયમ્સે સ્વામીજીના આ પ્રવચનમાં હાજરી આપી અને બાદમાં સ્વામીજી સાથે વાર્તાલાપ પણ કર્યો. તેમણે 'બ્રાહ્મનિઝમ ઍન્ડ હિંદુઇઝમ' નામના પોતાના પુસ્તકમાં સ્વામીજીની સાથે થયેલી આ મુલાકાતનો ઉલ્લેખ કરતાં લખ્યું છે : **'સ્વામી દયાનંદ સાથે મારો પરિચય ૧૮૭૬માં મુંબઈમાં થયો. મેં તેમને આર્યોના ધાર્મિક વિકાસ પર એક પ્રભાવશાળી ભાષણ આપતા સાંભળ્યા. મારા આ એકવારના મેળાપમાં મેં તેમની દૃષ્ટિએ ધર્મ એટલે શું, એ પ્રશ્ન પૂછ્યો.**

તેમણે મારા પ્રશ્નનો સંસ્કૃતમાં ઉત્તર આપતાં કહ્યું કે : ધર્મ એટલે સત્ય અને ન્યાયયુક્ત દૃષ્ટિ તથા પક્ષપાતરહિત આચરણ. ઇન્દ્રિય, તર્ક અને ઈશ્વર-પ્રદત્ત (વેદ) જ્ઞાનની મદદથી સત્યનું પક્ષપાતરહિત અન્વેષણ એ જ ધર્મ.'

કલકત્તાથી પ્રકાશિત થતા 'બંગદર્શન' પત્રમાં સ્વામીજીની આ મુંબઈ યાત્રા વિશે લખ્યું હતું : **'મુંબઈ અને પૂના જેવાં સ્થાને અનેક લોકો આર્યસમાજમાં જોડાઈ ગયા છે. મુંબઈ પ્રદેશના ભ્રમણ દરમિયાન મેં જોયું છે કે અહીં દયાનંદે એક મહાન આંદોલન ચલાવી રાખ્યું છે. અનેક ઉત્સાહી અને ભદ્ર લોકો તેમના દળમાં જોડાઈ ગયા છે. ઠેર ઠેર દયાનંદની જ ચર્ચા થતી જોવા મળે છે. તેમની વક્તૃત્વ શક્તિ, સામાજિક ચિંતન તથા નવીન પ્રકારની વેદ-વ્યાખ્યા પર સર્વત્ર ચર્ચા-વિચારણા થઈ રહી છે...દયાનંદ સબળ અને દીર્ઘકાય છે. તેમની સાથે વાર્તાલાપ અને વિશેષ પરિચય પ્રાપ્ત કરવાથી આપણને દૃઢ વિશ્વાસ થઈ જાય છે કે તેઓ વાસ્તવમાં એક અસાધારણ પુરુષ છે. તેમની વાગ્મિતા અસાધારણ છે, તેમની તર્કશક્તિ અસાધારણ છે, અને સ્વદેશના મંગળ માટે તેમનો ઉત્સાહ અને પુરુષાર્થ પણ અસાધારણ છે...તેમણે મને એકવાર કહ્યું હતું : 'હાલમાં મારા માટે બે કામ સૌથી અગત્યનાં છે : ઠેર ઠેર આર્યસમાજની સ્થાપના કરવી અને વેદોનું નૂતન ભાષ્ય લખવું.'...એક દિવસ ખબર પડી કે દયાનંદ પૂનાથી આવી રહ્યા છે. મેં જોયું કે મુંબઈની બજારનો એક સામાન્ય દુકાનદાર પોતાની દુકાન બંધ કરીને તેમના સ્વાગત માટે રેલવે સ્ટેશન જવા નીકળી ગયો...મેં સાંભળ્યું કે રેલવે સ્ટેશન પર લગભગ પાંચસો લોકો તેમને લેવા આવ્યા હતા...દયાનંદ મૂર્તિપૂજાના વિરોધી છે, એકેશ્વરવાદી છે અને વેદોને આપ્ત-વાક્ય અથવા પરમ-પ્રમાણ માને છે. આથી તેઓ જન્માંતરમાં પણ વિશ્વાસ ધરાવે છે. સામાજિક વિષયો પર તેમનાં મંતવ્યો અત્યંત વિશુદ્ધ અને ઉન્નત છે.'**

મુંબઈથી સ્વામીજી એપ્રિલ ૧૮૭૯માં ઇન્દોર આવ્યા. એક પ્રવચનમાં ઇન્દોરનરેશ મહારાજા તુકોજીરાવ હોલ્કર પણ શ્રોતા તરીકે હાજર હતા. સ્વામીજીએ મહારાજાને રાજનીતિના કેટલાક સારગર્ભિત સિદ્ધાંતો લખીને આપ્યા. મહારાજાએ સ્વામીજીને એક શાલ ભેંટ કરી, પરંતુ સ્વામીજીએ સંકોચ સાથે શાલનો સ્વીકાર કરતાં કહ્યું : **'જો મને આ જ રીતે દેશભરના રાજા-મહારાજાઓ શાલ ભેટ કરતા રહેશે તો મારા માટે તો આ એક બોજો બની જશે. હકીકતમાં આવાં વસ્ત્રો તો એવા લોકોને આપવાં જોઈએ કે જેઓ ઠંડીમાં ઠુઠવાતા હોય છે.'** ઇન્દોરના વિષ્ણુ પંતે સ્વામીજીની ઇન્દોરની યાત્રા વિશે લખ્યું હતું : **'સ્વામીજી ઉત્કૃષ્ટ વક્તા હતા. તેમનો સ્વર ઉચ્ચ, ગંભીર અને મધુર હતો. તેમની**

બોલવાની રીત તેજઃપૂર્ણ હતી અને તેમનું આક્રમણ તીવ્ર રહેતું. તેમની વાણી શ્રોતાઓના દિલમાં એકદમ જ પ્રવેશ કરી જતી. એટલા માટે વિરુદ્ધ પક્ષના લોકોને એ ક્યારેક અસહ્ય પણ થઈ પડતી અને તેઓ અધવચ્ચે જ ઊભા થઈને ચાલ્યા જતા.'

દિલ્હી દરબાર અને દેશનું પ્રથમ એકતા સંમેલન

૯ મે ૧૮૭૬ના રોજ સ્વામીજી ફરુખાબાદ પધાર્યા. પંડિત જ્વાલાદત્તે સ્વામીજીની સ્તુતિમાં એક કવિતા લખીને તેનો પાઠ કર્યો. સ્વામીજીએ તેમને ટોક્યા અને કહ્યું : **'ભાઈ, હું એક મનુષ્ય છું. મારી કે અન્ય કોઈ મનુષ્યની આ રીતે સ્તુતિ કરવી કદાપિ યોગ્ય નથી. બીજું એ કે તમારી આ કવિતા કઠિન અને જટિલ પણ છે.'** એક દિવસ પાદરી જે.જે. લૂકસ સ્વામીજીને મળવા આવ્યા. તેમણે વાર્તાલાપ દરમિયાન સ્વામીજીને કહ્યું : 'જો આપને તોપના મોઢે બાંધીને કહેવામાં આવે કે મૂર્તિને માથું નમાવો નહિ તો તમને તોપથી ઉડાડી દેશું, તો એ સમયે આપ શો ઉત્તર આપશો ?' સ્વામીજીએ કહ્યું : **'હું કહીશ કે ઉડાડી દો.'**

ફરુખાબાદથી સ્વામીજી કાશી, અયોધ્યા, લખનૌ, શાહજહાંપુર, મુરાદાબાદ, બરેલી, કર્ણવાસ, છલેસર વગેરે અનેક નગરોમાં પ્રચાર કરતાં કરતાં ૧૭ ડિસેમ્બર ૧૮૭૬ના રોજ દિલ્હી પહોંચ્યા. દિલ્હીમાં અજમેરી ગેટની બહાર કુતુબરોડ પર આવેલા શેરમલના અનારબાગમાં તંબુ નાખીને સ્વામીજીના નિવાસની વ્યવસ્થા કરવામાં આવી. તેમના નિવાસસ્થાનના દ્વાર પર 'સ્વામી દયાનંદ સરસ્વતી કા નિવાસસ્થાન' એવું બૉર્ડ લગાડવામાં આવ્યું. ૧૮૭૭ની પહેલી જાન્યુઆરીએ દિલ્હીમાં મહારાણી વિક્ટોરિયાને ભારતની રાજરાજેશ્વરી અથવા સામ્રાજ્ઞી જાહેર કરવાના ઉપલક્ષ્યમાં વાઇસરૉય લૉર્ડ લિટને એક શાહી દરબારનું આયોજન કર્યું હતું. સ્વામીજીના આ સમયે અહીં આવવા પાછળ બે ઉદ્દેશ્યો હતા : એક તો એ કે આ દરબારમાં ભારતના રાજા-મહારાજાઓ, સામંતો, ધનવાનો અને શેઠ-સાહુકારો ભેગા થયા હતા. સ્વામીજી તેઓને વૈદિક ધર્મનો સંદેશ આપીને તેઓનો સુધાર કરવા ઇચ્છતા હતા. સ્વામીજી એવું માનતા હતા કે આવા લોકોના સુધારથી આમજનતામાં સુધાર કરવાનું કાર્ય સરળ થઈ જતું હોય છે. બીજો ઉદ્દેશ્ય એ હતો કે આ દરબારમાં પધારેલા દેશના ધર્માચાર્યો અને સુધારાવાદીઓ જો સાથે મળીને એક સર્વસંમત કાર્યક્રમ અપનાવીને દેશહિત તથા ધર્મ અને સમાજ સુધારની દિશામાં કાર્ય કરવા એકમત થાય તો ખૂબ જ સારાં પરિણામો પ્રાપ્ત થઈ શકે. સ્વામીજી ધાર્મિક તથા સામાજિક દૂષણોને દૂર કરી સત્ય અને ન્યાયના માર્ગે સંપૂર્ણ માનવજાતને એકતાના સૂત્રમાં પરોવવા ઇચ્છતા

હતા. તેઓ મતમતાંતરોના ભેદ અને વિરોધને દૂર કરી સર્વસંમત વ્યાપક સત્યના આધારે સંસારભરમાં એક જ ધર્મ સ્થાપિત કરવા ઇચ્છતા હતા. આથી તેમણે સૌ સાથે બેસીને સત્ય-અસત્યનો નિર્ણય કરીને એક સાર્વભૌમ ધર્મ સ્થાપિત કરવાનો ઉમદા હેતુ પ્રગટ કરતું એક વિજ્ઞાપન પ્રકાશિત કર્યું અને તેનું અહીં ભેગા થયેલા સર્વ મત-મજબહોના વિદ્વાનો તથા રાજા-મહારાજાઓમાં વિતરણ કર્યું. ઇન્દોરના મહારાજા તુકોજીરાવ હોલ્કરે રાજાઓને એકત્ર કરી સ્વામીજી સાથે તેમનો મેળાપ કરાવવા પ્રયત્ન કર્યો, પરંતુ ઐશ્વર્ય અને વિલાસી જીવનમાં ડૂબેલા રાજા-મહારાજાઓ તથા ધનપતિઓનું સમગ્ર ધ્યાન લૉર્ડ લિટનની ખુશામત કરવામાં હોવાથી આ કાર્યમાં ખાસ સફળતા ન મળી. બીજું એ કે આ રાજાઓનો સ્વામીજી સાથે મેળાપ ન થાય એ માટે કેટલાક સ્વાર્થી અને પેટભરા રાજપંડિતોએ પણ ભાગ ભજવ્યો. કાશ્મીરના મહારાજા રણવીરસિંહની ઇચ્છા સ્વામીજીને મળવાની હતી, પરંતુ પંડિત ગણેશ શાસ્ત્રીએ સ્વામીજી વિરુદ્ધ ભંભેરણી કરીને તેમને રોક્યા. આથી સ્વામીજીનો પ્રથમ ઉદ્દેશ્ય પૂરો ન થયો. જોકે વિજ્ઞાપનના વિતરણથી આમજનતા તથા પંડિતો સ્વામીજીનો ઉપદેશ સાંભળવા તથા શાસ્ત્રચર્ચા કરવા મોટી સંખ્યામાં આવતા રહ્યા.

સ્વામીજીએ બીજા ઉદ્દેશ્યની પૂર્તિ માટે એક દિવસ પોતાના નિવાસસ્થાને દેશના સુપ્રસિદ્ધ સમાજસુધારકોને આમંત્રણ આપીને એક ધર્મસભાનું આયોજન કર્યું. સ્વામીજી આ અપૂર્વ સંમેલનના સંયોજક તથા મુખ્ય વક્તા હતા. આ સંમેલનમાં બંગાળના નવીનચંદ્ર રાય તથા કેશવચંદ્ર સેન, પંજાબના મુંશી કન્હૈયાલાલ અલખધારી, મુસ્લિમોના પ્રતિનિધિ સર સૈયદ અહમદખાન, મુંબઈના હરિશ્ચંદ્ર ચિંતામણિ, ઉત્તરપ્રદેશના મુંશી ઇન્દ્રમણિ વગેરે સંમિલિત થયા અને વિચારવિમર્શ કરતા રહ્યા. આ પ્રસંગે સ્વામીજીએ કહ્યું : **‘આપ સૌ પોતપોતાની રીતે દેશ અને સમાજનું ભલું કરી રહ્યા છો, પરંતુ એકતાના અભાવ અને વૈચારિક ભિન્નતાને લીધે આ કાર્યમાં અપેક્ષિત સફળતા પ્રાપ્ત થતી નથી. પરંતુ મને લાગે છે કે જો આપણે સૌ એકમત થઈને એક સમાન કાર્યક્રમથી દેશનો સુધાર કરીશું તો આ કાર્ય ઝડપથી અને સારી રીતે થઈ શકશે. જો વિભિન્ન મતો અને સંપ્રદાયોના પ્રતિનિધિઓ વેદોને ઈશ્વરપ્રણીત જ્ઞાન સ્વીકાર કરે અને આર્યસંસ્કૃતિનાં મૌલિક તત્ત્વોને આધાર બનાવીને દેશ અને સમાજના પુનર્નિમાણના કાર્યમાં લાગી જાય તો સફળતા સુનિશ્ચિત છે.’**

ભારતના ઇતિહાસમાં આ પ્રથમ એકતા સંમેલન હતું. પરંતુ વિદેશી શાસનના કારણે તથા પોતપોતાના મત-મજહબના આગ્રહને લીધે આ અંગે કોઈ સર્વસંમતિ સાધી શકાઈ નહિ અને કોઈ પણ નક્કર પરિણામ કે નિર્ણય વગર આ

અપૂર્વ સભા પૂરી થઈ ગઈ. કલકત્તાથી પ્રકાશિત થતા 'ઇન્ડિયન મિરર'ના ૧૪ જાન્યુઆરી ૧૮૭૭ના અંકમાં સ્વામીજી દ્વારા આયોજિત આ સંમેલનની પ્રશંસા કરવામાં આવી. ભલે દિલ્હીનું આ એકતા સંમેલન જોઈએ એવું સફળ ન રહ્યું, પરંતુ સ્વામીજીને અહીં આવવાનો એક લાભ એ થયો કે પંજાબથી આવેલા મહાનુભાવો સ્વામીજીના તેજસ્વી રૂપ અને ઓજસ્વી વાણીથી ખૂબ જ પ્રભાવિત થયા. આથી 'કોહેનૂર' પત્રના સંચાલક મુંશી હરસુખરાય ભટ્ટનાગર, 'નીતિપ્રકાશ' પત્રના સંપાદક અને પ્રસિદ્ધ સુધારક મુંશી કન્હૈયાલાલ અલખધારી, સરદાર વિક્રમસિંહ અહલૂવાલિયા, કાશ્મીરનરેશના મંત્રી પંડિત મનફૂલ વગેરેએ મળીને સ્વામીજીને પંજાબ પધારવાનું આમંત્રણ પાઠવ્યું, જેનો સ્વામીજીએ સ્વીકાર કર્યો.

ચાંદાપુરનો મેળો અથવા સત્યધર્મવિચાર

દિલ્હી દરબારની સમાપ્તિ પછી સ્વામીજી ૧૬ જાન્યુઆરી ૧૮૭૭ના રોજ મેરઠ આવ્યા. અહીં એક મહિનો નિવાસ કર્યો અને 'ઋગ્વેદાદિભાષ્યભૂમિકા' ગ્રંથના લેખનકાર્યમાં પ્રવૃત્ત રહ્યા. મેરઠથી સહારનપુરમાં આસન કર્યું. સ્વામીજીએ અહીં વિશાળ જનસમૂહ સમક્ષ આર્ય, સત્ય, સૃષ્ટિ ઉત્પત્તિ વગેરે વિષયો પર પ્રવચનો કર્યાં. સ્વામીજી ૧૪ માર્ચ ૧૮૭૭ના રોજ શાહજહાંપુર જિલ્લાના ચાંદાપુર ગામ આવ્યા. અહીં મુંશી મુક્તાપ્રસાદ અને મુંશી પ્યારેલાલ નામના બે જમીનદાર ભાઈઓ હતા. આમ તો તેઓ કબીરપંથી હતા, પરંતુ સત્ય ધર્મ વિશે જિજ્ઞાસા ધરાવતા હતા. આથી તેઓ ઇચ્છતા હતા કે એક ધર્મસંમેલનનું આયોજન કરવામાં આવે કે જેમાં આર્યધર્મ તથા ઇસ્લામ અને ખ્રિસ્તી મતના વિદ્વાનો ભેગા થઈને કેટલાક અગત્યના દાર્શનિક વિષયો પર વિચારવિમર્શ કરે અને વૈચારિક આદાન-પ્રદાન કરીને સત્ય ધર્મના નિર્ણય પર પહોંચે. આ માટે તેમણે 'બ્રહ્મવિચાર' નામના એક વિશિષ્ટ મેળાનું આયોજન કર્યું. આ મેળામાં બંને ભાઈઓએ સ્વામીજીને વૈદિક ધર્મના પ્રવક્તા તરીકે આમંત્રિત કર્યા અને દેવબંધના મૌલાના મહમદ કાસિમ તથા દિલ્હીના મૌલવી અબ્દુલ મનસૂરને ઇસ્લામના પ્રવક્તા તરીકે અને બાઇબલના અનુવાદક અને લોજીશિયન પાદરી ટી.જે. સ્કૉટ, પાદરી નવલ, પાદરી પાર્કર, પાદરી જૉન્સન અને પાદરી જોન ટૉમ્સનને ખ્રિસ્તી મતનું પ્રતિનિધિત્વ કરવા આમંત્રિત કર્યા. સ્વામીજીએ તેમના નિમંત્રણનો સ્વીકાર કર્યો અને મુરાદાબાદથી મુંશી ઇન્દ્રમણિને પણ બોલાવવાનું સૂચન કર્યું. આ અભૂતપૂર્વ સંમેલન ૧૯ માર્ચ ૧૮૭૭ના રોજ શરૂ થયું અને નીચેના પાંચ વિષયો પર વિચારવિમર્શ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો :

૧. પરમેશ્વરે સૃષ્ટિ કયા પદાર્થમાંથી, કયારે અને શા માટે બનાવી ? ૨. ઈશ્વર સર્વવ્યાપક છે કે નહિ ? ૩. ઈશ્વર ન્યાયકારી અને દયાળુ બંને શી રીતે હોઈ શકે ? ૪. વેદ, બાઇબલ અને કુરાન ઈશ્વરીય વાક્ય હોવાનાં ક્યાં પ્રમાણ છે ? ૫. મુક્તિ શું છે અને તે શી રીતે પ્રાપ્ત થાય છે ?

સ્વામીજી આ મેળામાં આવવા એ શરતે તૈયાર થયા હતા કે આ મેળો ઓછામાં ઓછા સાત દિવસ તો ચાલશે જ. પરંતુ અહીં આવ્યા બાદ પાદરીઓએ જણાવ્યું : 'અમે તો ફક્ત બે જ દિવસની તૈયારી કરીને આવ્યા છીએ માટે આ મેળો બે જ દિવસમાં પૂરો થઈ જવો જોઈએ.' આથી બે દિવસમાં ઉપરના પાંચમાંથી ફક્ત પ્રથમ અને અંતિમ બે જ વિષયો પર ચર્ચા થઈ શકી અને બાકીના ત્રણ વિષયો પર વિચાર કર્યા વિના જ મેળો પૂરો થઈ ગયો. અહીં સ્વામીજીએ પોતાના પ્રારંભિક વક્તવ્યમાં કહ્યું : **'પહેલાં તો મારી તમામ મુસલમાનો, ખ્રિસ્તીઓ અને શ્રોતાઓને પ્રાર્થના છે કે આ મેળો ફક્ત સત્યના નિર્ણય માટે જ આયોજિત કરવામાં આવ્યો છે. મેળાના આયોજકોનું પ્રયોજન પણ એ જ છે કે બધા મત-મજહબોમાંથી ક્યો મત સત્ય છે એ જાણવું અને જે મત સત્ય સમજાય તેનો અંગીકાર કરવો. આથી અહીં હાર કે જીતની અભિલાષા કોઈએ પણ ન કરવી જોઈએ, કારણ કે સજ્જનોનો એ જ મત હોવો જોઈએ કે હંમેશાં સત્યનો જય અને અસત્યની હાર થતાં રહે. પરંતુ જેમ મૌલવીઓ કહે છે કે પાદરી સાહેબે આ વાત જૂઠી કહી અને એ જ રીતે ખ્રિસ્તીઓ કહે છે કે મૌલવી સાહેબે આ વાત જૂઠી કહી, આ પ્રકારની વાતો કરવી ઉચિત નથી. વિદ્વાનોમાં એ નિયમ હોવો જોઈએ કે પોતપોતાનાં જ્ઞાન અને વિદ્યા અનુસાર સત્યનું મંડન અને અસત્યનું ખંડન કોમળ વાણીથી કરવું જોઈએ કે જેથી સૌ લોકો પ્રીતિપૂર્વક મળીને સત્યનો પ્રકાશ કરી શકે. એકબીજાની નિંદા કરવી, કટુ વચન બોલવાં, દ્વેષથી કહેવું કે તે હારી ગયો અને હું જીતી ગયો, આવું ક્યારેય ન થવું જોઈએ. સર્વ પ્રકારે પક્ષપાત છોડીને સત્યભાષણ કરવું યોગ્ય છે અને એકબીજાની સાથે વાદ-વિરોધ કરવો એ અવિદ્વાનોનો સ્વભાવ છે, વિદ્વાનોનો નહિ. મારા આ કહેવાનું પ્રયોજન એ છે કે કોઈએ આ મેળામાં કે ક્યાંય બીજે પણ કઠોર વચન ન બોલવાં જોઈએ.'**

ઉપરોક્ત ભૂમિકા બાદ સ્વામીજીએ પોતાનાં વક્તવ્યો આપ્યાં, જેને સાંભળીને શ્રોતાઓને વિશ્વાસ થઈ ગયો કે આર્યધર્મ હજુ જીવિત છે અને તેની શ્રેષ્ઠતા તથા સત્યતા સ્થાપિત કરનારા પણ મોજૂદ છે. આ ધર્મચર્ચામાં સ્વામીજીએ વૈદિક મંતવ્યોનું તાર્કિક પ્રતિપાદન કરીને વૈદિક ધર્મની શ્રેષ્ઠતા પુરવાર કરી. આ ધર્મમેળાનું વિસ્તૃત વર્ણન 'ચાંદાપુરનો મેળો અથવા સત્યધર્મવિચાર' નામના લઘુગ્રંથમાં કરવામાં આવ્યું છે.

પંજાબમાં અભૂતપૂર્વ સફળતા

પંજાબના સુધારકોએ આપેલા નિમંત્રણને માન આપી સ્વામીજીએ ૩૧ માર્ચ ૧૮૭૭ના રોજ લુધિયાણા પહોંચ્યા. પ્રવચનોનો ક્રમ આરંભ થયો, જેમાં હજારો શ્રોતાઓ આવતા. લુધિયાણા ખ્રિસ્તી પ્રચારકોનું કેન્દ્ર હતું. એક દિવસ પાદરી વ્હેરીની સાથે આવેલા જ્યુડિશિયલ આસિસ્ટન્ટ કમિશનર કાર સ્ટીફને કહ્યું : 'શ્રીકૃષ્ણે મહાન કાર્યો કર્યાં અને તેઓ મહાત્મા હતા, એ વાત બુદ્ધિમાં બેસતી નથી.' સ્વામીજીએ કહ્યું : **'શ્રીકૃષ્ણજી પર જે દોષો લગાડવામાં આવે છે એ તો પુરાણોક્ત છે, મિથ્યા છે; પરંતુ બાઈબલની એ વાત કે પરમેશ્વરનો આત્મા કબૂતર રૂપે એક મનુષ્ય પર ઊતર્યો આપની બુદ્ધિમાં ફટ બેસી જાય છે !'** સાહેબ ચુપ થઈ ગયા. અહીં એક ગૌડ બ્રાહ્મણ ખ્રિસ્તીઓના ચક્કરમાં ફસાઈને બપતિસ્મા એટલે કે સ્વધર્મ છોડીને પરધર્મમાં દીક્ષિત થવાનો વિધિ કરાવવાનો હતો. પરંતુ સ્વામીજીનો ઉપદેશ સાંભળીને તે ખ્રિસ્તી થતો બચી ગયો. પાદરીઓ પણ સમજી ગયા કે હવે સ્વામીજીની હાજરીમાં હિંદુઓને વટલાવવાનો મનોરથ પૂરો થવાનો નથી. એક પંડિત સ્વામીજીનું પ્રવચન સાંભળીને નારાજ થઈ ગયો. તેણે પોતાના મિત્રને કહ્યું : 'ચાલો ચાલો, આ દુષ્ટનું તો મોઢું જોવામાં પણ પાપ છે.' સ્વામીજી સાંભળી ગયા. તેમણે કહ્યું : **'ભાઈ, મારા મોઢામાં કંઈ વિશેષતા નથી, ન જોશો. પરંતુ મારી પાછળ ઊભા રહીને મારી વાત જરૂર સાંભળજો, કેમ કે એ તમારા હિતની છે.'** એક દિવસ સ્વામીજીએ ભૂતપ્રેત વગેરેના મિથ્યા ભ્રમનું નિવારણ કરવા લોકોને દીવાઓની મદદથી એક અદ્ભુત પ્રયોગ કરી બતાવ્યો અને કહ્યું : **'આ પ્રયોગની પાછળ પદાર્થ અથવા ભૌતિક વિજ્ઞાન છે; ભૂતપ્રેત જેવું કશું નથી હોતું. માટે તમે લોકો આવી ભ્રમણાઓથી હંમેશાં દૂર જ રહેજો.'**

સ્વામીજી પંજાબમાં લગભગ સવા વર્ષ રહ્યા, જે દરમિયાન તેમણે લુધિયાણા ઉપરાંત લાહોર, અમૃતસર, ગુરદાસપુર, જાલંધર, ફિરોજપુર, રાવળપિંડી, ઝેલમ, ગુજરાત, વજીરાબાદ, ગુજરાંવાલા, મુલતાન વગેરે અનેક નગરોમાં ધર્મપ્રચાર કર્યો. પંજાબમાં સ્વામીજીને અભૂતપૂર્વ સફળતા મળી. ઠેર ઠેર આર્યસમાજો સ્થાપિત થવા માંડ્યા.

લાહોરમાં જ્યારે સ્વામીજીનાં વ્યાખ્યાનોથી બ્રહ્મોસમાજીઓ અને પૌરાણિકો નારાજ થયા અને તેમને કોઈ ઉતારો આપવા તૈયાર ન હતું ત્યારે ખાનબહાદુર ડૉક્ટર રહીમખાન નામના એક ઉદાર મુસલમાન આગળ આવ્યા. તેમણે સ્વામીજીને પોતાના બંગલે ઉતારો આપ્યો અને ત્યાં જ પ્રવચન કરવાની પણ છૂટ આપી. લાહોરમાં અનેક લોકો સ્વામીજીના અનુયાયી થયા. ૨૪ જૂન ૧૮૭૭ના

રોજ ડૉક્ટર રહીમખાનના બંગલે જ આર્યસમાજની વિધિવત્ સ્થાપના કરવામાં આવી. બે વર્ષ પહેલાં જ્યારે મુંબઈમાં આર્યસમાજ સ્થપાયો હતો ત્યારે કુલ અઠ્ઠાવીસ નિયમો ઘડવામાં આવ્યા હતા, જેમાં વ્યવસ્થા સંબંધી નિયમો પણ ભેગા હતા. લાહોરમાં આ વિશે પુનર્વિચાર કરવામાં આવ્યો અને વ્યવસ્થા સંબંધી નિયમોને ઉપનિયમો તરીકે જુદા કરીને મૂળભૂત કે સૈદ્ધાંતિક નિયમોને જુદા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. એ મુજબ અહીં આર્યસમાજના દસ મૂળભૂત નિયમો અને ચોત્રીસ ઉપનિયમો નિર્ધારિત કરવામાં આવ્યા. આર્યસમાજના દસ મૂળભૂત નિયમો આ મુજબ છે :

૧. સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

૨. ઈશ્વર સચ્ચિદાનંદસ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે. તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

૩. વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદ ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વે આર્યોનો પરમ ધર્મ છે.

૪. સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઈએ.

૫. સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવાં જોઈએ.

૬. સંસારનો ઉપકાર કરવો એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ્ય છે અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી.

૭. સૌની સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર, યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮. અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯. પ્રત્યેક મનુષ્યે પોતાની જ ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ, પરંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦. સર્વ મનુષ્યોએ સામાજિક સર્વહિતકારી નિયમો પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સૌ સ્વતંત્ર રહે.

લાહોર આર્યસમાજનું પ્રથમ અધિવેશન ડૉક્ટર રહીમખાનના બંગલે થયું. બીજું અધિવેશન ૧ જુલાઈના રોજ સત્સભાના સ્થાને થયું. તેમાં સ્વામીજીએ

પુરાણોનું ખંડન કર્યું. આથી સત્સભાના આગેવાનો રોષે ભરાયા અને તેમણે અહીં અધિવેશન કરવાની ના પાડી દીધી. આથી એક મકાન ભાડે રાખવામાં આવ્યું, જ્યાં નિયમિત રૂપે અધિવેશન થવાં લાગ્યાં. જુલાઈના અંત સુધીમાં આર્યસમાજના સદસ્યોની સંખ્યા ૩૦૦ થઈ ગઈ.

લાહોર આર્યસમાજના એક અધિવેશનમાં શારદાપ્રસાદ ભટ્ટાચાર્યે સ્વામીજીને આર્યસમાજના 'સંરક્ષક' અથવા 'અધિનાયક'ની પદવી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ સ્વામીજીએ તરત જ તેનો અસ્વીકાર કરતાં કહ્યું : **'મને આમાં ગુરુડમની ગંધ આવે છે. મારો ઉદ્દેશ્ય ગુરુડમ તોડવાનો છે, નહિ કે સ્વયં ગુરુ બનીને એક નવો પંથ સ્થાપિત કરવાનો છે. અને કાલે આવી પદવીથી મારું જ માથું ફરી જાય અથવા એવું ન થાય પણ મારી જગ્યાએ આવનારો ઘમંડમાં આવીને કોઈ આડુંઅવળું કાર્ય કરવા માંડશે તો આપ લોકોને બહુ મુશ્કેલી પડશે અને આર્યસમાજમાં પણ એ જ દોષો ઉત્પન્ન થશે કે જે બીજા નવીન પંથોમાં જોવા મળે છે. મેં કોઈ પંથ સ્થાપીને ગુરુ-ગાદીનો મઠ નથી બનાવ્યો. હું તો મતવાદીઓને પણ સ્વમત આગ્રહથી સ્વતંત્ર કરવા ઇચ્છું છું. માટે આવી પદવીઓથી આગળ જતાં હાનિ જ થતી હોય છે. માટે આર્યોના આ સંગઠનમાં હું કોઈ જ વિશિષ્ટ પદ સ્વીકાર કરવા માંગતો નથી.'** છતાંય લોકોએ ફરી પ્રસ્તાવ કર્યો : 'આજથી આપને આર્યસમાજના પરમ સહાયક તરીકે સંબોધિત કરવામાં આવશે.' પરંતુ સ્વામીજીએ તરત જ એ વાતને પણ નામંજૂર કરતાં કહ્યું : **'જો આપ લોકો મને સંરક્ષક, અધિનાયક કે પરમ સહાયક કહેશો તો પછી વિશ્વનિયંતા પરમેશ્વરને શું કહેશો ? સત્ય તો એ છે કે ઈશ્વર જ આપણો સંરક્ષક, અધિનાયક અથવા પરમ સહાયક છે.'**

એકવાર લાહોર આર્યસમાજના અધિવેશનમાં ઈશ્વર-ઉપાસના ચાલી રહી હતી. એટલામાં સ્વામીજી પધાર્યા. આથી તેમના પ્રત્યે સન્માન વ્યક્ત કરવા બધા ઊભા થઈ ગયા. ઉપાસના પૂરી થયા પછી સ્વામીજીએ કહ્યું : **'ઉપાસના સમયે ઉપાસકે ઈશ્વરમાં જ મગ્ન રહેવું જોઈએ. એ સમયે કોઈ પણ મનુષ્ય આવે અને તે ગમે તેવો આદરણીય હોય તોપણ ઉપાસકે ઈશ્વર-ઉપાસના છોડીને ઊભા ન થવું જોઈએ; કારણ કે ઈશ્વરથી મહાન કોઈ નથી. તેની ઉપાસના છોડીને કોઈ મનુષ્યના સન્માન માટે ઊભા થવું એ ઈશ્વરની અવગણના કરવા જેવું છે.'**

પંડિત મનફૂલે સ્વામીજીને વિનંતી કરી : 'સ્વામીજી, જો આપ મૂર્તિપૂજાનું ખંડન છોડી દો તો અનેક લોકો પ્રસન્ન થશે અને કાશ્મીરના રાજા પણ આપનું શિષ્યત્વ ગ્રહણ કરશે.' સ્વામીજીએ કહ્યું : **'ભલા, હું કાશ્મીરના રાજાની**

પ્રસન્નતાની ચિંતા કરું કે બ્રહ્માંડના અધિપતિ પરમાત્માની કે જેની વેદોક્ત આજ્ઞાઓનું પાલન કરવાને અને અન્યોને પણ એ માટે પ્રેરિત કરવાને મેં મારા જીવનનું લક્ષ્ય બનાવ્યું છે ?'

અમૃતસરમાં એક દિવસ એક્સ્ટ્રા આસિસ્ટન્ટ કમિશનર પંડિત બિહારીલાલે સ્વામીજીને અનુરોધ કર્યો : 'સ્વામીજી, જો આપ મૂર્તિપૂજાનું ખંડન કરવાનું છોડી દો તો બધા લોકો આપના અનુયાયી અને સહાયક થઈ જશે.' સ્વામીજીએ કહ્યું : **'વેદોની આજ્ઞા અનુસાર સ્વયં ચાલવું અને અન્યોને પણ એ માટે પ્રેરિત કરવા એ જ મારું કર્તવ્ય છે, ચાહે લોકો સહાયક થાય કે ન થાય.'**

અમૃતસરના કમિશનર એચ. પરકિંસ સાહેબ સ્વામીજીને મળવા આવ્યા અને વાર્તાલાપ દરમિયાન તેમણે સ્વામીજીને કહ્યું : 'આપ જે હિંદુ ધર્મને દુર્બળતાઓથી મુક્ત કરવા ઇચ્છો છો એ ધર્મ તો સૂતરના તાંતણા જેવો કાચો છે.' સ્વામીજી એક વિદેશી અને વિધર્મી શાસકની આ વાતનો અભિપ્રાય સમજી ગયા. આમ તો સ્વામીજી 'હિંદુ ધર્મ'ને નામે પ્રચલિત જુદાં જુદાં પ્રકારનાં વિશ્વાસો, પરસ્પર વિરોધી આચારવિચારો અને આસ્થાઓના પુંજને 'ધર્મ' કહેવાના પક્ષમાં ન હતા, કારણ કે 'ધર્મ' શબ્દ તો ખૂબ જ વ્યાપક અર્થ ધરાવે છે; પરંતુ એક ખ્રિસ્તી મતાવલંબી તથા વિદેશી સત્તાના અધિકારી દ્વારા કરવામાં આવેલા આ પ્રશ્નના મર્મને સમજીને તેમણે એવી જ શૈલીમાં ઉત્તર આપતાં કહ્યું : **'જે હિંદુ ધર્મને તમે સૂતરના તાંતણા જેવો કાચો કે તકલાદી સમજી બેઠા છો એ વાસ્તવમાં લોખંડ કરતાંય મજબૂત છે. લોખંડ કદાચ તૂટી જાય પણ એ તૂટે એમ નથી.'** કમિશનરે પૂછ્યું : 'એ કઈ રીતે ?' સ્વામીજીએ કહ્યું : **'આ હિંદુ ધર્મ સમંદર જેવો છે, જેમાં અનેક લહેરો ઊઠે છે. તેમાં જુદાં જુદાં પ્રકારની પૂજા-ઉપાસના પદ્ધતિઓ, આસ્થાઓ, વિશ્વાસો વગેરેને સ્થાન છે. તેમાં સ્થિતિસ્થાપકતા છે અને વિરોધ સહન કરવાની પ્રવૃત્તિ અને સામર્થ્ય પણ છે. આથી જ અહીં આસ્તિક અને નાસ્તિક, મૂર્તિપૂજક અને નિરાકાર ઉપાસક, જડવાદી અને અધ્યાત્મવાદી, જ્ઞાની અને ધ્યાની, હિંસાવાદી અને અહિંસાવાદી, રૂઢિવાદી અને સુધારાવાદી એમ તમામ પ્રકારના લોકો સહઅસ્તિત્વ ધરાવે છે અને તેઓ બધા જ સ્વયંને હિંદુ કહે છે. કોઈ તેમને હિંદુ ધર્મમાંથી બહાર કરી શકે તેમ નથી. આથી આ ધર્મ કાચો નથી, પરંતુ બહુ જ પાક્કો છે.'** પરકિંસ સાહેબે બીજો પ્રશ્ન પૂછ્યો : 'આપ કેવા પ્રકારના ધર્મનો પ્રચાર કરવા ઇચ્છો છો ?' સ્વામીજીએ કહ્યું : **'હું ફક્ત એ જ ઇચ્છું છું કે લોકો વેદોની આજ્ઞાઓનું પાલન કરે, એકમાત્ર નિરાકાર અદ્વિતીય ઈશ્વરની ઉપાસના કરે,**

શુભ ગુણોને ગ્રહણ કરે અને અવગુણોનો ત્યાગ કરે. હું આ જ વેદ પ્રતિપાદિત ધર્મના પ્રચાર હેતુ પ્રયત્નશીલ છું.'

અમૃતસરમાં સ્વામીજીએ 'આર્યોદ્દેશ્યરત્નમાળા' નામનો એક નાનો પણ ખૂબ જ અગત્યનો ગ્રંથ લખ્યો, જેમાં એક સો વૈદિક મંતવ્યોને ટૂંકમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યાં છે. એક દિવસ એક પાઠશાળાના વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકના કહેવાથી સ્વામીજી પર ઈંટોના ટુકડા અને પથ્થરો ફેંક્યાં. સભામાં ખળભળાટ મચી ગયો. સ્વામીજીએ સૌને શાંત પાડ્યા. પોલીસે કેટલાંક બાળકોને પકડી લીધાં અને સ્વામીજી સામે હાજર કર્યાં. બાળકોએ રડતાં રડતાં કબૂલ કર્યું : 'અમારા ગુરુજીએ અમને લાડુની લાલચ આપીને અમારા હાથે આ કામ કરાવ્યું છે.' આ સાંભળીને સ્વામીજીએ તરત જ લાડુ મંગાવ્યા અને બાળકોને વહેંચી દીધાં અને કહ્યું : 'બાળકો, તમારા ગુરુજી તો કદાચ તમને લાડુ ન પણ આપે, પરંતુ હું તમને લાડુ આપું છું. ખાઓ અને આનંદ કરો.' અમૃતસરમાં ખ્રિસ્તી સ્કૂલોમાં ભણતા ચાળીસ જેટલા હિંદુ યુવકો મનથી ખ્રિસ્તી થઈ ચૂક્યા હતા અને દર રવિવારે ચર્ચમાં પણ જતા હતા. સ્વામીજીના ઉપદેશથી આ યુવકો ખૂબ જ પ્રભાવિત થયા અને તેઓએ ખ્રિસ્તી થવાનું માંડી વાળ્યું અને તેઓ વૈદિક ધર્મમાં નિષ્ઠા ધરાવતા થઈ ગયા.

જાલંધરમાં સરદાર વિક્રમસિંહે સ્વામીજીને કહ્યું : 'આપ કહો છો કે વૈદિક શાસ્ત્રોમાં બ્રહ્મચર્યનો ખૂબ જ મહિમા ગાવામાં આવ્યો છે અને આપ સ્વયં પણ નૈષ્ઠિક બ્રહ્મચારી છો; પરંતુ બ્રહ્મચર્યના બળનો પરચો બતાવતી કોઈ વાત જોવા મળતી નથી.' સ્વામીજીએ ત્યારે તો કંઈ જ ઉત્તર ન આપ્યો, પરંતુ જ્યારે સરદાર સ્વામીજીને નમસ્તે કરીને પોતાની બે ઘોડાવાળી બગીમાં બેસી ગયા ત્યારે તેમણે છાનામાના તેનું પાછળનું પૈડું પકડી લીધું. બગી હાંકનારે ઘોડાને ચાબૂક લગાવ્યાં, પરંતુ ઘોડા બિલકુલ ચસકતા નથી. સરદારે પાછળ જોયું તો સ્વામીજી બગીનું પૈડું પકડીને ઊભા છે અને મંદ મંદ હસી રહ્યા છે. ગાડીનું પૈડું છોડીને સ્વામીજીએ કહ્યું : **'હવે તો આપને બ્રહ્મચર્યના બળનો નિશ્ચય થઈ ગયો હશે.'** સરદાર વિસ્મય પામીને સ્વામીજીને વંદન કરી રહ્યા. ૨૪ સપ્ટેમ્બર ૧૮૭૭ના રોજ મૌલવી અહમદ હુસેન સાથે સ્વામીજીનો પુનર્જન્મ અને પયગંબરો તથા દેવદૂતો દ્વારા પ્રદર્શિત ચમત્કારો પર લિખિત શાસ્ત્રાર્થ થયો. આગળ જતાં આ શાસ્ત્રાર્થને 'જાલંધર શાસ્ત્રાર્થ'ના નામે પ્રકાશિત કરવામાં આવ્યો. જાલંધરમાં સ્વામીજીએ એક ખ્રિસ્તી વ્યક્તિની 'શુદ્ધિ' કરી. પંજાબની આ યાત્રામાં સ્વામીજી કુલ પાંચ વખત લાહોર આવ્યા. સ્વામીજીએ રાવળપિંડીમાં કહ્યું : **'શોક છે કે હિંદુઓ બીજા મત-મજહબોના ગ્રંથો વાંચતા જ નથી; અને જ્યારે ખ્રિસ્તીઓ તથા**

મુસલમાનો તેમના ધર્મ પર સાચા-ખોટા આક્ષેપો કરે છે, તો તેઓ તરત જ નિરુત્તર થઈ જાય છે.'

સ્વામીજીએ પંજાબના ગુજરાત શહેરમાં દેશ અને ધર્મની વર્તમાન દુરાવસ્થા તથા મૂર્તિપૂજા અને અન્ય કુરીતિઓના ખંડન પર ભાષણો કર્યાં. અહીં ખ્રિસ્તી પાદરીઓની વટાળ પ્રવૃત્તિ ચરમસીમા પર હતી. ત્યાંના ડેપ્યુટી કમિશનર કેટલાક પાદરીઓની સાથે સ્વામીજીનાં ભાષણો સાંભળવા આવતા હતા. એક દિવસ સ્વામીજીએ તેઓની હાજરીમાં વર્તમાન ખ્રિસ્તીઓનાં નિંદનીય કર્મો પર ભાષણ કર્યું. ભાષણ પૂરું થયું એટલે ડેપ્યુટી કમિશનરે કહ્યું : 'સ્વામીજી, અમે ખ્રિસ્તીઓ તો ભણેલા છીએ, એટલે તમારા ભાષણને શાંતિથી સાંભળી લઈએ છીએ; પરંતુ જો આપ આવાં જ ખંડનાત્મક ભાષણો કરતાં રહેશો તો ક્યારેક કોઈ કટ્ટર હિંદુ તમારી હત્યા કરી નાખશે.' સ્વામીજીએ કહ્યું : **'મહાશય, મારો ઉદ્દેશ્ય સત્યનો પ્રકાશ કરવો છે. હત્યાનો ભય મને સત્યની અભિવ્યક્તિ કરતાં રોકી ના શકે. અને મારા આ પવિત્ર ઉદ્દેશ્યની પૂર્તિમાં કદાચ મારી હત્યા પણ થઈ ગઈ તો અહોભાગ્ય.'** અહીંની એક હાઈસ્કૂલના હેડમાસ્તરે પૂછ્યું : 'આપ બ્રાહ્મણોની મૂર્તિપૂજારૂપી જીવિકા તો છીનવી રહ્યા છો, પરંતુ તેના બદલામાં કશુંય આપો છો ખરા ?' સ્વામીજીએ કહ્યું : **'હું તેઓને મૂર્તિપૂજાના જડ સંસ્કારોમાંથી મુક્ત કરીને વેદોના પઠનપાઠન અને યોગાભ્યાસમાં પ્રવૃત્ત થવા પ્રેરિત કરું છું. શું આ કંઈ સાધારણ વાત છે ?'** એક દિવસ સ્વામીજીના પ્રવચનનો મૌલવી મુહમ્મદીન નામના ફારસીના એક અધ્યાપક પર એટલો પ્રભાવ પડ્યો કે તેમણે ભરી સભામાં ઊભા થઈને જાહેર કર્યું : 'સ્વામીજીએ કરેલા ગાયત્રીમંત્રના આ અર્થથી હું એવો પ્રભાવિત થયો છું કે મેં આજે નક્કી કર્યું છે કે હવે હું નમાજને બદલે ગાયત્રી મંત્ર સહિત સંધ્યોપાસના કરીશ.' અહીં પૌરાણિકોએ સ્વામીજીની હત્યા કરવા એક કુખ્યાત ગુંડાને તૈયાર કર્યો. આથી કેટલાક ભક્તોએ સ્વામીજીને પ્રાર્થના કરી કે આપ ક્યાંય બહાર ના નીકળશો. પરંતુ સ્વામીજીએ કહ્યું : **'એ બધી પોકળ વાતો છે. હું આજે વ્યાખ્યાન આપવા જરૂર જઈશ. હું આવી ધમકીઓથી જરાય ડરતો નથી. તમે મારો આ સોટો જોયો છે ને ? મારી ઉપર કોઈ આક્રમણ નહિ કરે; અને જો કરશે તો હું એકલો જ દસ-બાર જણા પર ભારે પડું એમ છું. જો હું આવી વાતોથી ડરી ગયો હોત તો દેશભરમાં વેદોનો ઉપદેશ અને પ્રચાર શી રીતે કરી શક્યો હોત ? માટે હું અહીંથી બહાર જરૂર જઈશ. તમે ચિંતા ના કરશો.'** અહીં કેટલાક વિરોધીઓએ સાથે મળીને નક્કી કર્યા મુજબ સ્વામીજીને એક વિચિત્ર પ્રશ્ન કર્યો : 'સ્વામીજી, આપ જ્ઞાની છો કે અજ્ઞાની ?' પરંતુ અત્યંત પ્રતિભાશાળી અને હાજરજવાબી સ્વામીજીએ આ કુટિલ પ્રશ્નનો

જવાબ આપતાં કહ્યું : **'હું કેટલીક વાતોમાં જ્ઞાની છું અને કેટલીક વાતોમાં અજ્ઞાની છું. જેમ કે, વેદાદિ શાસ્ત્રો, સંસ્કૃત, ધર્મ વગેરેમાં જ્ઞાની છું; અને અંગ્રેજી, ફારસી, વેપાર-વાણિજ્ય વગેરેમાં અજ્ઞાની છું.'** પંડિતો અવાક્ થઈ ગયા.

સ્વામીજીએ ગુજરાનવાલામાં બ્રહ્મચર્યનું મહત્ત્વ વર્ણવ્યું અને કહ્યું : **'હું ત્રેપન વર્ષનો છું. કોઈને મારા શારીરિક બળની પરીક્ષા કરવી હોય તો આવે. હું તેનો હાથ પકડીશ અને તે છોડાવી લે. અથવા કોઈ મારો હાથ પકડીને તેને નમાવી દે.'** આ સભામાં કેટલાક કાશ્મીરી મલ્લ પણ બેઠા હતા, પરંતુ કોઈને સામે આવવાની હિંમત ના થઈ. એક દિવસ મુલતાનમાં વાર્તાલાપ દરમિયાન વિખ્યાત પાશ્ચાત્ય વિદ્વાન મેક્સમૂલર વિશે ચર્ચા થઈ. સ્વામીજીએ કહ્યું : **'મેક્સમૂલર વૈદિક વિદ્યાના ક્ષેત્રમાં હજુ બાળક સમાન છે અને જ્યાં સુધી તેમને કોઈ વેદોનો પારગામી વિદ્વાન ગુરુ નહિ મળે ત્યાં સુધી તેઓ સાયણ અને મહીધર જેવા અયોગ્ય ભાષ્યકારોનું અંધાનુકરણ કર્યા કરશે.'** સ્વામીજીએ પોતાના સત્યાર્થપ્રકાશ, ઋગ્વેદાદિભાષ્યભૂમિકા તથા વેદભાષ્ય વગેરે ગ્રંથોમાં મેક્સમૂલરની તથા અન્ય પાશ્ચાત્ય વિદ્વાનોની વેદ-વિષયક ધારણાઓની સમાલોચના કરી છે.

અમૃતસરમાં પૌરાણિકોએ સ્વામીજી સાથે શાસ્ત્રાર્થ કરવાની તૈયારી બતાવી. લગભગ પાંચ-છ હજારની મેદની આ શાસ્ત્રાર્થ જોવા ભેગી થઈ. પરંતુ ખાસ્સીવાર રાહ જોયા પછી પણ પંડિતો ન આવ્યા. આથી સ્વામીજીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું. એટલામાં સાત-આઠ પંડિતો પોતાના ચેલાઓ સાથે આવી પહોંચ્યા અને ધૃષ્ટતા કરવા લાગ્યા. તેઓમાં શાસ્ત્રાર્થ કરવાનું સામર્થ્ય તો હતું જ નહિ. તેમના ચેલાઓ ઈંટોનાં રોડાં અને ધૂળ ફેંકવા લાગ્યા. એક પથ્થર સ્વામીજીને મારવા ફેંક્યો, પરંતુ તેમની આજુબાજુ બીજા લોકો ઊભા હોવાથી બચી ગયા. કેટલાક લોકોને વાગ્યું પણ ખરું. પોલીસ હતી, પરંતુ એ કશું કર્યા વગર આ ધમાલ જોતી રહી. છેવટે સભા વિસર્જિત કરવામાં આવી. સ્વામીજીના ભક્તો કોપાયમાન થયા, પરંતુ સ્વામીજીએ તેઓને શાંત કરતાં કહ્યું : **'મદ્ય-મદિરાથી પાગલ થઈ ગયેલા આવા મનુષ્યો પર કોપ ન કરવો જોઈએ. મારું કામ તો ઔષધ આપનાર વૈદ્ય જેવું છે. જે લોકો આજે મારા પર ઈંટ-પથ્થર વરસાવે છે તેઓ આગળ જતાં ક્યારેક પશ્ચાત્તાપ કરીને પુષ્પ-વર્ષા પણ કરી શકે છે.'** એક ભક્તે કહ્યું : 'મહારાજ, આજે દુષ્ટોએ ઈંટો ફેંકીને આપનું અપમાન કર્યું.' સ્વામીજીએ કહ્યું : **'પરોપકાર કે પરહિતનાં કાર્યોમાં માન-અપમાન અને નિંદા-સ્તુતિમાં સમાન રહેવું પડે છે. એ વિના સુધારનું કાર્ય થઈ શકતું નથી. મેં આર્યસમાજરૂપી બાગ લગાવ્યો છે. હું તેનો માળી છું. છોડને ખાતર નાખતી**

વખતે માળીના શરીર પર રાખ-માટી પણ પડી જાય છે. મારા પર ધૂળ-રાખ ગમે તેટલી પડે તેની મને ચિંતા નથી. પરંતુ હું ઇચ્છું છું કે આ આર્યસમાજરૂપી બાગ હંમેશાં લીલોછમ અને ફૂલ્યો-ફાલ્યો રહે અને તેની સુવાસ સદા મઘમઘતી રહે.' એક ભક્તે કહ્યું : 'મહારાજ, આર્યસમાજમાં બહુ જ ઓછા લોકો જોડાય છે.' સ્વામીજીએ કહ્યું : **'જો તમે દૃઢ સંકલ્પ કરીને કાર્યક્ષેત્રમાં ઊતરશો તો તમે હજારો અને લાખો મનુષ્યોને તમારા સંગી-સાથી અને વૈદિક ધર્મના અનુયાયી બનાવી શકો છો. મેં જ્યારે કાર્યનો આરંભ કર્યો હતો ત્યારે તો હું સાવ એકલો જ હતો. પરંતુ ઈશ્વરકૃપાથી આજે મને હજારો લોકોનો સહયોગ મળી રહ્યો છે.'** સ્વામીજીએ પોતાની વેદના વ્યક્ત કરતાં કહ્યું : **'કાશીના સ્વામી વિશુદ્ધાનંદ અને પંડિત બાલશાસ્ત્રી જેવા વિદ્વાનો જો મને સાથ આપે તો અમે ત્રણે મળીને સમસ્ત સંસારમાં વૈદિક વિચારધારાનો પ્રચાર કરી શકીએ છીએ. પરંતુ એ બંને વિદ્વાનો મારા અંતરંગ ભાવને જાણ્યા વિના જ મારો વિરોધ કરી રહ્યા છે.'** એક પ્રવચનમાં સ્વામીજીએ શીખોના પવિત્ર સરોવર અમૃતસરની આલોચના કરી. આથી નિહંગ શીખો બહુ જ રોષે ભરાયા અને તેમણે સ્વામીજીને મારી નાખવાની ધમકી આપી. પરંતુ સ્વામીજીએ કહ્યું : **'જે જગદીશ્વરની પ્રેરણાથી હું સંસારના ઉપકારનું કાર્ય કરી રહ્યો છું, તેના જ ભરોસે હું મારું કર્તવ્ય કર્મ કરતો રહીશ. હું સાધારણ મનુષ્યોની ધમકીથી ડરી જાઉં એવો નથી.'** પંજાબમાં સ્વામીજીને અભૂતપૂર્વ સફળતા મળી. અહીં અનેક આર્યસમાજો સ્થપાયા અને આગળ જતાં પંજાબ આર્યસમાજનો ગઢ સાબિત થયો. પંજાબે આર્યસમાજને અનેક સમર્પિત નેતાઓ, વિદ્વાનો, પ્રચારકો અને કાર્યકર્તાઓ આપ્યા.

ફરી પશ્ચિમોત્તર પ્રદેશ એટલે કે સંયુક્ત પ્રાંતમાં

લગભગ સવા વર્ષનો પંજાબનો પ્રવાસ પૂરો કરીને સ્વામીજીએ પાછા પશ્ચિમોત્તર પ્રદેશ તરફ પ્રસ્થાન કર્યું અને જુલાઈ ૧૮૭૮થી માર્ચ ૧૮૮૧ દરમિયાન રુડકી, અલીગઢ, મેરઠ, દિલ્હી, જયપુર, અજમેર, પુષ્કર, મસૂદા, નસીરાબાદ, રેવાડી, સહારનપુર, જ્વાલાપુર, હરદ્વાર, દેહરાદૂન, મુરાદાબાદ, બદાયૂં, બરેલી, શાહજહાંપુર, લખનૌ, કાનપુર, ફરુખાબાદ, પ્રયાગ, મિરજાપુર, દાનાપુર, કાશી, મૈનપુરી, મુજફ્ફરનગર, આગ્રા વગેરે અનેક સ્થાનોની યાત્રાઓ કરીને ઠેર ઠેર પ્રવચનો, વાર્તાલાપો અને શાસ્ત્ર-ચર્ચા કર્યાં અને સાંપ્રદાયિકોને પડકાર્યા.

૨૫ જુલાઈ ૧૮૭૮ના રોજ સ્વામીએ રુડકી પધાર્યા. અહીં તેમનું પહેલું પ્રવચન 'ઈશ્વરીય જ્ઞાન' પર થયું. તેમણે એક પ્રવચનમાં ડાર્વિનના

ઉત્ક્રાંતિવાદની સમાલોચના કરી અને તેના ખંડનમાં અનેક પ્રબળ અને અકાટ્ય તાર્કિક દલીલો આપી, જે પૈકી એકમાં તેમણે કહ્યું : **'જે સમયે વાનરમાંથી મનુષ્ય પેદા થયો હતો ત્યારે કોઈ એવું બંધન તો લગાડવામાં આવ્યું નહોતું કે હવે પછી વાનર આ જ પ્રકારનું કર્મ કરીને મનુષ્યને ઉત્પન્ન નહિ કરે. આથી જો સાચે જ વાનરમાંથી જ મનુષ્યનો જન્મ થયો હોય તો શું કારણ છે કે ત્યાર પછી હજારો વર્ષ પસાર થઈ ગયાં હોવા છતાંય એક પણ વાનરનું બચ્ચું મનુષ્ય રૂપે ઉત્પન્ન થતું જોવા મળતું નથી ? બાકી તો જે નર વાનર અને માદા વાનરથી મનુષ્ય ઉત્પન્ન થવાની વાત કહેવામાં આવે છે, એ બંને તો આજે પણ પૃથ્વી પર મોજૂદ છે.'** શ્રોતાઓએ સૂર્ય, પૃથ્વી વગેરેનું ભ્રમણ, અમેરિકાની શોધ, વાદળ અને ધરતીકંપ થવાનાં કારણો તથા ખગોળ, ભૂગોળ, રસાયન, ધાતુઓ વગેરે સંબંધી અનેક પ્રશ્નો પૂછ્યા, જેના સ્વામીજીએ પુરાતન સંસ્કૃત ગ્રંથોનાં આધારે સંતોષજનક ઉત્તર આપ્યા, જે આધુનિક વિજ્ઞાનને મહદ્ અંશે અનુકૂળ હતા. તેમણે ન્યૂટન દ્વારા આવિષ્કૃત પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત એક વેદમંત્ર તથા અન્ય પ્રાચીન ગ્રંથોનાં પ્રમાણોના આધારે સિદ્ધ કર્યો. શ્રોતાઓ અવાક્ રહી ગયા.

ન્યૂયૉર્કના 'ફ્રાન્ક લેસ્લિઝ સન્ડે મેગેઝિન'ના જુલાઈ-ડિસેમ્બર ૧૮૭૮ના (વોલ્યૂમ ૪, નંબર ૫.૪૨, પાન ૬૫૭-૬૬૧) અંકમાં સ્વામીજી વિશે ડેવિસ એ. કર્ટિસનો એક વિસ્તૃત સંપાદકીય લેખ પ્રકાશિત થયો, જેનું શીર્ષક હતું : 'ધ માર્ટિન લૂથર ઑફ ઇન્ડિયા', જેમાં લખ્યું હતું : **'આર્યસમાજની સ્થાપના પહેલાં ભારતમાં બ્રહ્મસમાજ, પ્રાર્થનાસમાજ વગેરે સંસ્થાઓ સમાજસુધાર તથા ધર્મપ્રચાર માટે સ્થાપિત કરવામાં આવી હતી, પરંતુ આ બધી સંસ્થાઓ ખ્રિસ્તી મત તથા પશ્ચિમની દેણ હતી, એ પશ્ચિમના ખ્રિસ્તી મતના રંગે રંગાયેલ હતી. પરંતુ આર્યસમાજ તો વિશુદ્ધ ભારતીય વૈદિક સંસ્થા છે, જે સરકારના સંરક્ષણ અને સહયોગની બિલકુલ અભિલાષા કરતી નથી...એવું લાગે છે કે શાસકોના સંરક્ષણ અને સહયોગ વગર જ આર્યસમાજ આગળ વધશે અને ફેલાશે અને સ્વામી દયાનંદનું નામ વિશ્વના સૌથી મહાન સુધારકોમાં સ્થાન પામશે એમાં બિલકુલ શંકા નથી.'** પ્રસિદ્ધ લેખક પ્રો. રાજેન્દ્ર 'જિજ્ઞાસુ'ના મત અનુસાર : **'અમેરિકામાં જે ભારતીય વિચારક, સુધારક, મુનિ, મહાત્મા, મહાપુરુષ અને દેશભક્ત પર કોઈ પત્રમાં સૌથી પહેલાં કોઈ વિસ્તૃત લેખ પ્રકાશિત થયો હોય તો એ મહર્ષિ દયાનંદ વિશે જ હતો. અમેરિકાના કોઈ પ્રતિષ્ઠિત પત્રમાં સૌથી પ્રથમ જે ભારતીય વિભૂતિનું ચિત્ર છપાયું હોય તો એ બીજા કોઈનું નહિ, પરંતુ સ્વામી દયાનંદનું જ હતું.'**

સ્વામીજી જ્વાલાપુરથી ૨૭ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ હરદ્વાર પહોંચ્યા. અહીં કુંભનો મેળો ભરાયો હતો. તેમણે એક વિજ્ઞાપન દ્વારા જનતાને પોતાના આગમન અને કાર્યક્રમની સૂચના આપી. પાસેના એક ખેતરમાં શિબિર લગાવીને ધર્મોપદેશ, પ્રશ્નોત્તર અને શંકા-સમાધાન કરવા લાગ્યા. આ મેળામાં સ્વામીજીના નામની ધૂમ મચી રહી. લોકોનાં ઝુંડનાં ઝુંડ તેમનાં દર્શન કરવા તથા ઉપદેશ શ્રવણ કરવા આવવા માંડ્યાં. એમાંના અનેક લોકો શંકા-સમાધાન કરવા અને ધર્મોપદેશ સાંભળવા આવતા હતા, તો કેટલાક માત્ર કુતૂહલ શાંત કરવા આવતા હતા કે એક ભગવાં વસ્ત્રધારી સંન્યાસી કે જે પરંપરાગત મૂર્તિપૂજા, અવતારવાદ, મૃતક શ્રાદ્ધ, તીર્થાટન વગેરેનું ખંડન કરે છે, તેમનાં રંગ-રૂપ, આકાર-પ્રકાર, આચાર-વિચાર વગેરે કેવાં છે, એ જોઈ આવીએ. એક એંશી વર્ષના આનંદવન નામના નવીન વેદાંતી (અદ્વૈતવાદી) સંન્યાસી પોતાના શિષ્યો સાથે સ્વામીજીને મળવા આવ્યા. તેમના ચહેરા પર ઓજ અને તેજ હતાં. સ્વામીજીએ ઊઠીને તેમનો સત્કાર કર્યો અને આસન પર બેસાડ્યા. બંને સંન્યાસીઓ દાર્શનિક વિષય પર વિચારવિમર્શ કરવામાં એવા મગ્ન થઈ ગયા કે ભોજનનો સમય પણ પસાર થઈ ગયો. સ્વામી દયાનંદે વેદ તથા અન્ય સાઠ-પાંસઠ ગ્રંથોમાંથી અનેક પ્રમાણો આપીને પોતાના મંતવ્યની પુષ્ટિ કરી. બપોરના બે થઈ ગયા. અંતે વયોવૃદ્ધ સ્વામી આનંદવને સ્વામી દયાનંદ દ્વારા પ્રતિપાદિત વેદોક્ત દ્વૈત સિદ્ધાંત (એટલે કે જીવ અને બ્રહ્મની ભિન્નતાનો સિદ્ધાંત) સ્વીકાર કર્યો. તેમણે ઊભા થઈને પોતાના શિષ્યોને કહ્યું : 'અત્યારે સુધી હું શાંકરમતનો અનુયાયી હતો. પરંતુ આજે સ્વામી દયાનંદજીએ વેદાંતના વાસ્તવિક અભિપ્રાયનું પ્રતિપાદન કર્યું છે અને હું જીવ-બ્રહ્મનો ભેદ સ્વીકાર કરું છું. હું ઇચ્છું છું કે તમે લોકો પણ વિચાર કરીને તેમના મતનો સ્વીકાર કરો.' આથી તેમના શિષ્યોએ પણ પોતાના ગુરુજીનું અનુસરણ કરીને દ્વૈતમતનો સ્વીકાર કર્યો.

મેળામાં સ્વામીજીનાં ભાષણોથી પૌરાણિકો ચિંતામાં મુકાઈ ગયા. તેઓએ પંજાબથી સનાતન ધર્મના પ્રવક્તા પંડિત શ્રદ્ધારામ ફિલ્લોરીને બોલાવ્યા, જે સ્વામીજીના ઘોર વિરોધી હતા. તેમણે આ મેળામાં સ્વામીજીની વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો. તેઓ જાણતા હતા કે શાસ્ત્રાર્થમાં સ્વામીજીને હરાવવાનું શક્ય નથી. આથી તેમણે સ્વામીજીને શાસ્ત્રાર્થના નામે પોતાના સ્થાને એટલે કે જૂના અખાડે બોલાવીને તેમને કેટલાક ઉદ્ધત, ઉદ્દંડ અને તામસિક સાધુબાવાઓની મદદથી ખતમ કરવાનું ભયંકર ષડ્યંત્ર રચ્યું. તેમણે સ્વામીજીને પત્ર લખ્યો, જેમાં અનેક સાધુઓના હસ્તાક્ષર હતા. સ્વામીજી એ લોકોનો ઇરાદો જાણી ગયા. તેમણે આ પત્રના ઉત્તરમાં લખ્યું : **'શાસ્ત્રાર્થ માટે હું હંમેશાં તૈયાર છું, પરંતુ તેનો પ્રબંધ**

કરનાર કોઈ રાજપુરુષ (મૅજિસ્ટ્રેટ) હોવો જોઈએ. શાસ્ત્રાર્થમાં પંડિતો સિવાયની બીજી કોઈ અપઠિત વ્યક્તિઓ ન હોવી જોઈએ. શાસ્ત્રાર્થનું સ્થાન ન તમારું હોવું જોઈએ અને ન તો મારું. જૂના અખાડે આવવામાં મને મારી શારીરિક હાનિ થવાની શક્યતા દેખાય છે. મારો શરીર-પાત થઈ જાય તેની મને ચિંતા નથી, પરંતુ હું જે પરોપકારનાં કાર્યો કરી રહ્યો છું એ અધૂરાં રહી જશે. આથી હું મારા શરીરને બચાવવા ઈચ્છું છું અને ત્યાં આવવાનું યોગ્ય સમજતો નથી.' આ મેળામાં કાશીના સ્વામી વિશુદ્ધાનંદ પણ હાજર હતા. તેમણે સ્વામીજીને એક પત્ર દ્વારા ચેતવ્યા કે : આ બહુ જ અસભ્ય અને અવિદ્વાન લોકોની ઉપદ્રવકારી મંડળી છે, જે આપના પાવન શરીરને ક્ષતિ પહોંચાડી શકે છે. આ લોકોમાં આપની સાથે શાસ્ત્રીય વાર્તાલાપ કરવાની કશી યોગ્યતા નથી, માટે આપ ત્યાં ના જશો. પોતાના જીવનના અંતિમ દિવસોમાં પંડિત શ્રદ્ધારામના દિલમાં સ્વામીજી પ્રત્યે સન્માનના ભાવ જાગ્યા હતા અને તેમણે સ્વામીજીને પ્રાયશ્ચિત્ત કરતો એક પત્ર પણ લખ્યો હતો.

દોઢેક મહિનો હરદ્વારમાં નિવાસ કરી સ્વામીજી દેહરાદૂન પધાર્યા અને પ્રવચનો શરૂ કર્યાં, જેમાં તેમણે બાઇબલ, કુરાન અને બ્રહ્મસમાજની આલોચના કરી. રોષે ભરાયેલા મુસ્લિમોએ કહ્યું : 'મૌલવી અહમદ હસન અમારા વતી શાસ્ત્રાર્થ કરશે.' પરંતુ મૌલવી સાહેબ તો શાસ્ત્રાર્થ કરવા આવ્યા જ નહિ. અહીં એક જમીનદારના બે પુત્રો ખ્રિસ્તી થઈ જવા તૈયાર થઈ ગયા હતા. સ્વામીજીએ એ બંનેની સઘળી શંકાઓનું સંતોષજનક સમાધાન કરીને તેઓને ધર્માંતરિત થતા બચાવ્યા. સ્વામીજીએ વિધર્મીઓને પોતાનામાં ભેળવવાની એટલે કે 'શુદ્ધિ'ની શરૂઆત પણ અહીંથી જ કરી. તેમણે મહમદ ઉમર નામના એક મુસ્લિમને વૈદિક ધર્મની દીક્ષા આપી અને અલખધારી એવું નવું નામ પણ આપ્યું. ૨૯ એપ્રિલ ૧૮૭૯ના રોજ દેહરાદૂનમાં આર્યસમાજની સ્થાપના કરવામાં આવી.

૧૪ ઑગસ્ટ ૧૮૭૯ના રોજ સ્વામીજી બરેલી આવ્યા. અહીં પાદરી સ્કૉટ સાથે ત્રણ દિવસ આવાગમન (જન્મ-મરણનું ચક્ર), ઈશ્વર શરીર ધારણ કરે છે કે નહિ ? અને ઈશ્વર પાપ ક્ષમા કરે છે કે નહિ ? - આ ત્રણ વિષયો પર વિચારવિમર્શ થયો, જેમાં સ્વામીજીએ વ્યક્ત કરેલાં વૈદિક મંતવ્યોનો જનતા પર ખૂબ જ પ્રભાવ પડ્યો. સ્વામીજીએ એક પ્રવચનમાં ખ્રિસ્તી મતની આલોચના કરી, જેથી કમિશનરે સ્વામીજીના યજમાનને બોલાવીને કહ્યું : 'તમે પંડિત દયાનંદને કહી દેજો કે બહુ કઠોર ખંડન ન કરે. અમે ખ્રિસ્તીઓ તો સભ્ય અને સહિષ્ણુ છીએ, પરંતુ જો જાહિલ હિંદુ-મુસ્લિમ ભડકી ઊઠ્યા તો અમારે તેમનાં પ્રવચનો પર પ્રતિબંધ મૂકવો પડશે.' સ્વામીજી સુધી આ વાત પહોંચાડવામાં આવી.

બીજા દિવસના પ્રવચનમાં પણ કલેક્ટર રીડ, કમિશનર એડવર્ડ્સ તથા અન્ય અંગ્રેજો હાજર હતા. હૉલ શ્રોતાઓથી ખીચોખીચ ભર્યો હતો. આજનું પ્રવચન આત્માના સ્વરૂપ પર હતું. તેમાં સત્યના બળ પર વર્ણન કરતાં સ્વામીજીએ કહ્યું : **'લોકો કહે છે કે સત્યને પ્રગટ ન કરો, કારણ કે એથી કલેક્ટર ક્રોધિત થશે, કમિશનર અપ્રસન્ન થશે, ગવર્નર પીડા પહોંચાડશે. અરે, ચક્રવર્તી રાજા પણ અપ્રસન્ન કેમ નથી થતો, તોપણ હું સત્ય જ કહીશ.'** ત્યાર બાદ ગીતાનો **'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ...'** શ્લોક - એટલે કે આત્માને શસ્ત્ર છેદી શકતું નથી, અગ્નિ બાળી શકતો નથી, વગેરે બોલીને ગર્જનાપૂર્વક લલકાર કરતાં કહ્યું : **'આ શરીર તો નાશવાન છે. તેની રક્ષામાં પ્રવૃત્ત થઈને અધર્મ કરવો વ્યર્થ છે. તેને જે કોઈ ઇચ્છે તે નષ્ટ કરી દે.'** પછી ચારે તરફ પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ ઘુમાવીને સિંહનાદ કરતાં કહ્યું : **'પરંતુ મને એ શૂરવીર બતાવો કે જે મારા આત્માનો નાશ કરવાનો દાવો કરતો હોય. અને જ્યાં સુધી આવો કોઈ વીર આ સંસારમાં જોવા નથી મળતો ત્યાં સુધી હું સત્યને પ્રગટ ન કરવાનો વિચાર કરવા માટે પણ તૈયાર નથી.'** સ્વામીજીનો આ સિંહનાદ સંપૂર્ણ હૉલમાં ગુંજી ઊઠ્યો, તેના પડઘા પડ્યા. સભામાં સન્નાટો છવાઈ ગયો. મુંશીરામ કે જેઓ આગળ જતાં સ્વામી શ્રદ્ધાનંદ તરીકે વિખ્યાત થયા તેઓ આ પ્રવચનમાં હાજર હતા. તેમણે પોતાની આત્મકથા 'કલ્યાણ માર્ગ કા પથિક'માં આ પ્રસંગનું વિગતે વર્ણન કર્યું છે. ત્યારે મુંશીરામ ઘોર નાસ્તિક હતા અને અનેક કુટેવો ધરાવતા હતા. પરંતુ સ્વામીજીના સત્સંગથી તેમનું જીવન પરિવર્તિત થઈ ગયું અને આગળ જતાં તેઓ સ્વામીજીના મહાન શિષ્ય, કાંગડી ગુરુકુળના સ્થાપક તથા રાષ્ટ્રીય નેતા તરીકે પ્રસિદ્ધ થયા.

સ્વામીજી ફરુખાબાદ હતા ત્યારે ત્યાં એક રસ્તાને પહોળો કરવાનું કામ ચાલતું હતું. એ રસ્તાની વચ્ચે એક નાનું મંદિર પડતું હતું, જેમાં પૌરાણિક લોકો ધૂપ-દીવો વગેરે કરતા હતા. એક વ્યક્તિએ સ્વામીજીને કહ્યું : 'અહીંના મૅજિસ્ટ્રેટ સ્કૉટ સાહેબ તો આપને બહુ જ માને છે. તેમને વાત કરીને આ મંદિર તોડાવી નાખો ને.' સ્વામીજીએ કહ્યું : **'ભાઈ, મારું કામ લોકોના મનમંદિરમાં - બુદ્ધિમાં ઘર કરી ગયેલા મૂર્તિપૂજાના કુસંસ્કારોને દૂર કરવાનું છે; મારું કામ મંદિરો કે મૂર્તિઓ તોડવાનું નથી.'** સ્વામીજી મૂર્તિપૂજાના ઘોર વિરોધી હતા, પરંતુ તેઓ મૂર્તિભંજક તો બિલકુલ ન હતા.

દાનાપુરમાં એક ભક્તે સ્વામીજીને કહ્યું : 'આપ ઈસ્લામની વિરુદ્ધ ના બોલો તો સારું.' સ્વામીજીએ કોઈ ઉત્તર ન આપ્યો, પરંતુ એ જ દિવસે સાંજનું પ્રવચન ઈસ્લામની કેટલીક અવૈજ્ઞાનિક અને તર્કવિરુદ્ધ માન્યતાઓના ખંડન પર જ કર્યું. પ્રવચન દરમિયાન તેમણે કહ્યું : **'કેટલાંક "બચ્ચાંનાં બચ્ચાં" (એટલે કે**

બાળલગ્નોથી પેદા થયેલાં લોકો) મને ભલામણ કરે છે કે મારે ઈસ્લામનું ખંડન ન કરવું જોઈએ. પરંતુ હું સત્યને છુપાવી શકતો નથી. બીજું એ કે જ્યારે મુસ્લિમોનું ચાલતું હતું ત્યારે તો તેઓ આપણું તલવારથી ખંડન કરતા હતા, અને હવે અંધેર જુઓ કે હું વાણીમાત્રથી ખંડન કરું છું તોપણ તેનો નિષેધ કરવામાં આવે છે. ભલા, હું આવા રાજ્યમાં કે જેમાં ધર્મપ્રચારની છૂટ છે, કોઈની પોલ ખોલવાનું છોડતો હોઈશ ?'

દાનાપુરમાં જ સ્વામીજીએ પ્રાસંગિક રૂપે પોતાની પંજાબના એક નગરની યાત્રા વિશે વાત કરતાં કહ્યું : 'જ્યારે હું ત્યાં એક ભાષણમાં બાઈબલનાં કેટલાંક પરસ્પર વિરુદ્ધ - વદતોવ્યાઘાત દોષથી દૂષિત પ્રકરણોનો ઉલ્લેખ કરી રહ્યો હતો ત્યારે ભારતના સરસેનાપતિ - કમાન્ડર ઈન ચીફ જનરલ રોબર્ટ્સનું અચાનક આગમન થયું. મારા વ્યાખ્યાન પૂરું થયું એટલે તેમણે મારી સાથે હાથ મિલાવ્યો અને કહ્યું : **'આપ અત્યંત નિર્ભીકતાપૂર્ણ આલોચના કરો છો. આપ જ્યારે દેશના સર્વોચ્ચ સેનાધિકારીની સામે તેના ધર્મની આલોચના કરી શકતા હો, તો તમારા માટે અન્યોથી તો ભયભીત થવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?'**

દાનાપુરમાં એક રાતે સ્વામીજી એકાએક ઊઠીને આંટા મારવા લાગ્યા. સેવક જાગી ગયો. તેણે પૂછ્યું : 'મહારાજ, કંઈ કષ્ટ છે ?' સ્વામીએ લાંબો શ્વાસ કાઢતાં કહ્યું : **'ખ્રિસ્તીઓ પાણીની જેમ પૈસા વહાવીને હિંદુસમાજની દરિદ્રતા, પરાધીનતા અને દુર્દશાનો લાભ ઉઠાવીને ધર્માંતર કરી રહ્યા છે, જ્યારે આપણા ધર્માચાર્યો, મઠાધીશો અને મહંતો કુંભકર્ણની નિદ્રામાં પડ્યા છે. હું આર્યજાતિની આવી અધોગતિથી અત્યંત વ્યાકુળ થઈ ગયો છું, મારી વેદનાનો પાર નથી.'**

કાશીમાં સ્વામીજીનાં ભાષણો પર પ્રતિબંધ

સ્વામીજીએ પોતાના જીવનમાં કુલ સાત વાર કાશીનો પ્રવાસ કર્યો હતો. તેમની ૧૮૬૯માં બીજીવારની કાશીયાત્રા દરમિયાન ત્યાંના પંડિતો સાથે મૂર્તિપૂજા પર પ્રસિદ્ધ શાસ્ત્રાર્થ થયો હતો. એ શાસ્ત્રાર્થ બાદ સ્વામીજી પાંચવાર કાશી આવ્યા. તેઓ ૨૦ નવેમ્બર ૧૮૭૯ના રોજ છેલ્લી વાર કાશી પધાર્યા. આવતાં વેંત જ હંમેશની માફક વિજ્ઞાપનો પ્રકાશિત કરાવ્યાં અને પંડિતોને ફરી શાસ્ત્રાર્થ માટે લલકાર્યા. કાશીમાં પાછો ખળભળાટ મચી ગયો. પરંતુ જ્યારે કોઈ શાસ્ત્રાર્થ માટે આગળ ન આવ્યું ત્યારે સ્વામીજીએ એક વિજ્ઞાપન પ્રકાશિત કરાવ્યું, જેમાં લખ્યું હતું કે તેઓ ૨૦ ડિસેમ્બરે બંગાળી ટોલાની પ્રાથમિક સ્કૂલમાં વ્યાખ્યાન આપશે. આથી વિરોધી છાવણીમાં હલચલ મચી ગઈ. પંડિતોને થયું કે હવે અમારું બચવું કઠિન છે. એક તો શાસ્ત્રાર્થનો પડકાર ન ઉઠાવવાને લીધે અમારું માથું ઝુકેલું

છે અને બીજી બાજુ દયાનંદ વારંવાર વિજ્ઞાપનો આપીને અમને યાદ કરાવતા રહે છે. એવામાં જો તેઓ હવે અહીં કોઈ વ્યાખ્યાન આપશે તો અમારું રહ્યું-સહ્યું માન-સન્માન પણ જોખમમાં મુકાઈ જશે. આથી આ પંડિતો બનારસના કલેક્ટર મિસ્ટર વાલને મળ્યા અને તેમને એક પ્રાર્થનાપત્ર આપ્યું, જેમાં લખ્યું હતું કે જો દયાનંદને ભાષણ કરવાની છૂટ આપવામાં આવશે તો અહીં સાંપ્રદાયિક તોફાનો થવાની સંભાવના છે, આથી તેમને ભાષણ કરવાની છૂટ આપવામાં ન આવે. જે લોકો કલેક્ટર પાસે સ્વામીજી વિરુદ્ધ આવી ફરિયાદ કરવા ગયા હતા તેમના અગ્રણી રાજા શિવપ્રસાદ હતા. અને એ પણ સાંભળવા મળ્યું હતું કે શિવપ્રસાદના આ કાર્ય પાછળ પંડિત બાલશાસ્ત્રી અને સ્વામી વિશુદ્ધાનંદની ઉત્તેજના અને ઉપદેશ પણ કારણભૂત હતાં. મૅજિસ્ટ્રેટે સ્વામીજીનાં ભાષણો પર પ્રતિબંધ મૂકી દીધો. આથી જ્યારે સ્વામીજી ૨૦ ડિસેમ્બરે નક્કી કરેલા સમયે સ્કૂલના દરવાજે પહોંચ્યા ત્યારે એક પોલીસ કર્મચારીએ તેમને મૅજિસ્ટ્રેટનો પત્ર આપ્યો, જેમાં લખ્યું હતું કે હાલના સંજોગોમાં કાશીમાં કોઈ પણ ધાર્મિક વ્યાખ્યાન કે શાસ્ત્રાર્થ વગેરેનું આયોજન થઈ શકશે નહિ. સ્વામીજીએ શાસનના આ આદેશનું પાલન કર્યું અને પોતાનું આ વ્યાખ્યાન મુલતવી રાખ્યું. પરંતુ બીજે દિવસે સ્વામીજીએ મૅજિસ્ટ્રેટને પત્ર લખીને પૂછ્યું : ‘ક્યા કારણોસર મારાં વ્યાખ્યાનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને આ પ્રતિબંધ કેટલા દિવસ માટે અમલમાં રહેશે, એ જણાવવામાં આવે.’ જ્યારે સ્થાનીય અધિકારીઓ તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળ્યો ત્યારે સ્વામીજીએ પશ્ચિમોત્તર પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર તથા બનારસના મુખ્યાયુક્તને પત્ર લખીને તેમનાં ભાષણો પર લગાવવામાં આવેલ પ્રતિબંધનાં કારણો જણાવવાનો આગ્રહ કર્યો. આ પત્રના ઉત્તરમાં સરકારના નાયબ સચિવ પી. સ્પીટને પત્ર દ્વારા સ્વામીજીને જણાવ્યું કે, સરકારની રાયમાં મૅજિસ્ટ્રેટ દ્વારા આપનાં ભાષણો રોકવાં જરૂરી હતાં. આમ સરકારે સ્વામીજીને પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતા રોક્યા, પરંતુ એ સમયનાં સ્ટાર, પાયોનિયર અને અવધ અખબાર વગેરે સમાચારપત્રોએ તો એકી અવાજે સરકારના આ આદેશની નિંદા કરી અને તેને સ્વતંત્ર વિચારોની અભિવ્યક્તિ માટે બાધક ગણાવ્યો. છેવટે કલેક્ટરે પોલીસ ઇન્સ્પેક્ટર દ્વારા સ્વામીજીને સૂચના આપી કે હવે આપને વ્યાખ્યાન કે ઉપદેશ કરવાની છૂટ છે. પછી સ્વામીજીએ ૨૧ માર્ચથી ૧૫ એપ્રિલ ૧૮૮૦ સુધીમાં અહીં પોતાના દ્વારા સ્થાપિત વૈદિક યંત્રાલયના ભવનની છત પર સાંજના છથી આઠ સુધી લગભગ વીસેક ભાષણ કર્યાં. ૧૫ એપ્રિલે તેમનું છેલ્લું ભાષણ થયું અને એ જ દિવસે સ્વામીજીની હાજરીમાં કાશીમાં આર્યસમાજની સ્થાપના કરવામાં આવી. સ્વામીજી કાશીથી લખનૌ, ફરુખાબાદ અને મૈનપુરીનો પ્રવાસ કરીને મેરઠ પહોંચ્યા.

મહર્ષિ દયાનંદની ઉદ્‌બોધક વાણી

આર્યસમાજ મેરઠ એક કન્યા પાઠશાળા ચલાવતો હતો. એ માટે એક વિદુષી અધ્યાપિકાની જરૂર હતી. સ્વામીજીએ પંડિતા રમાબાઈની સંસ્કૃત વક્તૃતાની પ્રશંસા સાંભળીને તેમની સાથે પત્રવ્યવહાર કર્યો અને તેમને મેરઠ પધારવાનું આમંત્રણ આપ્યું. આથી રમાબાઈ પોતાના બે સેવકો સાથે કલકત્તાથી મેરઠ આવ્યાં. બાદમાં વિપિનબિહારી નામના એક કાયસ્થ સજ્જન પણ આવ્યા, જે રમાબાઈના ઘનિષ્ઠ મિત્ર હતા. એ બધાના નિવાસની વ્યવસ્થા બાબુ છેદીલાલના બંગલે કરવામાં આવી. મેરઠમાં રમાબાઈએ ચાર-પાંચ વ્યાખ્યાનો કર્યાં. સ્વામીજી તો તેમનાં એકેય વ્યાખ્યાનમાં હાજર ન રહ્યા, પરંતુ તેઓ પોતાના શિષ્યોના માધ્યમથી તેમનાં વ્યાખ્યાનોનો સાર જાણી લેતા હતા. સ્વામીજી પોતાના સંન્યાસ આશ્રમની મર્યાદા અનુસાર કોઈ મહિલાને શિષ્ય બનાવીને તેને ભણાવવાને યોગ્ય સમજતા નહોતા. પરંતુ તેઓ દેશની મહિલાઓના ઉદ્ધાર માટે રમાબાઈને તૈયાર કરવા ઇચ્છતા હતા. આથી તેમણે આપદ્ધર્મ સમજીને પોતાના શિષ્ય ભીમસેન, જ્વાલાદત્ત અને આર્યસમાજના સભાસદ પાલીરામ, જ્યોતિસ્વરૂપ વગેરેની હાજરીમાં રમાબાઈને ન્યાય અને વૈશેષિક દર્શનનાં કેટલાંક મહત્ત્વપૂર્ણ સૂત્રો ભણાવ્યાં. પરંતુ રમાબાઈ સ્વામીજીની અપેક્ષા અનુસાર આજીવન બ્રહ્મચારિણી રહીને સ્ત્રીઓના શિક્ષણ, સુધાર અને ઉત્થાન માટે કાર્ય કરવા તૈયાર ન હતાં. રમાબાઈ તો વિપિનબિહારીની સાથે વિવાહ કરવા માંગતા હતાં. આથી સ્વામીજી સમજી ગયા કે રમાબાઈ મારા દ્વારા નિર્દિષ્ટ માર્ગ પર ચાલવા માટે તૈયાર પણ નથી, અને યોગ્ય પણ નથી. આથી મેરઠ આર્યસમાજે એક સમારોહ આયોજિત કરીને રમાબાઈને માનપૂર્વક વિદાય આપી. સ્વામીજીએ પંડિતાને પોતાના ગ્રંથોનો એક સેટ ભેટમાં આપ્યો. વચ્ચે સ્વામીજી બે અઠવાડિયાં મુજફ્ફરનગરમાં ધર્મોપદેશ કરીને ૨ ઑક્ટોબર ૧૮૮૦ના રોજ ફરી મેરઠ આવી પહોંચ્યા.

મેરઠ આર્યસમાજના ઉત્સવ પર આપેલા છેલ્લા ભાષણમાં સ્વામીજીએ પોતાની સ્થિતિ અને આર્યસમાજના ભાવિ વિશે અતિ મહત્ત્વપૂર્ણ વક્તવ્ય આપતાં કહ્યું : **'સામાન્ય રીતે લોકો મને કહે છે કે હું જે કોઈ આવે છે તેનો સ્વીકાર કરું છું. પરંતુ આ અંગે મારો સ્પષ્ટ ઉત્તર છે : હું વેદોને જ સર્વોપરી માનું છું. એકમાત્ર વેદ જ એવું પુસ્તક છે, જેના છત્ર નીચે સંપૂર્ણ આર્ય પ્રજા આવી શકે તેમ છે. આથી જે કોઈ વ્યક્તિ એમ કહેતી હોય કે હું વેદોને માન્ય કરું છું અને આર્ય આચરણ ધરાવું છું, તો તેવી વ્યક્તિને આર્યસમાજમાં સંમિલિત કરી લો. એવી શ્રદ્ધાળુ વ્યક્તિનો અસ્વીકાર કરી શકાય નહિ. લોકો ભેદભાવ પ્રત્યે બહુ ધ્યાન**

આપે છે. પરંતુ આપ સૌ લોકો આંતરિક ભેદભાવ કરતાં સંપજનક બાબતો પ્રત્યે વધુ ધ્યાન આપો. તુચ્છ ભેદભાવો અને વિરોધભાવ છોડીને મેળમિલાપને અધિક મહત્ત્વ આપો. આપસમાં મેળની વાતો રહેશે તો વિરોધ અને ભેદ તો આપોઆપ મટી જશે. હવે આપ લોકોએ પોતાનાં કર્તવ્યોનું પાલન કરવું પડશે. માટે સ્વ-જીવનને ઉચ્ચ બનાવો. પોતાની જરૂરિયાતોને પોતે જ પૂરી કરતાં શીખો. હાલની સ્થિતિ તો એવી છે કે ક્યારેક કોઈ પ્રબળ પ્રતિપક્ષવાળો આવી જાય તો આપ લોકો તાર પર તાર દઈને મને જ બોલાવો છો. ક્યારેક કોઈ શંકા ઊભી થાય તો તેના સમાધાન માટે પણ આપ લોકો મારા પર જ ભરોસો રાખો છો. પ્રવચનો કરાવવાં હોય તોપણ મારા પર જ આધાર રાખો છો. ક્યારેક પરસ્પર ફૂટફાટ કે વાદવિવાદ ઊભો થઈ જાય, કોઈ અણબનાવ બને કે વેરવિરોધ વધી જાય તો તેને દૂર કરવાની ચિંતા પણ મારે જ કરવી પડે છે. મારે જાતે આવીને આપ લોકોની વચ્ચે શાંતિ સ્થાપિત કરવી પડે છે. આપ લોકોનાં મનમાં ફૂટફાટ પડવા દેતો નથી. આપનામાં રહેલા સ્નેહના કોમળ તંતુઓને તૂટવા દેતો નથી. પરંતુ મહાશયો ! હું કાંઈ કાયમ રહેવાનો નથી. ઈશ્વરી નિયમ અને ન્યાયમાં મારો આ દેહ પણ ક્ષણભંગુર છે. કાળ પોતાના કરાળ પેટમાં પ્રત્યેકને પચાવી લે છે. કાચા ઘડા જેવા આ દેહને પણ અંતે તો એના હાથે તૂટવાનું જ છે. માટે વિચાર કરો - જો આપ લોકો પોતાના પગ પર ઊભા રહેતાં નહિ શીખો, તો મારા ગયા પછી શું કરશો ? માટે અત્યારથી જ પોતાને તૈયાર કરી લો. સ્વાવલંબનનો સિદ્ધાંત ધારણ કરો. પોતાની જરૂરિયાતોને પૂરી પાડવા યોગ્ય બનો. કોઈનો સહારો લેવા કરતાં પોતાના પર જ નિર્ભર બનો. મને વિશ્વાસ છે કે આપ લોકોમાંથી જ એવા એવા શ્રેષ્ઠ મનુષ્યો પેદા થશે, જે એક એકથી ચઢિયાતાં કામ કરી બતાવશે. પ્રાણ આપીને પણ પોતાની પવિત્ર ફરજોનું પાલન કરશે. આર્યસમાજનો જબરદસ્ત ફેલાવો થશે. આગળ જતાં આ વાટિકાઓ હરીભરી, ફૂલીફાલી અને લહેરાતી જોવા મળશે. ઈશ્વર-કૃપાથી આ બધું જ થશે, પરંતુ એ જોવા માટે હું નહિ હોઉં.'

દેશી રજવાડાંની સુધારણા માટે રાજસ્થાનનો પ્રવાસ

સ્વામીજી મેરઠથી આગ્રા પધાર્યા. અહીં જુદા જુદા વિષયો પર પચીસ પ્રવચનો કર્યાં. અહીંના પ્રસિદ્ધ સેન્ટ્ પીટર્સ ચર્ચના બિશપે સ્વામીજીને આમંત્રિત કર્યા. સ્વામીજી તેમને મળવા ગયા. બંને વચ્ચે અનેક વિષયો પર સૌહાર્દપૂર્ણ વાર્તાલાપ થયો. બિશપની અનુમતિ લઈને સ્વામીજી ગિરજાઘર જોવા ગયા. પહેરેગીરે કહ્યું : 'આપ પાઘડી ઉતારીને જ અંદર પ્રવેશ કરી શકશો.' સ્વામીજીએ કહ્યું : 'અમારા દેશમાં પાઘડી ધારણ કરવી એ સન્માનનું સૂચક છે. કહો તો જોડા ઉતારી નાખું.' પેલાએ કહ્યું : 'બંને ઉતારી દો.' સ્વામીજીને એ મંજૂર ન હતું.

તેઓ અંદર ન ગયા. બહાર વરંડામાંથી જ અંદર રહેલી મૂર્તિઓને જોઈને આવી ગયા. આગ્રામાં ૨૬ ડિસેમ્બર, ૧૮૮૦ના રોજ આર્યસમાજની સ્થાપના કરવામાં આવી.

૨૨ જાન્યુઆરી ૧૮૮૧ના રોજ કલકત્તા યુનિવર્સિટીના સેનેટ હૉલમાં દેશભરના ત્રણસો જેટલા ટોચના પૌરાણિક પંડિતોએ 'આર્ય સન્માર્ગ સંદર્શિની સભા' નામની એક વિશાળ સભા આયોજિત કરીને સ્વામીજીની વિચારધારા વિરુદ્ધ વ્યવસ્થા આપી. પરંતુ તેઓએ જેમની વિરુદ્ધ આ વ્યવસ્થા આપવાની હતી એ સ્વામી દયાનંદને તો આ સભામાં આમંત્રિત જ ન કર્યા, તેમનો તો પક્ષ જ સાંભળવામાં ન આવ્યો ! કારણ સ્પષ્ટ હતું કે આ પંડિતો જાણતા હતા કે તેઓ સ્વામીજી સામે શાસ્ત્રાર્થમાં ટકી શકશે નહિ. સ્વામી કૃપારામ નામના એક ભક્તે સ્વામીજીને આ વિશે પત્રથી જાણ કરી, જેના ઉત્તરમાં સ્વામીજીએ જયપુરથી લખ્યું : **'કલકત્તાની સભા વિશે લખવાનો મારી પાસે સમય નથી, મારી પાસે વેદભાષ્ય લખવાનું મોટું કામ છે. જો તમને સમય હોય તો તેનો ઉત્તર લખીને પ્રકાશિત કરશો.'** આથી લાહોર આર્યસમાજના નેતા લાલા સાંઈદાસે તેના ઉત્તરમાં 'રસાલા એક આર્ય' નામનું પુસ્તક ઉર્દૂમાં લખ્યું, જેમાં પ્રતિપક્ષી પંડિતોના પક્ષની ગંભીર અને વિશદ સમાલોચના કરવામાં આવી હતી.

આપણો દેશ પરતંત્ર હતો. અંગ્રજોનું શાસન હતું. દેશી રાજાઓ આંતરિક શાસનમાં અમુક અંશે સ્વતંત્ર હતા. પરંતુ તે રાજાઓમાં હવે પહેલાંના ક્ષત્રિયો જેવું સ્વાભિમાન, પરાક્રમ અને ચારિત્ર્ય રહ્યાં ન હતાં. અમુક જ રાજાઓ અપવાદરૂપે સારા હતા, જેઓમાં સ્વધર્મ, સ્વભાષા અને સ્વસંસ્કૃતિનાં કંઈક ચિહ્નો જોવા મળતાં હતાં. આથી સ્વામીજીએ વિચાર કર્યો કે જો રાજસ્થાનના રાજાઓમાં પ્રાચીન ગૌરવ, સ્વદેશપ્રેમ અને સ્વાભિમાન જાગ્રત કરવામાં આવે અને તેઓનાં ચારિત્ર્યને સુધારવામાં આવે તો ધર્મ અને સમાજ સુધારણાની સાથે સાથે દેશની સ્વાધીનતા માટે પણ કંઈક સાર્થક કાર્ય થઈ શકે. સ્વામીજીને એ વાતમાં વિશ્વાસ હતો કે એક રાજાને સુધારવાથી પ્રજાને સુધારવાનું કામ બહુ જ આસાન થઈ જતું હોય છે. કંઈક આવા જ વિચારોથી પ્રેરાઈને સ્વામીજીએ ફરી એક વાર રાજસ્થાનની યાત્રા કરવાનું વિચાર્યું.

૫ મે ૧૮૮૧ના રોજ સ્વામીજી છઠ્ઠી વાર અજમેર પધાર્યા. અહીં સ્વામીજીના આગમન પૂર્વે ૧૩ ફેબ્રુઆરીના રોજ આર્યસમાજની સ્થાપના થઈ ચૂકી હતી. સ્વામીજી અહીં સાંજે સાતથી રાત્રિના નવ વાગ્યા સુધી જુદા જુદા વિષયો પર વ્યાખ્યાનો કરતા હતા. અહીં બાવીસ દિવસમાં સ્વામીજીનાં કુલ છવ્વીસ પ્રવચન

થયાં. પેશાવરથી આવેલા પંડિત લેખરામ ૧૭ મેના રોજ સ્વામીજીને મળ્યા. પંડિતજીએ સ્વામીજીને દસ પ્રશ્નો પૂછ્યા, જેના સ્વામીજીએ ઉત્તર આપી તેમના સર્વ સંદેહોનું નિવારણ કર્યું. પંડિતજીની સ્વામીજી સાથેની આ પ્રથમ અને અંતિમ મુલાકાત હતી. સ્વામીજીએ તેમને અષ્ટાધ્યાયીની એક પ્રત ભેટ આપી અને કહ્યું કે પચીસ વર્ષ પહેલાં વિવાહ ના કરશો. આગળ જતાં આ જ પંડિત લેખરામ સ્વામીજીના આદ્ય જીવનચરિત્રકાર, મહાન લેખક, પ્રચારક, શાસ્ત્રાર્થકર્તા તેમ જ વૈદિક ધર્મની બલિવેદી પર સર્વસ્વ ન્યોછાવર કરનાર અમર હુતાત્મા તરીકે વિખ્યાત થયા.

મસૂદાના રાવસાહેબ બહાદુરસિંહના નિમંત્રણથી સ્વામીજી ૨૩ જૂન ૧૮૮૧ના રોજ મસૂદા આવ્યા. અહીં રાજમહેલ તથા અન્ય સ્થળો પર સ્વામીજીનાં પ્રવચનો યોજાયાં. બ્યાવરથી આવેલા પાદરી શૂલબ્રેડ અને દેશી પાદરી બિહારીલાલનો સ્વામીજી સાથે વાર્તાલાપ થયો. મસૂદામાં શ્વેતાંબર જૈનોની વસ્તી વધારે હતી. સિદ્ધકરણ નામના એક જૈન સાધુ સાથે સ્વામીજીનો વાર્તાલાપ થયો. અનેક જૈનો વૈદિક ધર્મ તરફ આકર્ષિત થયા અને તેઓએ સ્વામીજીના આચાર્યત્વમાં યજ્ઞોપવીત ધારણ કર્યું. વેદ અને અગ્નિહોત્રનો અસ્વીકાર કરનારા જૈનો દ્વારા સામૂહિક યજ્ઞોપવીત ધારણ કરી વૈદિક ધર્મની દીક્ષા લેવાનો આ પ્રસંગ ભારતના ઇતિહાસમાં સર્વપ્રથમ હતો. રાયપુરના ઠાકોર હરિસિંહના આમંત્રણથી સ્વામીજી ૧૮ ઑગસ્ટ ૧૮૮૧ના રોજ રાયપુર પધાર્યા. રાયપુરથી બ્યાવર થઈ સ્વામીજી ૨૧ સપ્ટેંબરે મસૂદા આવ્યા અને ત્યાંથી ૧૦ ઑક્ટોબરે બનેડા પહોંચ્યા. બનેડાના રાજા ગોવિંદસિંહ સંસ્કૃતજ્ઞ હતા. રાજાએ જીવ, આત્મા અને પરમાત્મામાં ભેદ વિશે જિજ્ઞાસા કરી. સ્વામીજીએ જીવ અને આત્મા એક જ તત્ત્વ છે, પરંતુ પરમાત્મા જીવાત્માથી તત્ત્વતઃ ભિન્ન છે, એમ સમજાવ્યું. રાજાએ વેદોનાં દર્શન કરવાનો અનુરોધ કર્યો. સ્વામીજીએ તેમને ચારેય વેદસંહિતાઓના ગ્રંથો બતાવ્યા અને ઋગ્વેદના પ્રથમ મંત્રનો સસ્વર પાઠ પણ સંભળાવ્યો. અહીંના રાજકીય પુસ્તકાલયમાં પુરાતન વૈદિક ગ્રંથોનો સારો એવો સંગ્રહ હતો. એક દિવસ સ્વામીજીએ આ સરસ્વતી ભંડારનું સૂચીપત્રક મંગાવ્યું અને પુસ્તકાલયમાંથી નિઘંટુ અને સામવેદના ગ્રંથો કઢાવ્યા. તેમણે પોતાની પાસે રહેલા નિઘંટુની પ્રત સાથે પાઠ મેળવીને એ બરોબર છે કે કેમ એ તપાસી લીધું. આ કાર્યમાં તેમણે બનેડાના રાજપંડિત નગજીરામની મદદ લીધી. બંને પ્રતોની તુલના કરતાં જે પાઠાંતર જોવા મળ્યાં તેનાં પર વિચાર કરીને સ્વામીજીએ પોતાની પ્રત સુધારી લીધી. આ કાર્ય બે દિવસ ચાલ્યું. સ્વામીજીએ અહીં યાજ્ઞવલ્ક્યશિક્ષાની પ્રતિલિપિ પણ તૈયાર કરાવી.

૨૭ ઑક્ટોબર ૧૮૮૧ના રોજ સ્વામીજી મેવાડની જૂની અને પ્રસિદ્ધ રાજધાની ચિત્તોડગઢ પધાર્યા. અહીં એક દિવસ ઉદયપુરનરેશ મહારાણા સજ્જનસિંહ આવીને શ્રોતાઓની વચ્ચે એક સામાન્ય માણસની માફક ચુપચાપ બેસી ગયા. પછી બંને વચ્ચે વાર્તાલાપ થયો. મહારાણા ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે સ્વામીજીને પોતાની રાજધાની ઉદયપુર પધારવાનું આમંત્રણ આપ્યું.

ચિત્તોડગઢમાં એક દિવસ સ્વામીજી અનેક રાજપુરુષો સાથે ભ્રમણ કરી રહ્યા હતા. રસ્તામાં એક મંદિર નજીક નાનાં બાળકો રમી રહ્યાં હતાં. તેમાં એક ચારેક વર્ષની બાળા પણ નિર્વસ્ત્ર રમતી હતી. સ્વામીજીએ એ બાળાને જોઈને પોતાનું મસ્તક ઝુકાવી દીધું. આ જોઈને એક ભક્તે કહ્યું : 'મહારાજ, આપ ભલે મૂર્તિપૂજાનું ગમે એટલું ખંડન કરો છો, પરંતુ આ દેવમૂર્તિનો પ્રભાવ છે કે આપનું મસ્તક આખરે તેની સમક્ષ નમી જ ગયું.' સ્વામીજી ઊભા રહી ગયા અને કહ્યું : **'મેં કોઈ મૂર્તિને નહિ, પરંતુ આ ચાર વર્ષની બાળા કે જે આપણી જન્મદાત્રી માતૃશક્તિ છે તેને નમન કર્યું છે.'** સંન્યાસીના હૃદયમાં રહેલા માતૃશક્તિ પ્રત્યેના આદરભાવને બધા નિહાળી જ રહ્યા.

એક દિવસ સ્વામીજી પોતાના શિષ્ય આત્માનંદ સાથે ચિત્તોડનો કિલ્લો જોવા ગયા. ચિત્તોડગઢની દશા, વર્તમાન રાજાઓની દુરાવસ્થા અને પરાધીનતા જોઈને તેમણે લાંબો નિઃશ્વાસ કાઢતાં કહ્યું : **'આત્માનંદ, બ્રહ્મચર્યનો નાશ થવાથી જ ભારતવર્ષની અધોગતિ થઈ છે અને બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ આ દેશનો પુનરુદ્ધાર થશે. હું ઇચ્છું છું કે ક્ષત્રિયોનાં ગૌરવ અને શૌર્યના પ્રતીકરૂપ આ ચિત્તોડગઢમાં એક પ્રાચીન પરિપાટીનું ગુરુકુળ સ્થાપિત થવું જોઈએ.'** વર્ષો બાદ સ્વામી વ્રતાનંદ નામના આર્ય સંન્યાસીએ અહીં સ્વામીજીના મનોરથ અનુસાર ગુરુકુળ સ્થાપિત કર્યું.

મુંબઈનો છેલ્લો પ્રવાસ

સ્વામીજીને મુંબઈ આર્યસમાજના વાર્ષિકોત્સવ પર જવાનું હતું. મહારાણા સજ્જનસિંહે સ્વામીજીને વેદભાષ્યના પ્રકાશન માટે ૫૦૦ રૂપિયા પ્રદાન કર્યા અને ભાવભીની વિદાય આપી. સ્વામીજી રેલમાર્ગે ઇન્દોર આવ્યા. તેઓ મહારાજા તુકોજીરાવ હોલ્કરને મળવા માંગતા હતા, પરંતુ એ દિવસોમાં મહારાજા બહારગામ ગયા હોવાથી મુલાકાત ન થઈ શકી. ન્યાયાધીશ શ્રીનિવાસરાવે સ્વામીજીનું આતિથ્ય કર્યું. સ્વામીજીએ અહીં એક અઠવાડિયું રોકાઈને પ્રવચનો કર્યાં.

૩૦ ડિસેમ્બર ૧૮૮૧ના રોજ સ્વામીજી મુંબઈ પહોંચ્યા. આ તેમની મુંબઈની છેલ્લી યાત્રા હતી. રેલવે સ્ટેશન પર આર્ય સભાસદો, થિયાસોફિકલ સોસાયટીના સ્થાપક કર્નલ ઑલ્કાટ વગેરેએ સ્વામીજીનું સ્વાગત કર્યું. અહીં આર્યસમાજ સ્થાપિત થયાને સાત વર્ષ પૂરાં થતાં હોવાથી ૨૦-૨૧-૨૨ માર્ચ ૧૮૮૨ એમ ત્રણ દિવસનો વાર્ષિક ઉત્સવ હતો. તેમાં પ્રથમ દિવસે બૃહદ્ યજ્ઞ થયો. આ પ્રસંગે ગુજરાતી અને દાક્ષિણાત્ય પંડિતોએ સસ્વર વેદપાઠ કર્યો. તેમાં એક અથવા અધિક વેદસંહિતાઓ કંઠસ્થ હોય તેવા પંડિતોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. સ્વામીજીએ કહ્યું : **'પુરાતન કાળમાં ચારે વેદોના જ્ઞાતા બ્રાહ્મણોને બ્રહ્મા નામથી સંબોધિત કરવામાં આવતા હતા. આ વેદપાઠી બ્રાહ્મણો જ સાક્ષાત્ ચતુર્મુખ બ્રહ્મા છે, જેઓનાં મુખેથી ચારે વેદસંહિતાઓના મંત્રો ગંગાની નિર્મળ ધારાની જેમ અવિરત પ્રવાહિત થઈ રહ્યા છે.'** આ ઉત્સવમાં એક દાક્ષિણાત્ય પંડિતે તંબૂરા પર સામવેદનું સસ્વર ગાન કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા. આર્યસમાજની સાપ્તાહિક સભાઓમાં સ્વામીજીના જુદાં જુદાં સ્થાને જુદા જુદા વિષયો પર લગભગ પચીસ પ્રવચનો થયાં, જેનું વિવરણ 'ઋષિ દયાનંદ સરસ્વતી કે શાસ્ત્રાર્થ ઔર પ્રવચન' નામના પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યું છે. આ પૈકી સાતમું પ્રવચન સ્વામીજીએ ૫ ફેબ્રુઆરીના રોજ હાલાઈ મહાજનવાડીમાં 'મનુષ્ય-ઉન્નતિ' પર આપ્યું હતું. આ સભાના પ્રમુખસ્થાને મોરબીના રાજવી વાઘજી ઠાકોર બિરાજમાન હતા. પ્રવચન પૂરું થયા પછી જ્યારે વાઘજી ઠાકોર જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે સ્વામીજીએ તેમને રોક્યા અને કહ્યું : **'રાજન્, આપ જવાની આટલી બધી ઉતાવળ કેમ કરો છો ? આપે અહીં જે પ્રવચન સાંભળ્યું છે એ આપનું જ છે.'** વાઘજી ઠાકોર સ્વામીજીના કહેવાનો અર્થ એકદમ સમજી ન શક્યા. આથી સ્વામીજીએ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરતાં કહ્યું : **'આ પ્રવચનકર્તા આપના જ રાજ્યનો છે.'**

પચીસમું પ્રવચન યોગ પર હતું, જેમાં સ્વામીજીએ પોતાના યોગાભ્યાસના અનુભવો તથા પાતંજલ યોગસૂત્રોમાં વર્ણિત અષ્ટાંગ યોગની વિસ્તૃત વિવેચના કરી અને સાથે સાથે હઠયોગની કેટલીક ક્રિયાઓની આલોચના પણ કરી. તેમણે કષ્ટદાયક અટપટાં આસનોને 'નટવિદ્યા' ગણાવી અને સ્પષ્ટ કર્યું કે, મનને સ્થિર કરવા માટે એટલે કે ચિત્તની વૃત્તિઓને શાંત કરવા માટે અષ્ટાંગ યોગમાં આસનનું વિધાન કરવામાં આવ્યું છે. યોગનો સંબંધ જેટલો મન અને આત્મા સાથે છે, તેટલો શરીર સાથે નથી. આસન તો બહિરંગ યોગ છે. ધારણા, ધ્યાન અને સમાધિ એ જ યોગનાં અંતરંગ સાધન છે.

સ્વામીજીની દૃષ્ટિએ ગૌરક્ષા અને ગૌવધ-નિષેધનો પ્રશ્ન માત્ર હિંદુઓની આસ્થાનો જ નહિ, પરંતુ દેશની આર્થિક સમૃદ્ધિ સાથે સંકળાયેલ એક રાષ્ટ્રીય પ્રશ્ન હતો. આથી સ્વામીજી ગૌરક્ષાને સર્વોચ્ચ મહત્ત્વ આપતા હતા. તેઓ પોતાનાં વ્યાખ્યાનોમાં આ વિષય અનેકવાર ઉઠાવી ચૂક્યા હતા. આ વિશે તેમણે 'ગોકરુણાનિધિ' નામનું એક પુસ્તક પણ લખ્યું હતું. સ્વામીજીની પ્રેરણાથી દેશમાં અનેક સ્થાને 'ગોકૃષ્યાદિરક્ષિણી સભા'ઓ પણ સ્થાપિત કરવામાં આવી હતી. સ્વામીજીની પ્રેરણાથી રાજા રાવ યુધિષ્ઠિરસિંહે ૧૮૭૮માં હરિયાણામાં રેવાડી ખાતે આધુનિક ભારતની સર્વપ્રથમ ગૌશાળા ઊભી કરી હતી, જે આજે પણ સક્રિય છે. સ્વામીજીએ અહીં મુંબઈમાં મૂળજી જેઠા માર્કેટમાં ગૌરક્ષા પર એક પ્રભાવશાળી ભાષણ કર્યું. સ્વામીજીએ ગૌહત્યા બંધ કરાવવા દેશમાં જનમત જાગૃત કરવાની એક મોટી યોજના બનાવી હતી, જેમાં કરોડો નાગરિકોની સહીઓ કરાવીને ગૌહત્યા બંધ કરાવવાની માંગણી કરતું એક આવેદનપત્ર બ્રિટિશ સરકારને આપવાનો વિચાર હતો. આ આવેદનપત્રના માધ્યમથી સ્વામીજીને ગૌરક્ષા માટે મહારાણી વિક્ટોરિયા સુધી પહોંચવું હતું. દેશભરમાં ચલાવવામાં આવેલા આ હસ્તાક્ષર અભિયાનમાં હજુ તો લગભગ ત્રણેક લાખ સહીઓ કરાવી હતી એટલામાં સ્વામીજીનું અસામયિક મૃત્યુ થવાથી તેમનું આ અભિયાન અધૂરું જ રહી ગયું.

એ દિવસોમાં મુંબઈમાં જોસેફ કુક નામના એક વિદેશી પાદરીએ પોતાના એક પ્રવચનમાં વૈદિક ધર્મ પર આક્ષેપો કર્યા. તે સંપૂર્ણ ભારતને ખ્રિસ્તી મતમાં વટલાવવાની ઘોષણા કરી રહ્યો હતો. મુંબઈના કોઈ સાધુ, સંત, આચાર્ય, મહાત્મા કે સંસ્થાએ આ પાદરીને ઉત્તર આપવાની હિંમત ન કરી. પરંતુ સ્વામીજીએ તેને તરત જ પત્ર લખીને જણાવ્યું : **'હું આવતા રવિવારે એટલે કે ૨૨ જાન્યુઆરી ૧૮૮૨ના રોજ ફરામજી કાસવજી હોલમાં એક વ્યાખ્યાન આપવાનો છું, જેમાં તમારા આક્ષેપોના ઉત્તર આપવામાં આવશે; અને જો શાસ્ત્રાર્થ કરવો હોય તો સમયસર વ્યાખ્યાન સ્થળે પહોંચી જશો કે જેથી ક્યો ગ્રંથ કે ધર્મ ઈશ્વર-પ્રણીત છે એ સિદ્ધ થઈ શકે.'** પરંતુ પાદરી કુકે આ પત્રનો ઉત્તર આપવાનો સામાન્ય શિષ્ટાચાર પણ ન દાખવ્યો અને બે દિવસ પહેલાં એટલે કે ૨૦ જાન્યુઆરીએ જ અહીંથી ચુપચાપ પૂના ભેગા થઈ ગયા. આથી સ્વામીજીએ રવિવારે પોતાના વ્યાખ્યાનમાં ઘોષણા અનુસાર પાદરીના 'એકમાત્ર ખ્રિસ્તી મત જ ઈશ્વરોક્ત છે તથા એ જ વિશ્વધર્મ બનવાની યોગ્યતા ધરાવે છે' એ દાવાનું તાર્કિક ખંડન કર્યું અને વૈદિક ધર્મને ઈશ્વરોક્ત સિદ્ધ કર્યો.

સ્વામીજીને શરૂમાં આશા હતી કે થિયોસોફિકલ સોસાયટી આર્યસમાજની સહયોગી સંસ્થા રૂપે કાર્ય કરશે, પરંતુ સોસાયટીનાં સ્થાપક કર્નલ ઓલ્કૉટ અને મેડમ બ્લેવેટ્સ્કી સ્વામીજીની ખ્યાતિ અને આર્યસમાજને સાધન બનાવીને પોતાના મતને ફેલાવવાનો ઇરાદો ધરાવતા હતા. આ ઉપરાંત કેટલાક મહત્ત્વના વિષયોમાં મત-ભિન્નતા પણ હતી. વચ્ચે સ્વામીજીના મેરઠ પ્રવાસ દરમિયાન થિયોસોફિકલ સોસાયટી અને આર્યસમાજના સંબંધોને સ્પષ્ટ કરવા સ્વામીજીએ ખૂબ જ પ્રયત્નો કર્યા હતા, પરંતુ અંતિમ નિર્ણય પર પહોંચી શકાયું નહોતું. આથી મુંબઈમાં અંતિમ પ્રયાસરૂપે સ્વામીજીએ કર્નલ અને મેડમને એક પત્ર લખીને શંકા-સમાધાન કરવા માટે એક તક આપી. પરંતુ કર્નલ બહારગામ ચાલ્યા ગયા તથા મેડમે 'અમારી પાસે આ માટે સમય નથી' એવો મૌખિક ઉત્તર સ્વામીજીને પહોંચાડ્યો. આથી છેવટે સ્વામીજીએ ૨૬ માર્ચ ૧૮૮૨ના રોજ ફરામજી કાસવજી હોલમાં આયોજિત એક સાર્વજનિક સભામાં આર્યસમાજ અને થિયોસોફિકલ સોસાયટીના શરૂઆતના અને હાલના સંબંધોની વિસ્તૃત સમીક્ષા કરીને તેની સાથેના સંબંધ વિચ્છેદની ઘોષણા કરી દીધી.

માતા ભગવતી નામનાં પંજાબનાં એક મહિલા સત્યાર્થપ્રકાશથી પ્રભાવિત થઈને સ્વામીજીને મળવા મુંબઈ આવ્યાં. તેમની સાથે તેમના ભાઈ ચૂનીલાલ પણ આવ્યા હતા. અહીં આવતાં પહેલાં તેમનો સ્વામીજી સાથે પત્રવ્યવહાર પણ થયો હતો. સ્વામીજીએ તેમને દેશની સ્ત્રીઓના ઉત્કર્ષ માટે કામ કરવા પ્રેરિત કર્યાં. આથી આ દેવી આર્યસમાજના રંગમાં રંગાઈ ગયાં અને તેમણે પોતાનું સંપૂર્ણ જીવન આ કાર્યમાં સમર્પિત કરી દીધું. આ વખતે સ્વામીજી મુંબઈમાં લગભગ છ મહિના જેવું રહ્યા.

મહારાણાઓની ધરતી પર

સ્વામીજીએ ૨૪ જૂન ૧૮૮૨ના રોજ ફરી રાજસ્થાન જવા મુંબઈથી પ્રસ્થાન કર્યું. ખંડવા, ઇન્દોર, રતલામ, જાવરા અને ચિત્તૌડ થઈને તેઓ ૧૧ ઓગસ્ટ ૧૮૮૨ના રોજ ઉદયપુર પહોંચ્યા. અહીં સ્વામીજી ઉદયપુરનરેશ મહારાણા સજ્જનસિંહના આમંત્રણથી પધાર્યા હતા. તેમણે સ્વામીજીનો ઉતારો ગુલાબબાગમાં આવેલા નવલખા મહેલમાં રાખ્યો. સ્વામીજી એવું સમજતા હતા કે પ્રજાનો સુધારો રાજાના સુધારા પર આધાર રાખે છે. આથી તેઓ હંમેશાં શાસકોને સુધારવાનો વિશેષ પ્રયત્ન કરતા. આથી તેઓ અહીં લગભગ છ મહિના જેવું રોકાયા અને મહારાણા સજ્જનસિંહને પ્રેરિત કરવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. મહારાણા સ્વામીજીના ભક્ત બની ગયા અને ઉપદેશ ગ્રહણ કરવા

લાગ્યા. સ્વામીજીએ તેમને સંસ્કૃત વ્યાકરણ ભણાવ્યું. પછી મનુસ્મૃતિનો સાતમો, આઠમો અને નવમો આ ત્રણ અધ્યાય ભણાવ્યા. પછી યોગદર્શન ભણાવ્યું અને ન્યાય તથા વૈશેષિક દર્શનનાં ખાસ પ્રકરણો તેમ જ બાકીનાં વૈદિક દર્શનોનાં કેટલાંક પ્રકરણો ભણાવ્યાં. પછી મહાભારતનાં ઉદ્યોગપર્વ અને વનપર્વના કેટલાક ઉપયોગી અંશોનું તથા વિદુરનીતિનું જ્ઞાન આપ્યું. મહારાણાએ સ્વામીજીની પ્રેરણા અનુસાર પોતાના રાજ્ય શાસનમાં કેટલાક મહત્ત્વપૂર્ણ સુધારાઓ પણ અમલમાં મૂક્યા.

એક દિવસ મહારાણા સજ્જનસિંહે સ્વામીજીને વિનમ્રતાપૂર્વક નિવેદન કર્યું : ‘મહારાજ, મને લાગે છે કે આપે મૂર્તિપૂજા બાબતે કૂટનીતિથી કામ લેવું જોઈએ. આપ સ્વયં મૂર્તિપૂજા ના કરશો, પણ મૂર્તિપૂજાનું ખંડન છોડી દો. આમ કરવાથી આપને અનેક અનુયાયીઓ મળશે. જુઓ, આ મેવાડ રાજ્યમાં એકલિંગજી મહાદેવની અત્યંત પ્રતિષ્ઠા છે. આપ આ ગાદીના મહંત બની જાઓ. મંદિરની લાખોની આવક છે. તેની સંપત્તિ પર આપનો અધિકાર રહેશે. આપને સંપૂર્ણ રાજ્યના ગુરુ માનવામાં આવશે. આપ આ મંદિરની સંપત્તિનો ઉપયોગ વેદભાષ્ય વગેરે ગ્રંથોના પ્રકાશન જેવાં કાર્યોમાં છૂટથી કરી શકશો.’ સ્વામીજી આ પ્રસ્તાવ સાંભળી ચોંકી ઊઠ્યા. તેમણે થોડા આવેશપૂર્વક કહ્યું : **‘રાજન્, આપને ભાન છે કે આપ આ પ્રસ્તાવ કોની સામે મૂકી રહ્યા છો ? હું જીવનભર મૂર્તિપૂજાનો વિરોધ કરતો આવ્યો છું. આપ મને પ્રલોભન આપીને સર્વશક્તિમાન ઈશ્વરની આજ્ઞાથી વિમુખ કરવા માંગો છો ? આપનું આ રાજ્ય તો એટલું નાનું છે કે હું એક દોટ મૂકીને તેની બહાર નીકળી શકું છું. પરંતુ આપ મને એ બતાવશો કે પરમાત્માના આ વિશાળ બ્રહ્માંડરૂપી રાજ્યને છોડીને હું ક્યાં જઈ શકું તેમ છું ? વેદ અને ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરવો મારા માટે કદી પણ સંભવ નથી.’** આ સાંભળીને મહારાણા ચકિત થઈ ગયા. તેમણે ફેરવી તોળ્યું : ‘મહારાજ, હું તો એ જોવા માંગતો હતો કે મૂર્તિપૂજાના વિરોધમાં આપ કેટલા દૃઢ છો. સાચે જ આપ પોતાનાં મંતવ્યો પર પર્વતની સમાન અડગ છો.’

એક દિવસ મોહનલાલ વિષ્ણુલાલ પંડ્યાએ સ્વામીજીને પૂછ્યું : ‘મહારાજ, ભારતની સંપૂર્ણ રાષ્ટ્રીય ઉન્નતિ ક્યારે થશે ?’ સ્વામીજીએ કહ્યું : **‘એક ધર્મ, એક ભાવ, એક ભાષા અને એક લક્ષ્ય બનાવ્યા વિના ભારતનું પૂર્ણ હિત અને રાષ્ટ્રીય ઉન્નતિ થવી દુષ્કર છે. સર્વ ઉન્નતિઓનું કેન્દ્રસ્થાન એકતા છે. જ્યાં ભાષા, ભાવ અને ભાવનામાં એકતા આવી જાય ત્યાં જેમ સાગરમાં નદીઓ પ્રવેશ કરે છે તેમ સંપૂર્ણ સુખ એક એક કરીને પ્રવેશ કરવા માંડે છે. માટે જ્યાં સુધી સમસ્ત દેશવાસીઓ એક જ ધર્મના અનુયાયીઓ અને એક જ ભાષા બોલનારા નહિ થાય**

તથા એક જ પ્રકારના આચારવિચાર અને વ્યવહારને ધારણ કરીને એક જ લક્ષ્યની પૂર્તિ હેતુ પૂરા સમર્પણ ભાવથી કટિબદ્ધ નહિ થાય, ત્યાં સુધી સ્વદેશની એકતા અને તેની સર્વાંગી સમૃદ્ધિ સ્વપ્નમાત્ર જ રહેવાની.' પંડ્યાજીએ પૂછ્યું : 'મહારાજ, જ્યારે આપ સર્વ દેશવાસીઓને એક કરવા માંગો છો, તો પછી આ મતમતાંતરોનું ખંડન કેમ કરો છો ? એનાથી તો ઊલટાનું વૈમનસ્ય વધે છે.' સ્વામીજીએ પોતાના હૃદયની ભાવનાઓને વ્યક્ત કરતાં કહ્યું : **'ધર્મના નામે ફેલાયેલા મિથ્યા આચારો અને અંધવિશ્વાસોના પુંજ જેવા મતમતાંતરોનું ખંડન કરવું અત્યંત જરૂરી છે. કારણ કે આ વિભિન્ન મત-પંથ-મજહબો દ્વારા ફેલાવવામાં આવતાં પરસ્પરના વિરોધ અને અનેકતાના કારણે રાષ્ટ્રીય એકતાને ભયંકર ક્ષતિ પહોંચી છે. હિંદુ ધર્માચાર્યોની સંકુચિત અને સાંપ્રદાયિક મનોવૃત્તિને કારણે સમાજ છિન્નભિન્ન થઈને અનેક ટુકડાઓમાં વેરવિખેર થઈ ગયો છે. આવા જીર્ણશીર્ણ, દુર્બળ, નિરાશાગ્રસ્ત, જાતિપ્રથાની જટિલ જાળમાં ફસાયેલા અને સેંકડો પ્રકારે વિભાજિત થઈ ગયેલા આ સમાજને પુનર્જીવિત અને જાગૃત કરવાની જરૂર છે. આપણા ધર્માચાર્યોના સ્વાર્થ, પ્રમાદ અને સંકુચિત વ્યવહારના કારણે લોકો લાચાર બનીને સ્વધર્મ છોડીને ખ્રિસ્તી અને મુસલમાન થઈ રહ્યા છે. જ્યાં સુધી આપણા લોકોની જડતા, કૂપમંડૂક માનસિકતા અને અંધાનુકરણની પ્રવૃત્તિઓનો નાશ નહિ થાય, ત્યાં સુધી ગાડરિયો પ્રવાહ અને યથાસ્થિતિ બની રહેશે. આથી તેને દૂર કરી સમાજમાં નવચેતના લાવવી બહુ જ જરૂરી છે. આ જ ઉદ્દેશ્યની પૂર્તિ માટે હું વ્યક્તિગત માન-અપમાનની ચિંતા કર્યા વિના સમાજના પ્રત્યેક વર્ગને પ્રેરણા અને ઉદ્‌બોધન કરતો સર્વત્ર ભ્રમણ કરી રહ્યો છું. મને મારા માર્ગેથી વિચલિત કરવા માટે અનેક શારીરિક યાતનાઓ આપવામાં આવી છે, ઝેર આપીને મારી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. છતાં હું ઈશ્વરની મહાન કૃપાથી મારા ઉદ્દેશ્યની પૂર્તિ માટે નિરંતર આગળ વધી રહ્યો છું.'** સ્વામીજીની આ ઓજસ્વી અને લોકહિતની ભાવના વ્યક્ત કરતી વાણી સાંભળીને પંડ્યાજી ગદ્‌ગદ થઈ ગયા અને બોલી ઊઠ્યા : 'મહારાજ, જો આપને સમાન વિચારો ધરાવતા બે-ચાર ધર્માચાર્યોનો સાથ-સહયોગ મળી જાય તો આપણો દેશ બહુ જ જલદી પોતાના લુપ્ત થઈ ગયેલા ગૌરવને પુનઃ પ્રાપ્ત કરી લે, એમાં કોઈ શંકા નથી.'

અહીં મેવાડના સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ અને ન્યાયાધીશ મૌલવી અબ્દુલ રહેમાનની સાથે સ્વામીજીનો શાસ્ત્રાર્થ થયો, જે આખું અઠવાડિયું ચાલ્યો. તેના અંતિમ દિવસે મહારાણા સજ્જનસિંહ પણ હાજર રહ્યા અને તેમણે સ્વામીજીના કથનનું અનુમોદન કર્યું. આ શાસ્ત્રાર્થ લિપિબદ્ધ કરવામાં આવ્યો હતો, જે 'ઉદયપુર શાસ્ત્રાર્થ' તરીકે સ્વામીજીના શાસ્ત્રાર્થ સંગ્રહોમાં વર્ણિત છે.

એક દિવસ કવિરાજ શ્યામલદાસે સ્વામીજીને કહ્યું : 'મહારાજ, આપના જેવા મહાપુરુષનું કોઈ યોગ્ય સ્મારક જરૂર બનવું જોઈએ.' સ્વામીજીએ તેનો વિરોધ કરતાં કહ્યું : **'એવું ના કરશો. હું વ્યક્તિપૂજાનો ઘોર વિરોધી છું. હું તો ઇચ્છું છું કે મૃત્યુ પછી મારા શરીરની રાખને કોઈ ખેતરમાં વિખેરી દેવામાં આવે કે જેથી એ ખાતર થઈને ખેડૂતના કામમાં આવે. મારું સ્મારક ના બનાવશો. ક્યાંય એવું ના બને કે લોકો મારી મૂર્તિ બનાવીને તેને પૂજવા લાગે.'** એવુ લાગે છે કે વ્યક્તિ વિશેષનાં જડ સ્મારકો આગળ જતાં તેની સ્થાપના પાછળના મૂળ ઉદ્દેશ્યને ભૂલીને વ્યક્તિપૂજા અને મૂર્તિપૂજાનાં કેન્દ્રો બની જતાં હોવાથી અને સ્વયં એષણામુક્ત વિતરાગ સંન્યાસી હોવાથી સ્વામીજીએ આવું કહ્યું હશે. સ્વામીજીએ સત્યાર્થપ્રકાશ વગેરે ગ્રંથોમાં વૈદિક સિદ્ધાંતો અને મંતવ્યોનું સુસ્પષ્ટ નિરૂપણ કર્યું છે, જેના પ્રભાવથી આર્યસમાજના લોકો આજ પર્યંત સ્વામીજીની કોઈ પણ પ્રકારની મૂર્તિપૂજા કરવાથી સદંતર દૂર રહ્યા છે. અને જયાં સુધી આર્યસમાજના ઉપદેશકો અને નેતાઓ જાગરૂક રહેશે અને આર્યસમાજમાં વૈદિક ગ્રંથોનું પઠનપાઠન અને સ્વાધ્યાય ચાલતાં રહેશે, વિવેકબુદ્ધિ બની રહેશે, ત્યાં સુધી આર્યસમાજ વ્યક્તિપૂજા અને મૂર્તિપૂજાથી દૂર રહેશે એવું અનુમાન છે. આથી સ્વામીજીનાં યથાયોગ્ય સ્મારક ઊભાં કરી એના માધ્યમથી મુલાકાતીઓને તેમનાં જીવન અને કાર્યોથી પરિચિત કરાવવામાં તથા તેમના દ્વારા પ્રતિપાદિત વૈદિક વિચારધારાને ફેલાવવામાં મદદ મળશે એવો આશાવાદી દૃષ્ટિકોણ ધરાવતા અનેક આર્યો સ્વામીજીનાં સ્મારકોની હિમાયત પણ કરે છે.

સ્વીકારપત્ર અને પરોપકારિણી સભાનું પુનર્ગઠન

સ્વામી દયાનંદ ઇચ્છતા હતા કે તેમના મૃત્યુ પછી પણ તેમણે આરંભ કરેલી પ્રવૃત્તિઓ નિરંતર ચાલતી રહે. આથી તેઓ મેરઠ હતા ત્યારે ૧૬ ઑગસ્ટ ૧૮૮૦ના રોજ તેમણે પોતાની ઉત્તરાધિકારિણી સભા સ્થાપિત કરીને પોતાનું સ્વીકારપત્ર (એટલે કે વસિયતનામું અથવા વિલ) રજિસ્ટર કરાવી લીધી હતી. તેમણે આ સભાનું નામ "પરોપકારિણી સભા" રાખ્યું હતું. પરંતુ હવે તેમાં કેટલાંક પરિવર્તન કરવાં જરૂરી હતાં. આથી તેમાં જરૂરી સુધારા કરીને ઉદયપુરમાં ૨૭ ફેબ્રુઆરી ૧૮૮૩ના રોજ તેને મેવાડની સરકારી કચેરીમાં ફરીથી રજિસ્ટર કરાવ્યું. તેમાં સ્વામીજીએ કુલ ૨૩ સભ્યો નિયુક્ત કર્યા. ઉદયપુરનરેશ મહારાજા સજ્જનસિંહની સભાપતિ તરીકે અને લાહોરના એક્સ્ટ્રા આસિસ્ટંટ કમિશનર લાલા મૂળરાજની તેના ઉપસભાપતિ તરીકે નિમણૂક કરી. આ સ્વીકારપત્રમાં ૧૪

નિયમોનું આલેખન કરવામાં આવ્યું, જેની નીચે સ્વામીજીએ પોતાના હસ્તાક્ષર કર્યા. તેના આરંભમાં લખ્યું છે : **'હું સ્વામી દયાનંદ સરસ્વતી નિમ્નલિખિત નિયમો અનુસાર ત્રેવીસ સજ્જન આર્ય પુરુષોની સભાને મારાં વસ્ત્ર, પુસ્તક, ધન, યંત્રાલય વગેરે સર્વસ્વનો અધિકાર આપું છું અને તેને પરોપકારમાં - સત્કાર્યોમાં લગાડવા માટે અધ્યક્ષ નિયુક્ત કરીને આ સ્વીકારપત્ર લખી આપું છું કે જેથી એ સમય પર કામ આવે.'**

સ્વામીજીએ આ સ્વીકારપત્રના પ્રથમ નિયમમાં પરોપકારિણી સભાના ત્રણ ઉદ્દેશ્યોનો ઉલ્લેખ કર્યો છે :

૧. વેદ અને વેદાંગ વગેરે શાસ્ત્રોનો પ્રચાર કરવો. એટલે કે તેની વ્યાખ્યાઓ કરવી-કરાવવી; આ શાસ્ત્રો ભણવાં-ભણાવવાં, સાંભળવાં-સંભળાવવાં, મુદ્રિત કરવાં વગેરે.

૨. વેદોક્ત ધર્મનો ઉપદેશ અને શિક્ષણ આપવું. એટલે કે ઉપદેશકોની મંડળી નિયત કરીને તેમને દેશદેશાંતર અને દ્વીપદ્વીપાંતરમાં મોકલવા, સત્યને ગ્રહણ કરવું અને અસત્યનો ત્યાગ કરવો, વગેરે.

૩. આર્યાવર્તીય અનાથ અને દીન લોકોનાં સંરક્ષણ, પોષણ અને સુશિક્ષા પાછળ ખર્ચ કરવો-કરાવવો.

આ રીતે સ્વામીજીએ આ પરોપકારિણી સભાને પોતાની ઉત્તરાધિકારિણી બનાવીને વ્યવસ્થા કરી કે જેથી ભવિષ્યમાં કોઈ તેમના નામે ગાદીપતિ, મહંત, મઠાધીશ કે સર્વેસર્વા બનીને નિયમ કે સિદ્ધાંત વિરુદ્ધ કશુંય પાખંડ વગેરે ચલાવીને આર્યોને વૈદિક ધર્મથી વિમુખ ના કરી શકે. વર્તમાનમાં આ સભાનું કેન્દ્ર અજમેરમાં છે અને તે પોતાનાં કર્તવ્યપાલનમાં સક્રિય છે.

સ્વામીજી ઉદયપુરમાં લગભગ સાડા છ મહિનાથી વધુ સમય રહ્યા. અહીં તેમણે 'સત્યાર્થપ્રકાશ'ના બીજા સંશોધિત સંસ્કરણને તૈયાર કરવાનું તથા વેદભાષ્યનું લેખનકાર્ય આગળ ધપાવ્યું. સત્યાર્થપ્રકાશના આ બીજા સંશોધિત સંસ્કરણની 'ભૂમિકા'ના અંતમાં પોતાના નામની સાથે 'મહારાણાજી કા ઉદયપુર' શબ્દોથી આ સ્થાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિદાય સમયે મહારાણા સજ્જનસિંહજીએ વેદભાષ્યના પ્રકાશન માટે ૧,૨૦૦ રૂપિયા અર્પિત કરી પોતાની શ્રદ્ધાના પ્રતીકરૂપે રેશમી ઉત્તરીય વસ્ત્ર અર્પણ કર્યુ. આ ઉપરાંત પોતાના હસ્તાક્ષરયુક્ત એક અભિનંદનપત્ર સ્વામીજીના ચરણોમાં સમર્પિત કર્યું અને પુનરાગમનની પ્રાર્થના સાથે તેમને ભાવભીની વિદાય આપી.

શાહપુરામાં

ઉદયપુરથી નીકળી સ્વામીજી ૧ માર્ચ, ૧૮૮૩ના રોજ નિમ્બાહેડા પહોંચ્યા. ત્યાંથી ચિત્તોડ ગયા અને ત્યાં એક અઠવાડિયું રોકાઈને ૮ માર્ચના રોજ શાહપુરા પધાર્યા. શાહપુરાનરેશ નાહરસિંહ બુદ્ધિમાન અને વિચારશીલ હતા અને જનહિતનાં કાર્યોમાં રુચિ ધરાવતા હતા. તેમણે સ્વામીજીને પોતાના રાજ્યમાં પધારવા આગ્રહપૂર્વક વિનંતી કરી હતી. તેમણે અહીં સ્વામીજીના આતિથ્યની સુંદર વ્યવસ્થા કરી હતી. શાહપુરાનરેશ દરરોજ સાંજે છથી નવ સુધી સ્વામીનાં ચરણોમાં બેસીને અધ્યયન કરતા, જેમાં સ્વામીજી એક કલાક સુધી ધર્મ સંબંધી શંકાઓનું સમાધાન કરતા અને બે કલાક પ્રક્ષિપ્ત શ્લોકો સિવાયની મનુસ્મૃતિ, સંપૂર્ણ યોગદર્શન તથા વૈશેષિક દર્શનનાં કેટલાંક સૂત્રોનું અધ્યયન કરાવતા. તેમણે નાહરસિંહને પ્રાણાયામનો ક્રિયાત્મક અભ્યાસ પણ કરાવ્યો. સ્વામીજી વહેલી સવારે ભ્રમણ કરવા જતા ત્યારે કોઈ કોઈ વાર નાહરસિંહ પણ તેમની સાથે જતા અને સ્વામીજી તેમને એકાંતમાં પ્રાણાયામ શિખવાડતા.

સ્વામીજી જ્યારે ઉદયપુર હતા ત્યારે તેમને જોધપુરના મહારાજાનું નિમંત્રણ મળ્યું હતું. અહીં શાહપુરામાં પણ તેમને જોધપુર પધારવાનું ફરી નિમંત્રણ મળ્યું. આથી સ્વામીજીએ જોધપુર જવાની તૈયારી કરવા માંડી. નાહરસિંહને સ્વામીજી જોધપુર જઈ રહ્યા છે એ જાણીને ચિંતા થઈ, કારણ કે તેઓ જોધપુરનરેશના ચારિત્ર્ય અને ત્યાંના હજૂરિયા અને ખુશામતખોર દરબારીઓથી પરિચિત હતા. આથી તેમણે સ્વામીજીને નિવેદન કર્યું : 'મહારાજ, આપ જોધપુર જઈ રહ્યા છો, પરંતુ ત્યાં વેશ્યાગમનનું બહુ ખંડન ના કરશો.' સ્વામીજીએ કહ્યું : **'રાજન્, મોટાં મોટાં કાંટાળાં વૃક્ષોનું છેદન કરવા માટે નરેણી (નખ કાપવાની વસ્તુ) કામ નથી આવતી. તેના ઉચ્છેદ માટે તો તીક્ષ્ણ હથિયારની જરૂર પડે છે.'**

નાહરસિંહે સ્વામીજીની વિદાય વેળાએ તેમને વેદભાષ્ય માટે રકમ ભેટ ધરી, એક અભિનંદનપત્ર સમર્પિત કર્યું અને વૈદિક ધર્મના પ્રચાર માટે ઉપદેશકની નિયુક્તિ માટેનો ખર્ચ આપવાનું વચન આપ્યું અને અત્યંત શ્રદ્ધાભાવપૂર્વક વિદાય આપી. શાહપુરાથી સ્વામીજી ૨૬ મે ૧૮૮૩ના રોજ પ્રસ્થાન કર્યું. તેઓ બીજે દિવસે ૨૭ મેના રોજ અજમેર પધાર્યા. અજમેરના આર્ય પુરુષોએ પણ સ્વામીજીને જોધપુર ન જવાની ભલામણ કરતાં કહ્યું : 'મહારાજ, જોધપુરની ભૂમિ રુક્ષ અને ઉજ્જડ છે. એટલું જ નહિ, પરંતુ ત્યાંના લોકો પણ પ્રાયઃ નિષ્ઠુર, કઠોર, અજ્ઞાની અને સંવેદનાશૂન્ય છે. એ લોકો આપના સત્ય ઉપદેશથી આપના

વિરોધી થઈ જશે અને આપને હાનિ પહોંચાડશે. માટે ત્યાં જવું શ્રેયસ્કર નથી.' સ્વામીજીએ જરા પણ ચિંતા અને ભય વગર ઉત્તર આપ્યો : **'ભલે લોકો મારી આંગળીઓને વાટ બનાવીને સળગાવી મૂકતા, તોપણ હું ત્યાં જઈશ અને સત્યોપદેશ કરીશ.'**

મહાપ્રસ્થાનના પથ પર - જોધપુરમાં

સ્વામીજી ૩૧ મે ૧૮૮૩ના રોજ જોધપુર પહોંચ્યા, પરંતુ આગળ જતાં શાહપુરાનરેશ તથા અજમેરના આર્યોની આશંકા સાચી પડી. સ્વામીજીને જોધપુર રાજ્યના 'મુસાહિબ-આલા' એટલે કે પ્રધાનમંત્રી મિયાં ફૈજુલ્લાખાનના ઉદ્યાનમાં આવેલા બંગલામાં ઉતારો અપાયો. કર્નલ પ્રતાપસિંહ અને રાવરાજા તેજસિંહ સ્વામીજીના સ્વાગત-સત્કાર માટે આવ્યા અને સ્વામીજી સાથે વાર્તાલાપ કરતા રહ્યા. જોધપુરનરેશ જશવંતસિંહના પિતાનું નામ મહારાજા તખ્તસિંહ હતું. પ્રતાપસિંહ જશવંતસિંહના નાના ભાઈ હતા, જ્યારે તેજસિંહ તખ્તસિંહના રખેલથી ઉત્પન્ન થયેલ અનૌરસ પુત્ર હતા. જોધપુરનરેશ જશવંતસિંહ વિલાસી, વેશ્યાગામી, અને મદ્યપાની હતા. તેઓ હજૂરિયા અને ચાપલૂસ દરબારીઓથી ઘેરાયેલા રહેતા. ત્યારે રાજાઓમાં બહુવિવાહ તો સામાન્ય પ્રથા હતી. આ ઉપરાંત રખાતો રાખવાની પણ ફેશન હતી. રાજમહેલમાં અનેક જાતનાં ષડ્યંત્રો ચાલતાં રહેતાં.

મહારાજા જશવંતસિંહે સ્વામીજીને મળવા માટે ખાસ તત્પરતા બતાવી નહિ. તેઓ સ્વામીજીના અહીં આગમન થયાના સત્તાવીસ દિવસ બાદ ૨૬ જૂનના રોજ તેમને મળવા આવ્યા. તેમણે આવીને વેદભાષ્ય માટે થોડી રકમ સ્વામીજીનાં ચરણોમાં ભેટ ધરી. ત્રણેક કલાક ધર્માલાપ ચાલતો રહ્યો. સ્વામીજીએ તેમને મનુસ્મૃતિના આધારે રાજધર્મનો ઉપદેશ આપ્યો અને સ્વદેશ-પ્રેમ, પ્રજાપાલન, ન્યાય-વ્યવસ્થા વગેરે માટે પુરુષાર્થ કરવા ભલામણ કરી. સાથે સાથે સ્વામીજીએ દેશદ્રોહ અને અંદરોઅંદરની ફાટફૂટના દોષો પર પણ પ્રકાશ પાડ્યો અને એથી બચીને રહેવા જણાવ્યું. સ્વામીજીનો ઉપદેશ સાંભળીને મહારાજાએ નિવેદન કર્યું : 'આપ જ્યાં સુધી અહીં નિવાસ કરો ત્યાં સુધી આપના ઉપદેશથી અહીંના લોકોને કૃતાર્થ કરતાં રહેશો.' આ પ્રથમ મુલાકાત બાદ પણ મહારાજા ક્યારેક સ્વામીજીની પાસે આવીને અથવા તો સ્વામીજીને પોતાના મહેલમાં બોલાવીને ઉપદેશ શ્રવણ કરતા રહ્યા. સ્વામીજીના જોધપુર આગમનના બીજા જ દિવસથી ફૈજુલ્લાખાનના બંગલાના મેદાનમાં સાંજે ચારથી છ પ્રવચનો થવાં લાગ્યાં. સ્વામીજી આ પ્રવચનોમાં રાજાઓના ચારિત્ર સંબંધી દુર્ગુણોની તીખી આલોચના

કરતા હતા અને તેને દેશની અધોગતિનું એક મુખ્ય કારણ ગણાવતા હતા. હંમેશની માફક મૂર્તિપૂજા, મૃતકશ્રાદ્ધ, બાળવિવાહ વગેરેનું ખંડન અને એક નિરાકાર સર્વવ્યાપક ઈશ્વરની ઉપાસના, વેદોક્ત ધર્મ, સદાચાર, ગૌરક્ષા, આર્યભાષા હિંદીનો પ્રચાર વગેરે વિષયો પર સદુપદેશ પણ કરતા હતા.

એક દિવસ રાવરાજા તેજસિંહે સ્વામીજીને વિનમ્રતાથી કહ્યું : 'મહારાજ, આપ અમારા મહારાજાના ચારિત્ર્ય વિશે કાંઈ ન બોલશો.' સ્વામીજીએ થોડા આવેશપૂર્વક કહ્યું : **'શું આપ મને અસત્ય બોલાવવા માંગો છો ? યાદ રાખજો, હું જે કંઈ બોલીશ એ સત્ય જ બોલીશ. અને હા, હું ક્યારેય કોઈનું નામ લઈને કે અસભ્યતાપૂર્વક કથન કરતો નથી.'**

ફૈજુલ્લાખાનનું જોધપુર રાજ્યમાં ખૂબ જ વર્ચસ્વ હતું. એક પ્રકારે તેઓ જ આ રાજ્યના કર્તા-ધર્તા બની બેઠા હતા. તેઓ સ્વામીજીને મળવા ત્રણવાર આવ્યા. સ્વામીજીએ એક દિવસ પોતાના પ્રવચનમાં ઇસ્લામની કેટલીક અવૈજ્ઞાનિક વાતોનું ખંડન કર્યું. આથી ફૈજુલ્લાખાનનો ભત્રીજો મહમદ હુસેન ક્રોધિત થઈને તલવારની મૂઠ પર હાથ રાખીને બોલ્યો : 'અમારા મજહબ વિશે આપ કશું ના બોલશો.' સ્વામીજીએ કહ્યું : **'બેટા, તારા મોઢામાં હજી દૂધિયા દાંત છે. તું અનુભવશૂન્ય છે. તને તલવાર પર હાથ રાખતાં જ આવડે છે, પરંતુ તેને મ્યાનમાંથી બહાર કાઢવી મુશ્કેલ છે. જો હું તારા જેવાની ધમકીઓથી ડરતો હોત અને પ્રાણની ચિંતા કરતો હોત, તો આટલું મોટું જોખમ ઉઠાવીને ધર્મોપદેશ ન કરતો હોત. બેસી જા ભાઈ.'** મહમદ હુસેન લજ્જિત થઈને ચુપ થઈ ગયો. આ સાંભળીને મિયાં ફૈજુલ્લાખાન પણ અંદરથી સ્વામીજીના ઘોર વિરોધી થઈ ગયા. એક દિવસ વાર્તાલાપ દરમિયાન તેમણે સ્વામીજીને કહ્યું : 'અત્યારે જો મુસલમાનોની હકૂમત હોત તો તમે આવું ભાષણ ન આપી શક્યા હોત અને તમને જીવતાં પણ ન છોડ્યા હોત.' આ સાંભળીને સ્વામીજીએ કહ્યું : **'ખાન સાહેબ, જો એવો અવસર આવ્યો હોત તો હું પણ કંઈ થરથરી ન જાત અને ચુપચાપ બેસી ન રહેત. જો કોઈ ઔરંગઝેબી શાસનમાં મને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોત તો હું પણ શિવાજી, દુર્ગાદાસ કે રાજસિંહ જેવા કોઈ વીર રાજપૂતની પીઠ થાબડી દેત અને તેમને એવું શૂરાતન ચડાવત કે મુસલમાનોના હોશ ઊડી જાત.'** ક્રોધે ભરાયેલા ખાન સાહેબ ચુપ થઈ ગયા.

સ્વામીજી વહેલી સવારના અંધારામાં જંગલમાં ફરવા જતા. ત્યાં હિંસક પશુઓ હોવાથી રાવરાજા તેજસિંહે તેમના રક્ષણ માટે એક અંગરક્ષકને તેમની સાથે રહેવા આદેશ આપ્યો. પરંતુ સ્વામીજીએ તેનો અસ્વીકાર કરતાં કહ્યું :

'ઈશ્વર જ મારો રક્ષક છે, કોઈ અંગરક્ષકની જરૂર નથી.' સ્વામીજી ભરી સભામાં વેશ્યાગમનના દોષો બતાવતા હતા અને વેશ્યાગામીઓને કઠોર શબ્દોમાં ફટકારતા હતા. તેઓ પોતાનાં ભાષણોમાં ક્ષત્રિયોને સિંહ સમાન અને વેશ્યાઓને કૂતરીઓ સમાન ગણાવતા હતા. સ્વામીજીએ જોધપુરનરેશના નાના ભાઈ કર્નલ પ્રતાપસિંહને એક અંગત પત્ર લખીને મહારાજા જશવંતસિંહનાં આળસ, વિલાસિતા વગેરે દુર્ગુણો પર ભારે શોક વ્યક્ત કર્યો હતો. એક પ્રસંગે સ્વામીજીએ કહ્યું : **'હિંદુ રાજાઓના દુરાચારોના કારણે તેમનાં રાજ્યો તો ક્યારનાય નાશ પામ્યાં હોત. પરંતુ જે કાંઈ બચ્યાં છે એ તેમની રાણીઓના પતિવ્રત ધર્મને કારણે જ બચ્યાં છે. બાકી રાજાઓનાં કુકર્મ તો એવાં છે કે તેમનાં વહાણ તો ક્યારનાય ડૂબી ગયાં હોત.'**

ષડ્યંત્ર : સ્વામીજીને ઝેર અપાયું

નન્હી ભક્તન નામની મહિલા મહારાજા જશવંતસિંહની અત્યંત પ્રિય રખાત (વેશ્યા કે નર્તકી) હતી. તેણે મહારાજાને વશમાં કરી લીધા હતા અને તેનાથી રાજ્યના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ડરતા હતા. એમ કહી શકાય કે રાજકાજમાં આ બાઈની સત્તા ચાલતી હતી. સ્વામીજીએ મહારાજાને કરેલા ઉપદેશથી અને પ્રતાપસિંહને પાઠવેલા પત્રથી તે સ્વામીજીની દુશ્મન બની ગઈ. તેને એ ડર સતાવતો હતો કે, ક્યાંય મહારાજા સ્વામીજીના ઉપદેશથી પ્રભાવિત થઈને મને પોતાનાથી દૂર ના કરી દે.

સ્વામીજીના કેટલાક જીવનચરિત્રકારોએ એક વિશેષ ઘટનાનું વર્ણન આ મુજબ કર્યું છે : સ્વામીજી જોધપુરનરેશના આમંત્રણ પર ફક્ત ત્રણ જ વાર રાજમહેલમાં ઉપદેશ આપવા ગયા હતા. પરંતુ એકવાર બન્યું એવું કે સ્વામીજી ત્યાં પહોંચ્યા ત્યારે નન્હી ભક્તન મહારાજા જશવંતસિંહ પાસે બેઠી હતી. મહારાજા સ્વામીજીને આવતાં જોઈ ગયા. આથી તેમણે સેવકોને નન્હી ભક્તનની પાલખી અહીંથી જલદી લઈ જવા હુકમ કર્યો અને પાલખી એક તરફ નમી જતાં તેમણે જાતે તેને ટેકો આપ્યો. સ્વામીજી આ દૃશ્ય જોઈ ગયા. તેમણે ત્યાં જ મહારાજા પર ક્રોધપૂર્વક ફિટકાર વરસાવતાં કહ્યું : **'જોધપુરનરેશની આ દશા ! રાજન્, કેસરી સિંહની ગુફામાં કૂતરીઓ દાખલ થઈ ગઈ !'** કેટલાક જીવનચરિત્રકારો આ ઘટનાને લોકવાયકા માને છે. પરંતુ જે હોય તે, આવા પ્રસંગોથી નન્હી ભક્તનને એ ડર જરૂર સતાવવા લાગ્યો હતો કે, મહારાજા મને છોડી દેશે. આથી તેણે સ્વામીજીના પ્રાણહરણ માટે ષડ્યંત્ર રચવા માંડ્યું. ધીરે ધીરે જોધપુરનું વાતાવરણ સ્વામીજીના વિરોધમાં વધુ ને વધુ ઝેરીલું થવા માંડ્યું

અને ષડ્યંત્રકારીઓ સક્રિય થઈ ગયા. અહીંના કેટલાક આચાર્યો અને ધર્મગુરુઓ પણ સ્વામીજીના ધર્માંદોલનથી નારાજ હતા. મિયાં ફૈજુલ્લાખાન પણ પહેલેથી જ ક્રોધાગ્નિમાં સળગી રહ્યો હતો. આ ઉપરાંત સામ્રાજ્યવાદી અંગ્રેજ સરકારને પણ સ્વાધીનતા માટે ભારતીયોને સતત પ્રેરિત કરનાર દયાનંદ આંખમાં કણાની માફક ખૂંચતા હતા. સ્વામીજી દ્વારા કરવામાં આવતા અંધવિશ્વાસો, કુરિવાજો, સૃષ્ટિક્રમ-વિરુદ્ધ અવૈજ્ઞાનિક માન્યતાઓ, સંકીર્ણ સાંપ્રદાયિક જડતાઓ, પાખંડો અને વિદેશી શાસનના વિરોધને લીધે તેમનાં આ બધાં જ વિરોધી તત્ત્વો દ્વારા ઘડવામાં આવેલા એક ભયંકર ષડ્યંત્ર અંતર્ગત તેમને ૨૯ સપ્ટેંબર ૧૮૮૩ના રોજ રાતે દૂધમાં ઝેર આપવામાં આવ્યું. આ ઝેર તેમના પોતાના જ રસોઈયાએ આપ્યું, જેનું નામ ધૌડમિશ્ર હતું. સ્વામીજીનાં કેટલાંક જીવનચરિત્રોમાં એવું વર્ણન આવે છે તે વિષદાતા સેવકનું નામ જગન્નાથ હતું, જેને સ્વામીજીએ ક્ષમાદાન કરીને ત્યાંથી ભગાડી મૂક્યો હતો.

ક્રાંતિસૂર્ય બૂઝાયો

બીજે દિવસે એટલે કે ૩૦ સપ્ટેંબરે સવારે ડૉ. સૂરજમલને બોલાવ્યા. તેમણે સ્વામીજીનો ઉપચાર શરૂ કર્યો. પરંતુ એ જ દિવસે સાંજે પ્રતાપસિંહે ડૉ. અલીમર્દાનખાનને સ્વામીજીની ચિકિત્સા કરવા મોકલી આપ્યા. આ ત્રીજી શ્રેણીનો આસિસ્ટંટ ડૉક્ટર હતો અને પ્રથમ શ્રેણીનો ખુશામત કરનાર અને કપટી હતો. જોધપુરમાં લગભગ સોળ દિવસ સુધી ડૉ. અલીમર્દાનખાન દ્વારા કરવામાં આવેલી ચિકિત્સા ખૂબ જ સંદેહાસ્પદ જણાઈ. જેમ જેમ ઉપચાર કરવામાં આવ્યો તેમ તેમ સ્વામીજીની સ્થિતિમાં સુધારો થવાને બદલે સતત બગાડ જ થતો ગયો. મહાકાય અને મહાબલી દયાનંદનો દેહ સાવ નિઃસત્ત્વ અને મૃતઃપ્રાય થઈ ગયો. પરિસ્થિતિની ગંભીરતા પામીને ડૉ. અલીમર્દાનખાને જોધપુરના રેસિડેન્સી ડૉક્ટર એડમ સાથે મસલત કરીને સ્વામીજીને આબુ પર્વત પર ઠંડા વાતાવરણમાં લઈ જવા જોઈએ એવી યુક્તિપૂર્વકની સલાહ આપી. આથી સ્વામીજીને આબુ પર્વત પર લઈ જવામાં આવ્યા. આ યાત્રા સ્વામીજી માટે અત્યંત કષ્ટદાયક રહી. આબુ પર્વત પર સ્વામીજીને લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં ડૉ. લક્ષ્મણદાસ મળ્યા. આ પંજાબી ડૉક્ટરની આબુ પર્વત પરથી અજમેર બદલી થઈ હોવાથી તેઓ ઘોડા પર બેસી પર્વત પરથી નીચે ઊતરી રહ્યા હતા. તેમણે રસ્તામાં જ સ્વામીજીને થોડી દવા આપી અને પોતે પાછા પર્વત પર આવ્યા અને સ્વામીજીની ચિકિત્સા કરવા માંડ્યા. આથી સ્વામીજીના સ્વાસ્થ્યમાં થોડો સુધારો જણાયો. પરંતુ અંગ્રેજ મેડિકલ ઑફિસર ડૉ. સ્પેન્સરે ડૉ. લક્ષ્મણદાસને

તાત્કાલિક અજમેર જવા આદેશ કર્યો. ડૉ. લક્ષ્મણદાસે બે મહિનાની રજા મંજૂર કરવા વિનંતી કરી પણ તેનો અસ્વીકાર થયો. તેમણે રાજીનામું લખી નાખ્યું પણ સ્વામીજીએ ફાડી નાખ્યું. તેઓ પોતાના કારણે અન્યને કષ્ટ પહોંચે એવું ઇચ્છતા નહોતા. છેવટે ડૉ. લક્ષ્મણદાસ હતાશ થઈ ગયા અને અજમેર ચાલ્યા અને સ્વામીજીને પણ જલદી અજમેર લઈ આવવા કહ્યું કે જેથી તેઓ તેમની સારવાર કરી શકે. આબુ પર્વત પર હવે ડૉ. સ્પેન્સરે સ્વામીજીની ચિકિત્સા કરી, પરંતુ એથી સ્વામીજીને કોઈ લાભ ન થયો. આથી ભક્તોએ નક્કી કર્યું કે તેમને અજમેર ખસેડવા. આથી સ્વામીજીને અજમેર લઈ જવાયા. ૨૭ ઑક્ટોબરે સાંજે ચાર વાગ્યે ટ્રેન અજમેર સ્ટેશન પર પહોંચી ત્યારે સ્વામીજી લગભગ મૂર્છિત અવસ્થામાં જ હતા. ડૉ. લક્ષ્મણદાસે તરત જ સારવાર શરૂ કરી, પરંતુ હવે બહુ મોડું થઈ ગયું હતું. અજમેરના સિવિલ સર્જન ડૉ. ન્યૂમેનને પણ બોલાવવામાં આવ્યા. તેમણે ડૉ. લક્ષ્મણદાસનના નિદાનનું સમર્થન કર્યું અને આવા દારુણ દુઃખ વચ્ચે સ્વામીજીની ધીરજ, આત્મબળ અને સહિષ્ણુતા જોઈને તેઓ દંગ રહી ગયા. આમ ઝેર આપ્યા બાદ એક મહિના જેવી ચિકિત્સા ચાલી. અજમેરના ભિનાય બંગલામાં વર્તમાન યુગના મહર્ષિ પોતાના જીવનના અંતિમ શ્વાસો સાથે સંઘર્ષ કરી રહ્યા છે. સંવત ૧૯૪૦ની દિવાળી અને તદનુસાર ૩૦ ઑક્ટોબર ૧૮૮૩નો દિવસ છે. સ્વામીજીએ કહ્યું : **'આ મારો અંત સમય છે, માટે હવે ઉપચાર છોડી દો.'** સ્વામીજીએ હજામત કરાવી અને સ્નાન કરવાની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ ભક્તોએ કહ્યું કે, આ સ્થિતિમાં સ્નાન કરવું ઠીક નથી. આથી ભીના કરેલા વસ્ત્રથી તેમના શરીરને લૂછવામાં આવ્યું. આથી શરીર પરનાં છાલાં ફૂટી નીકળ્યાં અને તેમાંથી રક્ત વહેવા લાગ્યું. સ્વામીજીએ કહ્યું : 'આજે મનગમતું ભોજન બનાવો.' પરંતુ સ્વામીજી આગળ જ્યારે ભોજનનો થાળ લાવવામાં આવ્યો ત્યારે તેમણે માત્ર તેની પર દૃષ્ટિપાત કરીને એ લઈ જવા કહ્યું. આખરે ભક્તોના આગ્રહથી એક ચમચો ચણાનો રસ લીધો. એક ભક્તે પૂછ્યું : 'ભગવન્, આપને હવે કેમ છે ?' સ્વામીજીએ કહ્યું : **'સારું છે, એક મહિના પછી આરામનો દિવસ આવ્યો છે.'** લાલા જીવનદાસે પૂછ્યું : 'મહારાજ, આપ ક્યાં છો ?' સ્વામીજીએ કહ્યું : **'ઈશ્વરેચ્છામાં.'** સાંજના પાંચ વાગ્યા. એક ભક્તે પૂછ્યું : 'મહારાજ, અત્યારે આપને કેમ છે ? સ્વામીજીએ કહ્યું : **'ઠીક છે, તેજ અને અંધકારનો ભાવ છે.'** સ્વામીજીએ સૌ આગંતુકો તથા શિષ્યોને પોતાની પાછળ ઊભા રહેવા કહ્યું અને ભવનના બારી-બારણાં તથા રોશનદાન ખોલાવી નાખ્યાં. પછી પૂછ્યું : 'આજે ક્યો પક્ષ છે ? કઈ તિથિ છે ? ક્યો વાર છે ?' આ સાંભળીને એક ભક્તે જણાવ્યું : 'મહારાજ ! આજે કૃષ્ણ પક્ષનો અંત - અમાવસ્યા

અને મંગળવાર છે.' આ સાંભળીને સ્વામીજીએ ચારે તરફ દૃષ્ટિપાત કર્યો અને વેદમંત્રોનો ગંભીર ધ્વનિથી પાઠ શરૂ કર્યો. પછી સંસ્કૃત ભાષામાં પરમાત્માની સ્તુતિ કરી અને હિંદીમાં પરમાત્માનું સ્તવન કર્યું. પછી ગાયત્રી મંત્ર અને તેમને યજુર્વેદનો જે અતિ પ્રિય મંત્ર હતો તે **'વિશ્વાનિ દેવ...'**નું અત્યંત ગંભીર સ્વરે ઉચ્ચારણ કર્યું. ઘડીભર સમાધિમાં નિશ્ચલ રહ્યા. પછી આંખો ઉઘાડી પોતાના જીવનના અંતિમ ઉદ્ગારો વ્યક્ત કરતાં કહ્યું : **'હે દયામય ! સર્વશક્તિમાન પરમેશ્વર ! તારી આ જ ઇચ્છા છે. તારી આ જ ઇચ્છા છે. તારી ઇચ્છા પૂરી થાઓ. અહા ! તેં સરસ લીલા કરી.'** આટલા શબ્દોનું ઉચ્ચારણ કરીને પથારીમાં પડખું ફર્યા અને પ્રણવનાદ સાથે હંમેશને માટે ચિરનિદ્રામાં પોઢી ગયા. ટંકારાના સપૂત મૂળશંકરે મહર્ષિ દયાનંદ રૂપે અહીં અજમેરમાં દેહ છોડ્યો. મહર્ષિની માનવલીલા પૂરી થઈ. લાહોર આર્યસમાજથી આવેલા ગુરુદત્ત વિદ્યાર્થીને ઈશ્વરની સત્તામાં વિશ્વાસ ન હતો. પરંતુ સ્વામીજીના આ અદ્ભુત મહાપ્રયાણને જોઈને તેઓ સદાને માટે દૃઢ આસ્તિક થઈ ગયા અને તેમણે સ્વામીજીના મિશન માટે પોતાનું પૂરું જીવન સમર્પિત કરી દીધું. બીજા દિવસે એટલે કે ૩૧ ઑક્ટોબર ૧૮૮૩ના રોજ અજમેરના મલૂસર શ્મશાનમાં મહર્ષિના મૃત શરીરનો તેમણે લખેલા સંસ્કારવિધિ ગ્રંથ અનુસાર અન્ત્યેષ્ટિ સંસ્કાર કરવામાં આવ્યો. તેમનાં અસ્થિને એક બગીચામાં વિખેરી નાખવામાં આવ્યાં.

આજે સ્વામીજી આપણી વચ્ચે નથી, પરંતુ તેમનાં ગ્રંથો અને જીવનચરિત્રો વગેરેમાં તેમનું આર્ષ ચિંતન અને જીવનસંદેશ આજે પણ સુરક્ષિત છે. આ દૃષ્ટિએ તેઓ આજે પણ આપણી વચ્ચે જીવંત છે. આપણે તેમનાં ગ્રંથો તથા જીવનચરિત્રોનો સ્વાધ્યાય કરવાની તથા તેમના દ્વારા પ્રતિપાદિત વૈદિક સિદ્ધાંતો અને આદર્શોને ચરિતાર્થ કરીને સમસ્ત વિશ્વમાં તેનો પ્રચાર-પ્રસાર કરવાની જરૂર છે. તેમણે ચીંધેલા માર્ગે ચાલીને આપણે સ્વયંનું તેમ જ સમસ્ત સંસારનું ભલું કરી શકીએ છીએ. આર્યસમાજે પણ એ જોવાનું છે કે એ પોતાના મહાન પ્રવર્તકની ભાવના અને સ્વપ્ન અનુસાર **'કૃણ્વન્તો વિશ્વમ્ આર્યમ્'**નું ધ્યેય કેવી દક્ષતાથી પ્રાપ્ત કરે છે.

●●●

મહર્ષિ દયાનંદ

કોઈ પ્રભુ-ભક્ત તો છે, પરંતુ વિદ્વાન નથી.
કોઈ વિદ્વાન તો છે, પરંતુ યોગી નથી.
કોઈ યોગી તો છે, પરંતુ સુધારક નથી.
કોઈ સુધારક તો છે, પરંતુ બહાદુર નથી.
કોઈ બહાદુર તો છે, પરંતુ બ્રહ્મચારી નથી.
કોઈ બ્રહ્મચારી તો છે, પરંતુ વક્તા નથી.
કોઈ વક્તા તો છે, પરંતુ લેખક નથી.
કોઈ લેખક તો છે, પરંતુ સદાચારી નથી.
કોઈ સદાચારી તો છે, પરંતુ પરોપકારી નથી.
કોઈ પરોપકારી તો છે, પરંતુ કર્મઠ નથી.
કોઈ કર્મઠ તો છે, પરંતુ ત્યાગી નથી.
કોઈ ત્યાગી તો છે, પરંતુ દેશભક્ત નથી.
કોઈ દેશભક્ત તો છે, પરંતુ વેદભક્ત નથી.
કોઈ વેદભક્ત તો છે, પરંતુ ઉદાર નથી.
કોઈ ઉદાર તો છે, પરંતુ શુદ્ધાહારી નથી.
કોઈ શુદ્ધાહારી તો છે, પરંતુ યોદ્ધો નથી.
કોઈ યોદ્ધો તો છે, પરંતુ સરળ નથી.
કોઈ સરળ તો છે, પરંતુ સુંદર નથી.
કોઈ સુંદર તો છે, પરંતુ બળવાન નથી.
કોઈ બળવાન તો છે, પરંતુ દયાળુ નથી.
કોઈ દયાળુ તો છે, પરંતુ સંયમી નથી.

પરંતુ જો આપ ઉક્ત તમામ ગુણો કોઈ એક જ સ્થાને - કોઈ એક જ વ્યક્તિમાં - જોવા ઇચ્છતા હો, તો આપ મહર્ષિ દયાનંદને જુઓ - નિષ્પક્ષ ભાવે જુઓ.

- ઇતિહાસાચાર્ય શ્રી નિરંજનદેવ કેસરી

(સંદર્ભ ગ્રંથ : 'મહર્ષિ દયાનંદ - કાલ ઔર કૃતિત્વ', લેખક : ડૉ. કુશલદેવ શાસ્ત્રી, પાન ૪૨૭)